પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૧-૦૪-૨૦૨૫- સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૧૪ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# અમેરિકાના ઉપ-રાષ્ટ્રપતિ જેડી વેન્સનું ભારત આગમન

## ભારતીય મૂળના સેકન્ડ લેડી ઉષા વેન્સ તથા ત્રણ સંતાનો સાથે દિલ્હી પહોંચ્યા : અમેરિકાનું ઉચ્ચ કક્ષાનું પ્રતિનિધિ મંડળ પણ ભારત આવ્યું



**નવી દિલ્હી, તા. ૨૧**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે છેડેલી ટ્રેડવોર તથા ભારત પર પણ સર્જેલા દબાણ વચ્ચે આજે અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી.વેન્સ તેમના ભારતીય મૂળના પત્ની ઉષા વેન્સ સાથે સાથે ભારત આવી પહોંચ્યા છે અને ભારત અમેરિકા વચ્ચેના વ્યાપાર સહિતના ક્ષેત્રે આ મુલાકાત મહત્વની બની રહેશે.વેન્સ દંપતિ તેના ત્રણેય સંતાનો અને એક ઉચ્ચ પ્રતિનિધિમંડળ સાથે દિલ્હી પહોંચ્યા છે. તેઓ આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને વિદેશમંત્રી શ્રી એસ.જયશંકર સહિત દેશના ઉચ્ચ પદાધિકારીઓ સાથે દ્વીપક્ષી મંત્રણા યોજશેરાત્રીના વેન્સ દંપતિના સન્માનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ રાત્રી ભોજનનું આયોજન કર્યુ છે. શ્રી વેન્સ તેમના પરિવાર સાથે આજે પહેલા વિખ્યાત અક્ષરધામ મંદિરની મુલાકાત લેશે અને બાદમાં તેઓ તાજમહાલ નિહાળવા આગ્રા પણ જશે. બાદમાં તેઓ જયપુર જશે. ત્યાં પણ તેમના સ્વાગત માટે પરંપરાગત રાજસ્થાની રીતે ભવ્ય આયોજન કરાયુ છે. તેમાં તા.૨૪ના રોજ અમેરિકા પરત જવા રવાના થશે.શ્રી વેન્સની આ મુલાકાત સમયે બન્ને દેશો વચ્ચે વ્યાપાર સમજુતી મુખ્ય એજન્ડા હશે. આ ઉપરાંત તેમની સાથે અમેરિકી સંરક્ષણ વિભાગ પેન્ટાગોનના ઉચ્ચ અધિકારીઓ પણ ભારત આવ્યા છે.ત્યારે વિદેશ વિભાગ સાથેની બેઠકમાં વિદેશમંત્રી એસ.જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભલ અને વિદેશ સચીવ શ્રી વિક્રમ મિસ્ત્રી અને અમેરિકા ખાતેના ભારતના રાજદૂત મોહન કવાત્રા પણ જોડાશે. આજે સાંજે ૬ વાગ્યે તેઓ વડાપ્રધાન નિવાસે શ્રી મોદી સાથે મુલાકાત કરશે.શ્રી વાન્સ અમેરિકી ઉપરાષ્ટ્રપતિ માટેના એરફોર્સ ટુ- ખાસ વિમાન મારફત આવ્યા છે. તેમને વિમાની મથકે ગાર્ડ ઓફ ઓનર અપાયુ હતુ તથા પરંપરાગત ભારતીય નૃત્યો પણ દર્શાવાયા હતા તેમની આ પ્રથમ સતાવાર ભારત મુલાકાત છે.

# નેશનલ હેરાલ્ડ કેસ સંદર્ભમાં કોંગ્રેસનું રાષ્ટ્ર વ્યાપી આંદોલન

## કોંગ્રેસ ૫૭ શહેરોમાં ૫૭ પ્રેસ કોન્ફરન્સ કરશે

**નવી દિલ્હી, તા. ૨૧**

નેશનલ હેરાલ્ડ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની પહેલી ચાર્જશીટમાં સોનિયા-રાહુલના નામ સામેલ કરવાના વિરોધમાં કોંગ્રેસ આજે સોમવારથી દેશભરમાં પ્રેસ કોન્ફરન્સ કરશે. ૨૧ થી ૨૭ એપ્રિલ દરમિયાન ૫૭ શહેરોમાં ૫૭ પ્રેસ કોન્ફરન્સ યોજાશે. આ ઝુંબેશને 'કોંગ્રેસનું સત્ય, ભાજપનું જૂઠાણું' નામ આપવામાં આવ્યું છે. પાર્ટીએ કહ્યું કે આ સમય દરમિયાન ભાજપના જુઠ્ઠાણા સામે લાવવામાં આવશે.

રવિવારે 'ઠ' પર માહિતી આપતાં, કોંગ્રેસના મીડિયા અને પ્રચાર વિભાગના અધ્યક્ષ પવન ખેરાએ લખ્યું - વિજયવાડાથી વારાણસી, કાશ્મીરથી તિરુવનંતપુરમ સુધી, કોંગ્રેસના નેતાઓ ભાજપના જુઠ્ઠાણા અને સ્વતંત્રતા સંગ્રામના જીવંત સ્મારક 'નેશનલ હેરાલ્ડ'ને નષ્ટ કરવાના રાષ્ટ્રવિરોધી પ્રયાસોનો પર્દાફાશ કરવા માટે ભારતભરમાં ફેલાઈ રહ્યા છે.પવન ખેરાએ પ્રેસ કોન્ફરન્સ યોજનારા ૫૭ નેતાઓની યાદી પણ શેર કરી. તેમાં મણિકમ ટાગોર, ગૌરવ ગોગોઈ, પી ચિદમ્બરમ, સુપ્રિયા શ્રીનેત, અશોક ગેહલોત, શશિ થરૂર, પવન ખેરા, ભૂપેશ બઘેલ, કન્હૈયા કુમાર, રણદીપ સિંહ સુરજેવાલા, રાજીવ શુક્લા, અલકા લાંબા જેવા ઘણા મોટા નેતાઓના નામ સામેલ છે.

ખડગેએ કહ્યું- ચાર્જશીટમાં સોનિયા-રાહુલનું નામ ષડયંત્રનો ભાગ ૧૯ એપ્રિલે દિલ્હીમાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની અધ્યક્ષતામાં કોંગ્રેસના મહાસચિવો, રાજ્ય પ્રભારીઓ અને ફ્રન્ટલ

અનુસંધાન પાના ૭ પર

# વરરાજા સાથેના પરિવારને રાયસેન પાસે નડયો અકસ્માત : છનાં મોત

### ગમ્ખ્વાર વાહન દુર્ગટનામાં વરરાજા સહિત ત્રણ લોકો ઘવાયા

**રાઈઝન, તા. ૨૧**

મધ્યપ્રદેશના રાયસેન જિલ્લામાં સોમવારે સવારે એક મોટો અકસ્માત થયો હતો. અહીં એક પેસેન્જર વાહન બેકાબૂ થઈ ગયું, એક પુલ સાથે અથડાયું અને સૂકી ખાડામાં પડી ગયું. આ અકસ્માતમાં છ લોકોના મોત થયા છે, જ્યારે ત્રણ લોકો ઘાયલ થયા છે. હોસ્પિટલમાં ઈજાગ્રસ્તોની સારવાર ચાલુ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વરરાજા અને વરરાજા બંને પરિવારના સભ્યો સાથે પટનાથી ઈન્દોર જઈ રહ્યા હતા. વાહન જબલપુરથી ભોપાલ તરફ જઈ રહ્યું હતું, ત્યારે રાયસેન જિલ્લાના બમહોરી ધાબા પાસે વાહન કાબૂ બહાર નીકળી ગયું અને કલ્વર્ટ તોડીને ખાડામાં પડી ગયું. આ વાહનમાં નવ લોકો સવાર હતા જેમાંથી છ લોકોના મોત થયા છે. ત્રણ લોકો ઘાયલ થયા છે, જેમાં વરરાજા અને વરરાજાનો સમાવેશ થાય છે.

એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે ડ્રાઈવર ઊંઘી ગયો હશે અને આ અકસ્માત થયો હશે. પોલીસ અધિકારી પાસેથી મળેલી માહિતી મુજબ આ અકસ્માતમાં એક બાળક, બે મહિલા અને ત્રણ પુરૂષોના મોત થયા છે. અકસ્માતના કારણની તપાસ

અનુસંધાન પાના ૭ પર

# કુખ્યાત પ્રયાગ માંજી સહિત આઠ નકસલીઓ ઠાર મરાયા

### માઓવાદી પ્રયાગ માંજી પર સરકારે એક કરોડનું ઈનામ જાહેર કર્યું હતું

**બોકારો, તા. ૨૧**

બોકારો જિલ્લાના લાલપાનીના લુગુ પહાડી વિસ્તારમાં સુરક્ષા દળો અને પોલીસ સાથેની અથડામણમાં ૧ કરોડ રૂપિયાનું ઈનામ ધરાવતા માઓવાદી કમાન્ડર પ્રયાગ માંઝી સહિત આઠ નક્સલવાદીઓ માર્યા ગયા હતા. સોમવારે સવારે ૫.૩૦ વાગ્યાની આસપાસ શરૂ થયેલું એન્કાઉન્ટર સવારે ૧૦ વાગ્યે આ અહેવાલ લખાય છે ત્યાં સુધી ચાલુ હતું અને બંને તરફથી ગોળીબાર ચાલુ હતો. માર્યા ગયેલા નક્સલવાદીઓની સંખ્યા વધી શકે છે. એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા નક્સલવાદીઓમાંના એકની ઓળખ સીપીઆઈ (માઓવાદી) સંગઠનના કેન્દ્રીય સમિતિના સભ્ય પ્રયાગ માંઝી તરીકે થઈ હતી. રાજ્ય સરકારે તેના પર ૧ કરોડ રૂપિયાનું ઈનામ રાખ્યું હતું. તે નક્સલવાદી સંગઠનમાં વિવેક દા ઉર્ફે ફુચના ઉર્ફે નાગુ માંઝી ઉર્ફે કરણ દા તરીકે જાણીતો હતો. છેલ્લા કેટલાક મહિનાઓથી તે પારસનાથ ટેકરી અને ગિરિડીહની આસપાસના વિસ્તારોમાં સક્રિય હતો.

ઝારખંડ ઉપરાંત બિહાર, છત્તીસગઢથી લઈને ઓડિશા સુધી ૧૦૦ થી વધુ નક્સલવાદી ઘટનાઓમાં તેનું નામ સામે આવ્યું હતું. તે એકલા ગિરિડીહ જિલ્લામાં ૫૦ થી વધુ ઘટનાઓમાં વોન્ટેડ હતો. તે મૂળ ધનબાદ જિલ્લાના ટુંડીના દાલબુધાનો રહેવાસી હતો. સોમવારે સવારે સીઆરપીએફ દ્વારા જારી કરવામાં આવેલા

અનુસંધાન પાના ૭ પર

# ટેરિફની અનિશ્ચિતતાના કારણે કંપનીઓ છટણી શરૂ કરશે

### અમેરિકાની કંપનીઓએ છટણીની યોજના બનાવી

**ન્યુયોર્ક, તા. ૨૧**

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પારસ્પરિક ટેરિફથી શરૂ થયેલા વેપાર યુદ્ધે ઘણી કંપનીઓના ગણિત બગાડ્યા છે. ઘણી કંપનીઓ બજારમાં અનિશ્ચિતતા અને માંગ અંગે વધુને વધુ ચિંતિત થઈ રહી છે અને તેઓ તેનો સામનો કરવા માટે પોતાની યોજનાઓ બનાવી રહી છે.

આ ક્રમમાં કારથી લઈને ટ્રક સુધી બધું જ બનાવતી દિગ્ગજ વોલ્વો ગ્રુપે સેંકડો કર્મચારીઓને છૂટા કરવાની તૈયારી કરી લીધી છે છટણી કરવા માટેના ૮૦૦ લોકોની યાદી તૈયાર કરવામાં આવી છે.વોલ્વો ગ્રુપે માહિતી શેર કરી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફથી બજારમાં અનિશ્ચિતતા વધી છે અને માંગ પર તેની સીધી અસર થવાની ચિંતાને કારણે ઘણી કંપનીઓ મૂંઝવણમાં છે.આવી સ્થિતિમાં વોલ્વો ગ્રુપે આગામી ૩ મહિનામાં તેના અમેરિકન પ્લાન્ટમાંથી ૮૦૦ થી વધુ કર્મચારીઓને છટણી કરવાની યોજના બનાવી છે.

# રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં કાળઝાળ ગરમી : ચંદ્રપુરમાં ૪૪.૬ ડીગ્રી

## જમ્મુ-કાશ્મીર સહિત ૨૩ રાજ્યોમાં વાવાઝોડા સાથે વરસાદની આગાહી

**નવી દિલ્હી, તા. ૨૧**

દેશભરમાં ગરમીનો પ્રકોપ ચાલુ છે. રવિવારે મહારાષ્ટ્રનો ચંદ્રપુર જિલ્લો ૪૪.૬ ડિગ્રી સાથે દેશમાં સૌથી ગરમ રહ્યો હતો. રાજસ્થાનમાં રવિવારે સતત બીજા દિવસે તાપમાનમાં ઘટાડો જોવા મળ્યો. પરંતુ આગામી ૨ દિવસ સુધી હીટવેવ રહેવાની આગાહી છે.

રવિવારે મધ્યપ્રદેશના સીધીમાં તાપમાનનો પારો ૪૪ ડિગ્રીને પાર કરી ગયો હતો, જ્યારે ૪૦ શહેરો એવા હતા જ્યાં તાપમાન ૪૦ ડિગ્રી કે તેથી વધુ હતું. જ્યારે આસામ, મેઘાલય, મિઝોરમ અને અરુણાચલ પ્રદેશ ભારે વરસાદ પડ્યો. હવામાન વિભાગે સોમવારે ૨૩ રાજ્યોમાં વાવાઝોડાની ચેતવણી જાહેર કરી છે.

છત્તીસગઢ, ઓડિશા અને પશ્ચિમ બંગાળ સહિત દેશના ઉત્તર-પૂર્વ રાજ્યોમાં વાવાઝોડાની શક્યતા છે. જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં પવનની ગતિ ૬૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે.

રવિવારે જમ્મુ-કાશ્મીરના રામબનમાં વાદળ ફાટવાથી ત્રણ લોકોના મોત થયા હતા. લગભગ ૨૦૦ ઘરોને નુકસાન થયું હતું. આ ઉપરાંત ઉધમપુરમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૪ બંધ કરવામાં આવ્યો હતો. કાશ્મીર ખીણની શાળાઓ એક દિવસ માટે બંધ કરવામાં આવી છે. હવામાન વિભાગનો અંદાજ છે કે જમ્મુ અને કાશ્મીરમાં આજે પણ આ પ્રકારનું હવામાન રહી શકે છે.રવિવારે રાજસ્થાનમાં સતત બીજા દિવસે તાપમાનમાં ઘટાડો જોવા મળ્યો. આવી સ્થિતિમાં લોકોને કાળઝાળ ગરમીથી રાહત મળી. અહીં, ૨૩ એપ્રિલે જેસલમેર, બાડમેર, બુંદી અને કોટામાં ગરમીનું એલર્ટ છે. ચુરુ રાજ્યનું સૌથી ગરમ શહેર હતું. અહીં મહત્તમ તાપમાન ૪૨.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકાના પ્રવાસે જતા ભારતીય લોકોની સંખ્યામાં ૯ ટકાનો ઘટાડો

### ટ્રમ્પની નિતીના કારણે અમેરિકાના પ્રવાસન ઉદ્યોગને મોટો ફટકો

**નવી દિલ્હી, તા. ૨૧**

અમેરિકાને ફરી મહાન બનાવવા માટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શરૂ કરેલી ઈમીગ્રેશનથી લઈને ગેરકાનુની સલામતીઓ સામેની ઝુંબેશ તથા સ્થાનક સ્તરે પણ છટણી વિ.થી અમેરિકનો ગુસ્સામાં છે અને આ દેશમાં લાખો લોકો સડક પર ઉતરી આવ્યા છે.

ટેરીફ વોરના કારણે તથા આંતરિક અનિશ્ચિતતાથી તો અમેરિકી અર્થતંત્રને નુકશાન થશે તે નિશ્ચિત છે તેની સાથે અમેરિકા ટુરીઝમ અને વિદેશીઓના ટુંકા સમય માટે આગમનથી પણ હોટેલ-રેસ્ટોરા મનોરંજન પ્રવાસન સહિતના ક્ષેત્રોને ટોનિક મળે છે તે પણ હવે કેટલુ મળશે તે અનિશ્ચિત છે.

ભારતીયોમાં એક વિશાળ વર્ગ એવો છે. જેમના સગાસંબંધી પરિવાર વિ. અમેરિકામાં રહે છે. તેઓ મળવા માટે ઉનાળાનો સમય પસંદ કરે છે. ઉપરાંત ભારતની ટુરીસ્ટ તરીકે પણ અમેરિકા પસંદ છે પણ હવે અમેરિકામાં હોમલેન્ડ સિક્યોરિટીના અધિકારીઓને પણ

અનુસંધાન પાના ૭ પર

# ભારતીય ચૂંટણી પંચે સમાધાન કરી લીધું :રાહુલ ગાંધીનું નિવેદન

### અમેરિકાની બોસ્ટન યુનિ.માં વિદ્યાર્થી સમક્ષ વિપક્ષના નેતાનો આરોપો

**નવી દિલ્હી, તા. ૨૧**

કોંગ્રેસના વરિષ્ઠ તથા લોકસભામાં વિપક્ષના નેતાનું સ્થાન ધરાવતા રાહુલ ગાંધીએ તેમની વધુ એક વિદેશયાત્રામાં વિવાદ સર્જ્યો છે. બે દિવસની અમેરિકા મુલાકાતે પહોંચેલા રાહુલ ગાંધીએ બોસ્ટનની બ્રાઉન યુનિ.માં ભારતના ચુંટણી પંચની તટસ્થતા સામે પ્રશ્ન ઉઠાવ્યા હતા અને મહારાષ્ટ્રમાં મતદાન બંધ થયા બાદ પણ ૬૫ લાખથી વધુ લોકોએ મતદાન કર્યુ.

તે મુદો ફરી ઉઠાવીને કહ્યું કે, ભારતના ચુંટણી પંચે 'સમાધાન' કરી લીધુ છે. શ્રી ગાંધીએ અહી વિદ્યાર્થીઓ સમક્ષ કહ્યું છે. ૫.૩૦ થી ૬.૩૦ વચ્ચે



૬૫ લાખ મતો પડયા જે અશકય છે. જો એક મતદારને મત આપવામાં ૩ મીનીટ ગણીએ તો પણ રાત્રીના ૨ વાગ્યા સુધી મતદાન થયું જોઈતું હતું પણ તેમ થયું નથી.ઘરઆંગણે નેશનલ હેરલ્ડ સહિતના મુદે ઘેરાયેલા રાહુલ ગાંધીએ એવો પણ આક્ષેપ કર્યો કે મતદાન પ્રક્રિયાની વિડીયોગ્રાફી થઈ નથી તે ખુદ ચુંટણીપંચે અમોને કહ્યું છે. તેઓએ હવે કાનૂન પણ બદલી નાખ્યો છે કે આ પ્રકારે વિડીયોગ્રાફી થઈ શકે નહી. આથી એ સ્પષ્ટ થાય

અનુસંધાન પાના ૭ પર

# મહિલાઓ ખુલ્લા પગે દેખાતા પવન કલ્યાણે ચપ્પલ મોકલી

### ગામડાની ગરીબ મહિલાઓને ૩૫૦ જોડી ચપ્પલનું વિતરણ

**નવી દિલ્હી, તા. ૨૧**

આંધ્ર પ્રદેશના નાયબ મુખ્ય પ્રધાન અને જનસેના પાર્ટીના અધ્યક્ષ પવન કલ્યાણ તાજેતરમાં અરાકુ અને ડુમ્બ્રિગુડા વિસ્તારની બે દિવસની મુલાકાતે હતા ત્યારે તેમને મળવા આવેલી પંગી મીઠુ નામની વૃદ્ધ મહિલા સહિત ગામની મોટા ભાગની મહિલાઓ ખુલ્લા પગે ફરતી હતી.આ જોઈને તેઓ ખૂબ જ વ્યથિત થયા હતા અને તેમણે ગામમાં રહેતા તમામ લોકોના પગની સાઈઝ મગાવ્યા બાદ બધા માટે ચપ્પલ મોકલ્યાં હતાં. પવન કલ્યાણની ઑફિસના સ્ટાફે ૩૫૦ લોકો માટે તેમનાં માપનાં ચપ્પલ મોકલ્યાં હતાં અને વિતરણની વ્યવસ્થા કરી હતી.ડુમ્બ્રિગુડા મંડળના પેડાપાડુ ગામના તમામ રહેવાસીઓ ચંપલ મેળવ્યા બાદ ખુશખુશાલ જોવા મળ્યા હતા. તેમણે આ માટે પવન કલ્યાણનો આભાર માન્યો હતો, ખુશીથી જણાવ્યું હતું કે 'અમારા નેતાએ અમારી મુશ્કેલી સમજી છે. અહીં ઘણા નેતાઓ આવ્યા છે પણ કોઈને અમારી મુશ્કેલી સમજાઈ નહોતી. તેમણે અમારા સંઘર્ષને જોયો અને અમારી મુશ્કેલીને સમજી છે. અમે તેમને ધન્યવાદ આપીએ છીએ.'

# મહારાષ્ટ્ર રાજ્યમાં હિન્દી ભાષા થોપવામાં આવશે નહીં : ફડણવીશ

### મહારાષ્ટ્રમાં મરાઠીને પ્રાથમિકતા અપાશે : મુખ્યમંત્રી

**મુંબઈ, તા. ૨૧**

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે રાજ્ય પર હિન્દી ભાષા લાદવામાં આવી રહી નથી. આપણે એ સમજવાની જરૂર છે કે મરાઠીને બદલે હિન્દી ફરજિયાત બનાવવામાં આવી નથી. મરાઠી ભાષા ફરજિયાત છે.

તેમણે કહ્યું- નવી શિક્ષણ નીતિમાં જણાવાયું છે કે વિદ્યાર્થીઓને શીખવવામાં આવતી ત્રણ ભાષાઓમાંથી બે ભારતીય ભાષાઓ હોવી જોઈએ. નવી શિક્ષણ નીતિએ ત્રણ ભાષાઓ શીખવાની તક પૂરી પાડી છે. ભાષા શીખવી મહત્વપૂર્ણ છે.મણે કહ્યું કે નિયમ કહે છે કે આ ત્રણ ભાષાઓમાંથી બે ભારતીય હોવી જોઈએ. મરાઠી ભાષાને પહેલાથી જ ફરજિયાત બનાવવામાં આવી રહી છે. તમે હિન્દી,



તમિલ, મલયાલમ કે ગુજરાતી સિવાય બીજી કોઈ ભાષા લઈ શકતા નથી. આ દરમિયાન, મહારાષ્ટ્ર સરકારની ભાષા સલાહકાર સમિતિએ રવિવારે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે હિન્દીને ફરજિયાત ત્રીજી ભાષા બનાવવાના નિર્ણયને પાછો ખેંચવા વિનંતી કરી.

હકીકતમાં મહારાષ્ટ્રના વિરોધ પક્ષો, ખાસ કરીને શિવસેના (UBT) અને MNS એ આરોપ લગાવ્યો

અનુસંધાન પાના ૭ પર



## કલેક્ટરની સંકલન બેઠકમાં ચર્ચા

# ખંડણીખોરોના કારણે મીડિયા જગતની છબી ખરાબ થઈ છે

**અખબારોના રજીસ્ટ્રેશન રદ કરવાની ધારાસભ્ય દ્વારા રજૂઆત**

સુરત, તા.૨૧

સુરત જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષતામાં જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં મળી હતી. બેઠકમાં જનપ્રતિનિધિઓની રજૂઆતોનો સમયમર્યાદામાં નિકાલ કરવા કલેક્ટરશ્રીએ સંબધિત અધિકારીઓને સૂચના આપી હતી. બેઠકમાં ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણાએ રજૂઆત કરતા જણાવ્યું હતું કે, અખબારી ધર્મ ભૂલીને બની બેઠેલા કહેવાતા સેંકડો પત્રકારો ઉદ્યોગકારો, વ્યાપારીઓ, આમલોકોને ધાકધમકી આપીને ખંડણી ઉઘરાવી રહ્યા છે. આવા પત્રકારોના કારણે મીડિયા જગતની છબી ખરાબ થઈ રહી છે તેમજ સમાજ અને સરકાર વચ્ચે જનજાગૃત્તિનો સેતુ બનનાર સાચા પત્રકારોને સહન કરવું પડે છે એમ જણાવી પત્રકારત્વના નામે ઉઘરાણું કરતા અસામાજિક તત્વો સામે કડક હાથે કાર્યવાહી કરવા જણાવ્યું હતું. જે સંદર્ભે પોલીસ અધિકારીએ તાજેતરમાં લેવામાં આવેલા પગલાઓની વિગતો આપી હતી. ધારાસભ્યશ્રીએ પત્રકારોના અખબારના રજિસ્ટ્રેશન રદ કરવા સહિતની નક્કર કાર્યવાહી કરવા રજૂઆત કરી હતી. ધારાસભ્યશ્રી મનુભાઈ પટેલે સાઉથ ઝોન (ઉધના)માં પાંડેસરાની અંબિકાનગર સોસાયટીમાં આંતરિક રસ્તાઓ બનાવવા માટે આ સોસાયટીએ મનપામાં અરજી કરી છે, જે અંગે આ અંબિકાનગરને રસ્તાની સુવિધા આપવા અંગે રજૂઆત કરી હતી. મેયરશ્રી દક્ષેશ માવાણીએ કતારગામના સિંગણપોર તાપી નદીના પાળા પર ગેરકાયદેસર ઝુંપડાઓના દબાણો હટાવવા રજૂઆત કરી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી શિવાની ગોયલ, ડીસીપી(ક્રાઈમ બ્રાન્ચ) ભાવેશ રોજિયા તથા પ્રાંત અધિકારીઓ, તમામ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# તા.૨૪મીએ કોસાડ, છાપરાભાઠા તથા અમરોલીમાં પાણી આવશે નહીં

**પાણીની ટાંકીની સફાઈ તથા પાઈપ લાઈનનું સમારકામ હાથ ધરાશે**

સુરત, તા.૨૧

નોર્થ ઝોન (કતારગામ)ના કોસાડ, છાપરાભાઠા તથા અમરોલી વિસ્તારમાં પાણી પુરવઠો બંધ રહેવા/ ઓછા પ્રેશરથી મળવા અંગેની અગત્યની જાહેરાત સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હંમેશ કટીબધ્ધ રહેલ છે. જે અન્વયે સુરત મહાનગરપાલિકાનો હાઈડ્રોલિક વિભાગ, સુરત શહેરમાં સમાવિષ્ટ વિસ્તારમાં નિયત સમય મર્યાદામાં, પુરતા જથ્થામાં તેમજ ગુણવત્તા સાથે પાણી પુરવઠો પુરો પાડવા હંમેશા પ્રયત્નશીલ રહે છે. તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ કોસાડ વિસ્તાર ખાતે આવેલ ઓવરહેડ ટાંકી ESR E-4 ની બાયપાસ નળીકા પર મરામત-નિભાવની કામગીરી તેમજ E-POINT જળ વિતરણમથક ખાતેની ૧૩૯ લાખ લિટર ક્ષમતાની અન્ડરગ્રાઉન્ડ ટાંકી (UGSR) સફાઈની કામગીરી હાથ ધરવામાં આવનાર હોય, જે કામગીરીના આયોજને તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ સંલગ્ન ટાંકીઓ જેવી

અનુસંધાન પાના ૭ પર

# આરોગ્ય વિભાગ દ્વારા આઈસ ગોળાની દુકાનોમાં તપાસ કરાઈ

**૧૮ દુકાનોમાંથી સેમ્પલો મેળવવામાં આવ્યાં**

સુરત, તા.૨૧

આરોગ્ય અધિકારીશ્રીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ પ્રિમોંસુન કામગીરીને ધ્યાનમાં લઈ સુરત શહેર વિસ્તારમાં આવેલ સંસ્થાઓની તા.૦૩/૦૪/૨૦૨૫ નાં રોજ ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સ્થળ તપાસ કરી કુલ–૧૩ સંસ્થાઓમાંથી આઈસ ડીશ, આઈસ ગોળા અને ક્રીમના કુલ–૧૮ નમૂનાઓ લઈ પૃથ્થકરણ સારૂં પબ્લીક હેલ્થ લેબોરેટરી, સુરત મહાનગરપાલિકા ખાતે મોકલી આપવામાં આવેલ હતા, જે પૈકીનાં કુલ-૦૪ નમુનાઓ ધારા ધોરણ મુજબના માલુમ પડેલ નથી, જેથી નીચે જણાવેલ સંસ્થા/ઈસમો સામે એડજયુડીકેટીંગ ઓફિસર/મ્યુનિસિપાલ કોર્ટ સમક્ષ ફરીયાદ દાખલ કરવામાં આવશે. વધુમાં સદર સંસ્થાઓમાંથી આશરે ૩૫ કિ.ગ્રા./લિટર સીરપ અને ક્રીમનો નાશ કરવામાં આવેલ છે.



# રેસીન દ્વારા સુરતમાં પ્રથમ-એવર ફ્લેગશિપ સ્ટોરનો શુભારંભ

**અભિનેત્રી નીતાંશી ગોયલે બ્રાન્ડ આઉટલેટ શૈલીમાં પદાર્પણ કર્યું**

સુરત, તા.૨૧

ભારતની સૌથી ઝડપથી વિકસતી સમકાલીન એથનિક અને ફ્યુઝન વેર બ્રાન્ડ્સમાંની એક રેસીન દ્વારા સુરતમાં તેના પ્રથમ એક્સક્લુઝિવ બ્રાન્ડ આઉટલેટ ના ભવ્ય રીતે શરૂઆત કરવામાં આવી છે. અભિનેત્રી નીતાંશી ગોયલે સ્ટોરનું ઉદ્ઘાટન કર્યું હતું.

આધુનિક ડિઝાઈન માટે જાણીતું રેસીન નો નવો ફ્લેગશિપ સ્ટોર તેના વિઝનનું ભૌતિક સંભારણું છે. એક ઈમર્સિવ રિટેલ સ્પેસ જે બ્રાન્ડની ઐતિહાસિક ક્ષણમાં લાવણ્ય, આરામ અને સમકાલીન એથનિક ફેશન ટચને મિશ્રિત કરે છે. આ અવસરે રેસીન ના કો-ફાઉન્ડર વિકાસ પચેરીવાલે કહ્યું હતું કે "સુરતમાં અમારું પ્રથમ એક્સક્લુઝિવ બ્રાન્ડ આઉટલેટ શરૂ કરવું તે એક ગર્વની અને ભાવનાત્મક ક્ષણ છે, આ સ્ટોર રૈસીન માટે જે છે તે બધું રજૂ કરે છે, અને નીતાંશી અમારી સાથે જોડાઈને તે સપનાને વાસ્તવિકતામાં ફેરવવાની ઉજવણી કરે છે." સુરત સ્ટોરના ફ્રેન્ચાઈઝ પાર્ટનર અતુલ ગુપ્તાએ ઉમેર્યું હતું કે," રેસીનની સફરનો ભાગ બનવા અને આ ફ્લેગશિપ અનુભવને જીવનમાં લાવવા માટે હું રોમાંચિત છું. આ અને માત્ર એક સ્ટોર જ નહી, તે ભારતમાં ફેશન રિટેલના ભાવિનો પ્રવેશદ્વાર છે, અને અમે અમારા ગ્રાહકને આવકારવા માટે રાહ જોઈ શકતા નથી.

# ઈલેક્ટ્રીશિયનોને સીએસડીસી પ્રમાણપત્રો વિતરણ કરાયું

**સ્કીલ ઈન્ડિયા અંતર્ગત ઈલેક્ટ્રીશીયનની તાલીમ યોજાઈ હતી**

સુરત, તા.૨૧

'સ્કીલ ઈન્ડિયા: કન્સ્ટ્રકશન ડેવલપમેન્ટ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા'ના ઉપક્રમે હેઠળ નવયુગ કોલેજમાં ત્રિદિવસીય ઈલેક્ટ્રીશિયન તાલીમ કાર્યક્રમમાં જોડાઈ સફળતાપૂર્વક પાસ થયેલા ૩૦૦થી વધુ તાલીમાર્થીઓને CSDC પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. દેશના વીજઉદ્યોગમાં કુશળ વ્યાવસાયિકોની વધતી માંગને ધ્યાનમાં રાખી સિદ્ધિવિનાયક કૃપા ચેરિટેબલ ફાઉન્ડેશન-મુંબઈ અને તેમની CSDC-પ્રમાણિત ટ્રેનિંગ પાર્ટનર 'ડિજિટ્રાન્સફોર્મેશન'ના સહયોગથી તાલીમના ભાગરૂપે વડોદરા, અમદાવાદ અને સુરતમાં અનેક બેચો સફળતાપૂર્વક યોજાઇ છે અને અત્યાર સુધીમાં ૧૦૦૦ થી વધુ ઈલેક્ટ્રીશિયનોને લાભ મળ્યો છે. જેમાંથી ૮૦ % ને સફળતાપૂર્વક પ્રમાણપત્ર મળ્યા છે. આ યોજના ભારતના ઈલેક્ટ્રીકલ ક્ષેત્રમાં તાલીન ન મેળવી હોય તેવા શ્રમિક અને પ્રમાણિત કુશળ કામદારો વચ્ચેની ક્ષતિ પૂરી કરે છે. આ તાલીમને ઢાંચાયુક્ત બનાવીને માન્ય પ્રમાણપત્ર આપવામાં આવે છે, જેના કારણે રોજગારની તકો વધે છે, સલામતીના ધોરણો ઊંચા રહે છે અને શ્રમિક વર્ગોની કુશળતામાં વધારો થતા કામદારોમાં આત્મવિશ્વાસ જન્મે છે.

## લિંબાયતમાંથી નિલેશ પાટીલ ગુમ

સુરત, તા.૨૧

લિંબાયતપોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજઘર નં-૧૪૬, શ્રીનાથ સોસાયટી-૦૨, લિંબાયત, ખાતે રહેતા૩૨વર્ષીય નિલેશ બાપુ પાટીલ ગુમ થયા છે.તેઓમધ્યમબાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ૫.૫ ફૂટ છે. તેમણેબ્લ્યુ શર્ટ તથા બ્લ્યુ જીન્શ પેન્ટપહેર્યાછે.કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવાલિંબાયતપોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## અમરોલીથી લક્ષ્મીબેન પોલેત ગુમ

સુરત, તા.૨૧

અમરોલીપોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૮/૦૩/૨૦૨૫ના રોજઘર નં-૧૩૧૦, હા.બોર્ડ, ગાયત્રીનગર સોસા., છાપરાભાઠા, અમરોલી,ખાતે રહેતી ૩૧ વર્ષીય લક્ષ્મીબેન કૃષ્ણ પોલેત ગુમ થયા છે. તેઓ મધ્યમબાંધાના,રંગે ઘઉંવર્ણ અને ઊંચાઈ૫.૦ફૂટ છે. ગુમ થતા સમયે, તેઓ કેવા કપડા પહેર્યા હતા તેની માહિતી ઉપલબ્ધ નથી.કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલીપોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## અમરોલીથી સમયરંજન પોલેત ગુમ

સુરત, તા.૨૧

સુરત:શનિવાર:અમરોલીપોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૮/૦૩/૨૦૨૫ ના રોજઘર નં-૧૩૧૦, હા.બોર્ડ, ગાયત્રીનગર સોસા., છાપરાભાઠા, અમરોલી, ખાતે રહેતા કૃષ્ણ ત્રિનાથ પોલેત ના ૭ વર્ષીય પુત્રસમયરંજન પોલેતગુમ થયા છે. તેઓ મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૩.૦ફૂટ છે.ગુમ થતા સમયે, તેઓ કેવા કપડા પહેર્યા હતા તેની માહિતી ઉપલબ્ધ નથી. કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવાઅમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ભાઠેનાથી ભરતભાઈ સીરસાટ ગુમ

સુરત, તા.૨૧

:સલાબતપુરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા. ૨૯/૦૩/૨૦૨૫ ના રોજ ઘરનં-૭૩, પંચશીલનગર,ઉમીયા માતાના મંદિરની પાછળ, ભાઠેના, સલાબતપુરા,ખાતે રહેતા ૩૦વર્ષીયભરતભાઈ વામનભાઈ સીરસાટ ગુમ થયા છે.તેઓપાતળાબાંધાના, રંગે શ્યામવર્ણ અનેઊંચાઈ ૫.૬ ફૂટ છે. તેમણેબ્લેક અને પીળા આખી બાયનો શર્ટ, નેવી બ્લ્યુ પેન્ટ તથા બ્લ્યુ ચંપલપહેર્યાછે.કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશનઅથવાસલાબતપુરાપોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી

## લિંબાયતથી શિવાંશ ચતુર્વેદી ગુમ

સુરત, તા.૨૧

લિંબાયતપોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૬/૦૩/૨૦૨૫ ના રોજરૂમનં-૧૪૬, સહજાનંદ સોસાયટી, લિંબાયત (મુળ રહે. કરનપુર, તા-બદલાપુર, જી-જૌનપુર, (ઉત્તરપ્રદેશ), ખાતે રહેતા મનિષ ચતુર્વેદીના ૭ વર્ષીયપુત્ર,શિવાંશચતુર્વેદીગુમ થયા છે. તેઓ મધ્યમબાંધાના, ઘઉવર્ણ અને ઊંચાઈ ૩.૫ ફૂટ છે. તેમણેબ્લ્યુ શર્ટ તથા કાળા પેન્ટપહેર્યા હતો. કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવાલિંબાયતપોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# વાપીમાં રાજમાતા અહલ્યાબાઈની ૩૦૦મી પુણ્યતિથિની ઉજવણી થઈ




**શંખનાદ, ગણેશ વંદના બાદ રાજમાતાના જીવન વિષયે નાટિકા રજૂ કરાઈ**

વાપી, તા.૨૧

વાપી માં લોકમાતા અહલ્યા બાઈ હોળકર ની ૩૦૦.મી જન્મજયંતી ઉજવાઈ. વાપી ની ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ મા.૨૦ એપ્રિલ ના રોજ આયોજિત કાર્યક્રમ માં મોટી સંખ્યા માં લોકો ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમ ની શરૂઆત શંખ નાદ ,સાથે અને ગણેશવંદના કરી વિવિધ સમાજ ના ૪૨ બહેનો એ દ્વારા લોકમાતા અહલ્યાબાઈ હોળકર ની નાટિકા પ્રસ્તુત કરી હતી કે. બી. એસ. કોલેજ.ના વિદ્યાર્થીનીઓ દ્વારા ગીત પ્રસ્તુત કર્યું.લોકમાતા દેવી અહલ્યાબાઈ હોળકર ભારત ની એક મહાન સશક્ત નારી ને રાણી નું બિરુદ આપવા માં આવ્યું.જેમણે મંદિરો,કુવા ઘાટ, ધર્મશાળા, રસ્તા વગેરેનું ખૂબ મોટી માત્રા માં નિર્માણ કરી,જીવન માં સંઘર્ષ કરી ને પ્રજાહિત ના કામો કર્યા હતા .એમના સૌર્ય ની ગાથા આજે પણ લોકો યાદ કરી અહિલ્યાબાઈ હોળકર ના આદર્શ અને કલ્યાણકારી કાર્યો ને દેશના લોકો સમાજ હિત અને દેશહિત માટે પ્રેરણા નું પ્રતીક બન્યું છે.આ કાર્યક્રમ માં મુખ્ય વક્તા તરીકે રાષ્ટ્ર સેવિકા સમિતિ સુરત મહાનગર ના કાર્યવાહીકા ચંચલા બેન ટોકરાવત ઉપસ્થિત રહ્યા. વાપીના કુ. રશ્મિકાબેન મહેતા એડવોકેટ,વાપીના ભારતીય જનતા પાર્ટીના મહિલા મોરચાના મહામંત્રી ગીતાબેન પટેલ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા. વાપી માં અલગ અલગ સંપ્રદાય ના લોકો સાથે નવસારી, દમણ, થી અલગ અલગ એનજીઓ હાજર રહી, કાર્યક્રમ ને સફળ બનાવ્યો.



# સુરત પીપલ્સ કો. ઓપરેટિવ બેન્કના ૧૦૪મા સ્થાપના દિવસની ઉજવણી

**રક્તદાન કરવું એ એક પુણ્યનું કાર્ય છે : ચેરમેન અમિતભાઈ ગજ્જર**

સુરત, તા.૨૧

ધી સુરત પીપલ્સ કો-ઓ.બેન્ક લી.ના ૧૦૪માં સ્થાપના દિવસ ઉજવણી નિમિત્તે તા.૨૦મી એપ્રિલના રોજ મેગા રક્તદાન શિબિર બેંકના ચેરમેન અમિતભાઈ ગજ્જર અને બેંકના ડિરેક્ટરો ના નેતૃત્વ માં યોજાયો હતો. ??

મજૂરા ગેટ દયાળજી આશ્રમ ખાતે યોજાયેલા મેગા રક્તદાન શિબિરમાં બેંકના ચેરમેન અમિતભાઈ ગજ્જર, ધારાસભ્ય પૂર્ણેશભાઈ મોદી, ભરતભાઈ ગાંધી, એડવોકેટ અને પૂર્વ કોર્પોરેટર હસમુખભાઈ લાલવાલા, મનહરભાઈ લાપસીવાલા, ,સુરતી મોઢ વણિક સમાજના પ્રમુખ ધર્મેશભાઈ તમાકુવાલા, શ્રીવાસ ઘીવાલા, એડવોકેટ કાંતિભાઈ રાંદેરીયા સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. આ મેગા રક્તદાન શિબિરમાં ખૂબ જ મોટી સંખ્યામાં યુવા ભાઈ- બહેનો ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહી રક્તદાન કર્યુ હતું. રક્તદાતાઓને એક સ્મૃતિ ભેટ અને પ્રસંશાપત્ર પણ આપવામાં આવ્યા હતા. ૩૯૬ થી વધુ રક્તદાતાઓએ રક્ત આપ્યું હતું. બેંકના ચેરમેન અમિતભાઈ ગજ્જરે જણાવ્યું હતું કે, રક્તદાન કરવું એ એક પુણ્યનું કામ છે. અને રક્તદાતાઓના રક્તને કારણે અનેક વ્યક્તિઓના જીવ બચી જાય છે.

# ડો. આંબેડકર જયંતિ નિમિત્તે શહેર ભાજપનું પ્રબુદ્ધ નાગરિક સંમેલન




**કોંગ્રેસે બાબા સાહેબને હાસિયામાં ધકેલી દીધા હતા : સુરેશ મકવાણા**

સુરત, તા.૨૧

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ ની સુચના અનુસાર "ભારત રત્ન" ડોક્ટર બાબાસાહેબ આંબેડકરજીની જયંતી નિમિત્તે સુરત મહાનગર ભારતીય જનતા પાર્ટી અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં તથા પ્રદેશ દ્વારા નિયુક્ત વક્તા શ્રી એવા સફાઈ કામદાર સેલ ગુજરાત પ્રદેશના સંયોજક શ્રી સુરેશભાઈ મકવાણા ની વિશેષ ઉપસ્થિતિમાં પંડિત દીન દયાલ ઉપાધ્યાય ભવન ભાજપ કાર્યાલય ઉધના ખાતે "પ્રબુદ્ધ નાગરિક" સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ દ્વારા સ્વાગત પ્રવચન કરતા ઉપસ્થિત સહુ નાગરિકોને આ સંમેલનમાં સમયસર ઉપસ્થિત રહેવા બદલ અંતઃકરણથી આભાર વ્યક્ત કર્યો હતો તથા ડોક્ટર બાબા સાહેબ આંબેડકરજી દ્વારા દેશના બંધારણના નિર્માણમાં તેમના યોગદાન વિશે જણાવ્યું હતું તથા વિશેષ રૂપે શ્રી નરેન્દ્ર ભાઈ મોદીજી દ્વારા ગુજરાત ખાતે આવેલ સુરેન્દ્રનગરમાં બંધારણને હાથીની અંબાડી ઉપર મૂકી ત્રણ કિલોમીટર સુધી યાત્રા કાઢવામાં આવી હતી અને તે દ્વારા બંધારણ નિર્માતા શ્રી ડોક્ટર બાબા સાહેબ આંબેડકર જી ના સરાહનીય કાર્યને બિરદાવ્યું હતું કોંગ્રેસ દ્વારા તેમને હાસીયામાં ધકેલવા માટેના કરાયેલા પ્રયત્નો વિશે માહિતી આપી હતી.

પ્રદેશ તરફથી નિયુક્ત વક્તા શ્રી સુરેશભાઈ મકવાણા દ્વારા આદરણીય ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ની બંધારણીય સભામાં નિયુક્તિથી લઈ તેમની સાથે કોંગ્રેસ દ્વારા વારંવાર કરાયેલી ઊપેક્ષાઓ વિશે વિસ્તૃત માહિતી આપતા તેમને જણાવ્યું હતું કે દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્ર ભાઈ મોદીજી દ્વારા બંધારણનું કેવી રીતે સન્માન કરવામાં આવ્યું તથા આદરણીય ડોક્ટર ભીમરાવ આંબેડકર જી ના પંચ

અનુસંધાન પાના ૭ પર

# સુરતમાં સિદ્ધરુદ્ર બ્રાહ્મણ સમાજનો સ્નેહ મિલન સમારંભ યોજાયો



સુરત, તા.૨૧

તારીખ:૧૯/૪/૨૦૨૫ વાર: શનિ સુરત સિદ્ધરુદ્ર બ્રાહ્મણ સમાજ નો સ્નેહ મિલન કાર્યક્રમ આંબેડકર ભવન અડાજણ સુરત ખાતે કથાકાર શ્રી વિનોદભાઈ શાસ્ત્રીજી ની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં અંદાજિત ૨૦૦ સંખ્યા રહી સાથે સાથે બાળકોના કાર્યક્રમ ,વડીલ સન્માન ,શિક્ષિત યુવા દીકરી ,ક્રિકેટ ટીમ સન્માન કરવામાં આવ્યું.. આ કાર્યક્રમનો જો સાચો શ્રેય જાય તો તે સુરતના અમારા પરિવાર એમની હૂફ ને કારણે સારા કાર્યક્રમો થાય છે. આપ સૌ આવ્યા તે બદલ આપ સૌનો ખૂબ ખૂબ આભાર. આવો જ સાથ સહકાર આપ સૌનો મળી રહે એવી આશા રાખીએ છીએ. તેમ કાર્યક્રમમાં કલાકાર શ્રી વિનોદભાઈ શાસ્ત્રીજીએ જણાવ્યું હતું.

# સહકારી મંડળીઓમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ કોંગ્રેસનું આંદોલન

**મંડળીઓની ચૂંટણીમાં ભાજપ દ્વારા અપાતા મેન્ડેડનો વિરોધ**

સુરત, તા.૨૧

ગતરોજ તાપી જિલ્લાના વ્યારા સર્કિટ હાઉસ ખાતે માજી કેન્દ્રીય મંત્રી અને ધારાસભ્ય શ્રી તુષારભાઈ ચૌધરીની હાજરીમાં કોંગ્રેસ વિચારધારા સાથે સંકળાયેલ સુરત અને તાપી જિલ્લાના ખેડૂત તેમજ સહકારી આગેવાનો ની મિટિંગ મળેલ હતી .

આ મિટિંગ માં સુરત અને તાપી જિલ્લામાં આવેલ સહકારી મંડળીઓમાં વર્તમાન વહીવટ કર્તાઓ દ્વારા જે ગેરરીતિઓ અને ભ્રષ્ટાચાર કરવામાં આવેલ છે,તેની સામે લોક આંદોલન શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું



,તેમજ આવનાર સમયમાં [illegible] અને તાપી જીલ્લાની સુમુલ, દૂધ મંડળીઓ,સુગર મિલો,સેવા સહકારી મંડળીઓ સહિતની તમામ સહકારી મંડળીઓમાં ખેડૂતોની વિચારધારા ધરાવતા આગેવાનો તેમજ ખેડૂતોને સાથે રાખી ભારતીય જનતા પાર્ટીના મેન્ડેટ થી આવતા ઉમેદવાર સામે ચુંટણી લડવાનું નક્કી કરવામાં આવ્યું. આ ઉપરાંતર આવનાર તા.૦૫/૦૫/૨૦૨૫ ના રોજ સુરત અને તાપી જીલ્લાની સહકારી મંડળીઓમાં થયેલ ગેરીરતીઓ અને ભ્રષ્ટાચાર બાબતે તાપી જીલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ)ને મળી ફરિયાદ કરવામાં આવશે અને તા.૦૮/૦૫/૨૦૨૫ ના રોજ સુરત અને તાપી જીલ્લાની સહકારી મંડળીઓમાં થયેલ ગેરીરતીઓ અને ભ્રષ્ટાચાર બાબતે જીલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ) સુરત ને

અનુસંધાન પાના ૭ પર

# પંચાવન વર્ષથી કથળી રહી છે પૃથ્વીની 'તબીયત'

દર વર્ષે ૨૨ એપ્રિલના રોજ, વિશ્વના ૧૯૦થી વધુ દેશો પૃથ્વીના બગડતા સ્વાસ્થ્ય પર ચિંતા વ્યક્ત કરવા માટે એકત્રિત થાય છે, તેને સુધારવાની હાકલ કરે છે, નવી નીતિઓ બનાવે છે, નવા તારણો કાઢે છે, તેમ છતાં પૃથ્વીનું સ્વાસ્થ્ય ધીમે ધીમે કથળી રહ્યું છે. ૨૨ એપ્રિલ, ૧૯૭૦ ના રોજ, પ્રથમ વખત, વિશ્વના ઘણા પર્યાવરણવાદીઓ અમેરિકામાં એકઠા થયા હતા અને ચેતવણી આપી હતી કે જો ઔદ્યોગિકીકરણને કારણે, આપણી નદીઓમાં આ રીતે જ કચરો ઠલવાતો રહેશે, હવામાં ઝેર ભળતું રહેશે, વૃક્ષો કાપવાનું ચાલુ રહેશે અને ગ્લેશિયર્સનો બરફ પીગળવાનું ચાલુ રહેશે, તો ટૂંક સમયમાં આ પૃથ્વી માનવો માટે રહેવાલાયક નહીં રહે. જ્યારે વૈજ્ઞાનિકોએ પહેલી વાર આ બધું ઊંચા સ્વરે કહ્યું હતું, ત્યારે કુદરતી રીતે ચિંતા ઊભી થઈ અને વિશ્વની લગભગ દરેક સરકારે પૃથ્વીને બચાવવાનો સંકલ્પ કર્યો.

વાસ્તવમાં, છેલ્લા સાડા પાંચ દાયકામાં દરેક દેશે પૃથ્વીને બચાવવાના નામે મોટી-મોટી નીતિઓ બનાવી છે. યોજનાઓનું નેટવર્ક બિછાવવામાં આવ્યું છે, મિટિંગો અને સેમિનારો થતા રહ્યા છે અને હવે તો સોશિયલ મીડિયા પર પણ રાત-દિવસ ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે, પરંતુ આ બધા પછી પણ પરિણામ બિલકુલ હકારાત્મક નથી આવ્યું. ૧૯૭૦માં જે રીતે વૈજ્ઞાનિકોને પૃથ્વીનું સ્વાસ્થ્ય બગડતું જણાયું હતું, આ ૫૫ વર્ષોમાં એક પણ વાર પરિસ્થિતિમાં સુધારો થયો નથી; પૃથ્વીનું સ્વાસ્થ્ય સતત બગડી રહ્યું છે. તેમ છતાં, દર વર્ષે પૃથ્વીના સ્વાસ્થ્યના નિષ્ણાતો નવી યોજનાઓ સાથે

આવે છે. નવી નવી પ્રેરણા માટે હાકલ કરે છે, પરંતુ પરિણામ સ્વરૂપે કશું બદલાતું નથી. નિષ્ણાતોએ આ વર્ષે પૃથ્વી દિવસ પર પૃથ્વીને બચાવવા માટે આહવાન કર્યું છે તે થીમ છે આપણી શક્તિ, આપણો ગ્રહ.

આપણી શક્તિનો અર્થ એ નથી કે સરકાર, ઉદ્યોગ અથવા વૈજ્ઞાનિકોની કોઈ શક્તિ, પરંતુ તેનો અર્થ એ છે કે તે આપણી આદતો, આપણું વર્તન અને આપણો વપરાશ જ છે, જે આખરે આપણી પૃથ્વીના સ્વાસ્થ્યને અસર કરે છે. એકંદરે, આપણે ખરેખર પૃથ્વીને બચાવવા માટે કંઈક કરવું છે કે ફક્ત મોટી મોટી વાતો કરવી છે તે પસંદ કરવાની શક્તિ આપણી છે. પૃથ્વી માત્ર એક ભૌગોલિક વિસ્તાર નથી, તે જીવંત ગ્રહ છે. તેથી, જો આપણે પૃથ્વીને બચાવવા માટે કોઈપણ જીવંત મનુષ્યની જેમ પ્રામાણિકપણે પ્રયાસ નહીં કરીએ, તો ટૂંક સમયમાં એવો સમય આવશે જ્યારે આપણી બધી સમજદારી અને તમામ જ્ઞાન હોવા છતાં, પૃથ્વીની સ્થિતિમાં સુધારો થશે નહીં. ઉદાહરણ તરીકે, તે અજાણી હકીકત નથી કે પૃથ્વી સામે સૌથી મોટી સમસ્યા પ્લાસ્ટિકની છે.

પ્લાસ્ટિકના જોખમ વિશે આપણે આજે પહેલીવાર નથી જાણી રહ્યા.



**તમામ સખ્તાઇ છતાં વિશ્વના કોઈપણ દેશમાં પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ થઈ રહ્યો નથી. હવે તો દર વર્ષે ૮૦ લાખ ટનથી વધુ પ્લાસ્ટિક દરિયામાંથી મળી રહ્યું છે, જે એક સમયે ખારી રેતીથી ભરેલું હતું. હવે તે રેતીમાં પ્લાસ્ટિકનું પ્રમાણ દિવસેને દિવસે વધી રહ્યું છે.**

ઘણા વર્ષોથી, એમ કહો કે ઘણા દાયકાઓથી જાણીએ છીએ અને સરકાર પણ પ્લાસ્ટિકના ન્યૂનતમ ઉપયોગ માટે હાકલ કરી રહી છે. ભારત જેવા દેશમાં તાજેતરના વર્ષોમાં પ્લાસ્ટિકના ઉપયોગ પર વિવિધ પ્રકારના નિયંત્રણો લાદવામાં આવ્યા છે, પરંતુ આશ્ર્ચર્યની વાત એ છે કે પ્લાસ્ટિકથી બચવા માટે રાત-દિવસ આહ્વાનો, નિયંત્રણો અને નીતિઓ બનાવવામાં આવી રહી હોવા છતાં, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટવાને બદલે દિવસેને દિવસે વધી રહ્યો છે. આજે, દર વર્ષે ૪૦૦ મિલિયન ટનથી વધુ પ્લાસ્ટિકનું ઉત્પાદન થાય છે અને તેમાંથી ૫૦ ટકા સિંગલ યુઝ પ્લાસ્ટિક છે, જે પૃથ્વીના સ્વાસ્થ્ય માટે સૌથી ખતરનાક છે. આશ્ર્ચર્યની વાત એ છે કે છેલ્લા ૫૫ વર્ષથી સતત બૂમો પાડી પાડીને કહેવામાં આવી રહ્યું છે સિંગલ યુઝ પ્લાસ્ટિક પૃથ્વીને ગળી જશે, પરંતુ પૃથ્વી છોડો, હવે તો સમુદ્ર પણ આ પ્લાસ્ટિકથી ઢંકાઈ ગયો છે.


તમામ સખ્તાઈ છતાં વિશ્વના કોઈપણ દેશમાં પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ થઈ રહ્યો નથી. હવે તો દર વર્ષે ૮૦ લાખ ટનથી વધુ પ્લાસ્ટિક દરિયામાંથી મળી રહ્યું છે, જે એક સમયે ખારી રેતીથી ભરેલું હતું. હવે તે રેતીમાં પ્લાસ્ટિકનું પ્રમાણ દિવસેને દિવસે વધી રહ્યું છે. દરિયાના ઘણા વિસ્તારોમાં, કિનારે ધોવાઈ ગયેલા પ્લાસ્ટિકના નાના ટુકડાને કારણે સમુદ્રની અંદર પ્લાસ્ટિકના પહાડો રચાયા છે.

જમીન અને સમુદ્રની વાત તો છોડો, દુનિયાના ભાગ્યે જ કોઈ દેશમાં આવી ખાદ્ય સામગ્રી બચી છે, જેમાં માઈક્રોપ્લાસ્ટિકના ટુકડા મોટા પાયે ભળેલા ન હોય. નવજાત બાળકોના લોહીમાં પણ પ્લાસ્ટિકના કણો મળી આવ્યા છે. છેવટે, આ પરિસ્થિતિઓ શું સૂચવે છે? કદાચ આ જ વાતની આપણે ચિંતા તો ઘણી વ્યક્ત કરીએ છીએ, પરંતુ અમલ બિલકુલ કરતાં નથી. આવી સ્થિતિમાં ધરતીનું સ્વાસ્થ્ય કેવી રીતે સુધરશે? સૌથી ખરાબ પરિસ્થિતિ આપણી પોતાની જ છે. દેશમાં દિલ્હીની હવા સતત ઝેરી બની રહી છે. પહેલા વર્ષમાં ૨૦-૨૫ દિવસ આ સ્થિતિ રહેતી હતી, પછી એક-બે મહિના સુધી દિલ્હીની હવામાં પ્રદૂષણનું સ્તર વધ્યું. આજે વર્ષમાં ૯ મહિના દિલ્હીની હવા ઝેરી રહે છે. આમાં કોઈ સુધારો થઈ રહ્યો નથી અને હવે દેશના ચોથા ભાગના શહેરોની હાલત દિલ્હી જેવી છે અને દેશના ૩૦૦૦ શહેરોમાંથી ૨૦૦૦થી વધુ શહેરો ખૂબ જ ઝડપથી વાયુ પ્રદૂષણની ઝપેટમાં આવી રહ્યા છે. આવી જ હાલત આપણી નદીઓની પણ છે. ગંગા, યમુના જેવી નદીઓ પ્રદૂષણને કારણે પ્રદૂષિત થઈ રહી છે. અગાઉ માત્ર ઔદ્યોગિક એકમોનું ગંદું પાણી જ તેમાં પ્રવેશતું હતું અને તેને ઝેરી બનાવતું હતું, પરંતુ હવે આપણી આ નદીઓમાં પ્લાસ્ટિક મોટું જોખમ બની ગયું છે. જે રીતે મહાસાગરો માઈક્રોપ્લાસ્ટિકથી ભરાઈ રહ્યા છે, તેવી જ સ્થિતિ દેશની પવિત્ર નદીઓની થઈ છે. ગંગા નદી, જેનું સફાઈ અભિયાન ૧૯૮૫ થી સતત ચાલી રહ્યું છે, તે આજે લાખો ટન પ્લાસ્ટિક કચરાની ખાણ બની ગઈ છે. જે રીતે હિમાલયના ગ્લેશિયર્સ સતત પીગળી રહ્યા છે, એવી સ્થિતિ ઊભી થઈ શકે છે કે ગંગા નદી સુકાઈ જાય અથવા મોસમી નદી બની જાય. ભારત સરકારે વર્ષ ૨૦૨૨માં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂક્યો હતો, પરંતુ આ પ્રતિબંધ દેશમાં કામ કરી શક્યો નહીં. બીજી તરફ આ પ્રતિબંધના કારણે વેપારીઓ અને નાના દુકાનદારોએ દર વર્ષે પોલીસને કરોડો રૂપિયાની લાંચ આપવી પડે છે જેથી આ પ્રતિબંધના પરિણામોનો સામનો કરવો ન પડે. આ રીતે જ્યાં એક તરફ ભ્રષ્ટાચાર પૃથ્વી પર દિન પ્રતિદિન પ્રદૂષણનો બોજ વધારી રહ્યો છે તો બીજી તરફ તે ધરતીનું સ્વાસ્થ્ય પણ ખરાબ કરી રહ્યો છે. વાસ્તવમાં, આપણું સંકટ એ છે કે એક તરફ આપણે પૃથ્વીના બગડતા સ્વાસ્થ્યને જોઈને ચિંતિત થઈએ છીએ, તો બીજી તરફ આપણે આપણા વપરાશને જાણતા હોવા છતાં બદલી રહ્યા નથી જે પૃથ્વીના રોગોનું મુખ્ય કારણ છે. આપણી જીવનશૈલી સાથે બિલકુલ સમાધાન નથી કરી રહ્યા. આવી સ્થિતિમાં, બે વસ્તુઓ એક સાથે કેવી રીતે થઈ શકે? જો આપણે આપણી જીવનશૈલી સાથે સહેજ પણ બાંધછોડ નહિ કરીએ તો ગમે તેટલી બૂમો પાડીએ પણ ધરતીનું સ્વાસ્થ્ય આપણે બચાવી નહીં શકીએ. આ બધું આપણે જેટલું જલદી સમજીએ એટલું સારું.

## પૃથ્વી પરનું એકમાત્ર અજરામર જીવ છે હાઇડ્રા!

જેનો જન્મ છે એનું મોત નિશ્ર્ચિત છે. આ સવાસો ટકા સાચી હકીકતમાં એક અપવાદ છે ખરો! હા, હાઇડ્રા નામનો સૂક્ષ્મ જળચર જીવ. હાઈડ્રા કયારેય મરતું નથી. એ ઉંમરને વશ થતું નથી. કદાચ શરીરનું કોઇ અંગ કપાઇ જાય તો એ પોતમેળે એને ફરી ઉગાવી શકે છે. એના બે ટુકડા થાય તો બન્ને સજીવન રહે બે જીવ તરીકે.

આ અજરામર જીવ વિશે જાણવું ગમશે જ. મજાની વાત એ છે કે હજી વિજ્ઞાનીઓ જાણી શકયા નથી કે એની ઉંમર કેટલી છે.



માંડ એક સેન્ટિમીટરથી ઓછા એટલે કે અમુક મિલીમીટરના કદવાળું આ જળચર નળીના આકારનું હોય છે. આ ઈક્ષાદયિયિંબફિયિં (કરોડરજ્જુ વગરનું) જીવના બે સ્તર હોય છે, જે મેસોગ્લોઆ નામની નિર્જીવ પેશીઓથી જોડાયેલા હોય. એના બાહ્ય સ્તરને એક્ટોડર્મ અને આંતરિક સ્તરને એન્ડોડર્મ કહેવાય છે.

હાઈડ્રાનું શરીર મૂળભૂત રીતે કોષ (સ્ટેમ)નું બનેલું હોય. એમાં કોષ બહુ ઓછા હોય પણ તેની શરીરરચના નવા કોષ બનાવવા સક્ષમ છે. આ રીતે લગાતાર નવા કોષ બનતા રહે અને તે કાયમ એક-અગાઉ જેવા જ રહે. આ અમર જીવ કયાં જોવા મળ? સ્વચ્છ પાણીમાં. પછી ભલે તે સ્થિર હોય કે વહેતું પાણી હોય. પાણી હોય જયાં જળચર, પથ્થર કે વનસ્પતિ છોડ હોય. એના તળાવ કે વહેતા પ્રવાહમાં હોઇ શકે, પરંતુ ગંદા પ્રદૂષિત પાણીમાં હાઈડ્રા ન હોય. હાઈડ્રા વિશે સૌથી વધુ સંશોધન કર્યું છે ડેનિયલ માર્ટિનેઝ નામના વિજ્ઞાનીએ. અમેરિકાના કેલિફોર્નિયા સ્થિત જીવવિજ્ઞાનના આ પ્રોફેસરે સૌપ્રથમ શોધી કાઢયું હતું કે હાઈડ્રા પર ઉંમરની અસર થતી નથી. એટલે એમને અમર કહી શકાય. સંશોધનમાં હાઈડ્રા વિશે માની ન શકાય એવી એક ચોંકાવનારી બાબત બહાર આવી હતી.

એના શરીરના ટુકડા થઇ જાય તો દરેક વૃદ્ધિ પામીને નવા જીવનમાં ફેરવાઇ શકે છે. આ અલૈંગિક જનનની એક પદ્ધતિ થઈ. આ જીવમાં અલૈંગિક સાથે લૈંગિક જનનની પણ વ્યવસ્થા છે. આ સમાન કે ઉભયલિંગી હોઇ શકે છે. ઉભયલિંગી જીવ હોય તો પુરુષના યૌન અંગો વૃષણ અને મહિલાના અંડાશય સાથે મળીને પ્રજનન કરે છે.

હાઈડ્રાના શરીરમાં મળ નિસારણ સિસ્ટમ નથી. એનું શરીર નકામાં પદાર્થને પોતમેળે બહાર ફેંકી દે છે. આ જીવની નથી ઉંમર વધતી કે નથી કદ, આકાર બદલાતા. 'પ્રોસિડિંગ્સ ઓફ ધ નેશનલ એકેડેમી ઓફ સાયન્સિઝ' નામક જર્નલમાં પ્રકાશિત શોધ-પત્રમાં ડેનિયલ માર્ટિનેઝે કબૂલ કર્યું હતું કે હાઈડ્રા હોય કે ગમે તે જીવ હોય, પણ એ વધતી ઉંમરના પ્રભાવથી બચી ન શકે. એવી ધારણા સાથે મેં સંશોધન શરૂ કર્યું હતું, પરંતુ હાઈડ્રા વિશેની માહિતી અને ડેટાએ મને ખોટો પાડયો.

આજેય વિજ્ઞાનીઓ માટે હાઈડ્રા એક કોયડો છે. એ કોઇ પણ સંજોગો-સ્થિતિ હવામાનની અસર વગર કેવી રીતે સતત જીવી શકે છે એ સમજાતું નથી.

મજાની બાબત એ છે કે હાઈડ્રાની અનુવાંશિક રચના માનવજીવને મળતી આવે છે. વિજ્ઞાનીઓને આ બાબતમાં વધુ દિલચસ્પી છે. કાળા માથાના માનવી ઉંમર લંબાવવા, કાયમ યુવાન રહેવા અને શકય હોય તો અમર થવા માટે ખૂબ ફાંફા મારી રહ્યો છે. એની પાછળ લાખો કે કરોડો નહીં, અબજો ડૉલર ખર્ચી રહ્યું છે. સંશોધનમાં જાતજાતના પ્રયોગો કરી રહ્યો છે, ન કરવાનું કરી રહ્યો છે, જોખમ ઉઠાવી રહ્યો છે અને કુદરતની વ્યવસ્થાને પડકારીરહ્યો છે.

જરા આસપાસ જુઓ તો ઘણાં માણસો એવા દેખાશે કે જેના અમર થઇ જવાની કલ્પનાથી જ ઉબકા આવી જાય. શરીરમાં ધ્રૂજારી વ્યાપી જાય. માનવી થોડો અમર થઇને હાઇડ્રાની જેમ ચૂપચાપ, કોઇને કનડયા વગર શાંતિથી જીવવાનો હતો. ઓછી આવરદામાં ય 'જીવો અને જીવવા દો'માં ન માનનારો અમર થઇ જાય તો? ના. ના. એવું ન જ થવું જોઇએ.


## ઓળખી લો કોણ છે તમારા દોસ્ત-દુશ્મન ને સ્પર્ધી?

મિત્ર અને શત્રુ આ બે અક્ષરના બંને શબ્દ એ આપણા જીવનના સૌથી વિરોધાભાસી શબ્દ છે. એ બંને સંબંધના અંતિમ છેવાડે ખડા છે. અનેક પાસે મિત્ર વિશે ૫૫૦થી પણ વધુ વ્યાખ્યા હોઈ શકે. પ્રત્યેક વ્યાખ્યાનું એ સચોટ પૃથક્કરણ પણ કરી શકે, પરંતુ અહીં ટ્રેજેડી એ છે કે દિવસના અંતે 'મિત્ર' કહી શકાય એવી સમ ખાવા પૂરતી પણ એકાદ વ્યક્તિ એની સમીપ સુધ્ધાં હોતી નથી .અહીં મિત્ર -શત્રુ અને પ્રતિસ્પર્ધીના સંબંધ વિશે-ખાસ કરીને, શત્રુ અને પ્રતિસ્પર્ધી વિશે જાણી-સમજી લેવું જરૂરી છે. પ્રતિસ્પર્ધી તમારો સત્તાવાર દુશ્મન નથી, પણ તમારા બંને વચ્ચે એક નજરે ન ચઢતી -અદ્રશ્ય લક્ષ્મણ રેખા જરૂર છે, જે એક બીજા પર વિજય મેળવવાના ઉન્માદમાં વળોટી જવાય તો તમે એકમેકના દાના દુશ્મન જરૂર બની જાવ એ વરવી વાસ્તવિકતા છે..!હા, બંને જો સમજી-વિચારીને માત્ર સ્પર્ધી જ બની રહો તો બની શકે કે ભવિષ્યમાં તમે બંને અચ્છા મિત્ર પણ જરૂર બની શકો. જો કોઈ પોરસાઈને કહે કે મારો તો કોઈ જ દુશ્મન નથી તો એ ખાંડ કે પછી ધૂળ ને ઢેફાં ખાય છે. અંગ્રેજીમાં એક અર્થપૂર્ણ શબ્દ છે : ઋયિક્ષયળુ એટલે કે ફ્રેન્ડ વત્તા એનિમી' કેટલાક દુશ્મન તો મિત્રના શ્ર્વાંગમાં પડખે જ ખડા હોય છે. આવા ફ્રેન્ડ વત્તા એનિમી'ને તક મળે ત્યારે છૂપો ઘા મારી દે! આવા શત્રુ જરૂરી નથી કે હાડ–માંસના હોય. એ તમારો ખુદનો અહંમ્ હોઈ શકે-ક્રોધ હોય શકે કે પછી લત કે તમારી લાપરવાહી પણ હોઈશકે. આ બધા વચ્ચે, આદર્શ કહી શકાય એવો મિત્ર નહીં મળે તો ચાલશે,પણ સભાનપણે દૂર દૂર પણ એકાદ શત્રુ પાળી રાખવો સારો. અહીં વિખ્યાત કવિ – ડૉ. સુરેશ દલાલને યાદ કરીને ટાંકીએ તો એ કહે છે તેમ: મિત્ર એ નજીકનો દુશ્મન છે ને દુશ્મન કદાચ દૂરનો મિત્ર..' આમ પણ દરેકના જીવનમાં એકાદ તો વિલન હોવો જ જોઈએ તો જ જીવન જીવવા જેવું લાગે. એકાદ આવો વિલન કે શત્રુ કે પછી પ્રતિસ્પર્ધી સુધ્ધાંનો માથા પર તોળાતો ભય જ આપણને સજાગ રાખે પછી એની સામે ટક્કર લેવાની મજા પડે. શત્રુ તો



સીધો ઘા કરે, પણ સ્પર્ધક તમને વધુ સજ્જ થવાનો સમય આપે-તમારી પ્રતિ- આક્રમણની શક્તિને સુયોજિત કરવાનો તક આપે. આમ કેટલીક વાર આપણા દુશ્મન કરતાં આપણો પ્રતિસ્પર્ધી આપણને વધુ શીખવી જતો હોય છે ! -તો કોણ કોણ છે તમારા શત્રુ કે સ્પર્ધી અને કઈ રીતે કરવી એની પહેચાન કે ઓળખ?આપણે અહીં ચીલાચાલુ દુશ્મન કે શત્રુની વાત નથી કરવી. બીજાં વેશ-પરિવેશમાં આપણી આસપાસ રહેતાં એવાં અનિષ્ઠોને ઓળખીએ ,જે શત્રુથી પણ કંઈ કમ નથી. દાખલા તરીકે : ઊંઘ આમ તો નિદ્રા તબિયત માટે ઉપકારક છે,પણ એનો અલ્પ કે અતિરેક કોઈની પણ આરોગ્ય અને આર્થિક અવસ્થાને ડગમગાવી શકે છે. સપ્રમાણ ઊંઘ ન ધારેલું સુખ આપી શકે ,પણ એના સકંજામાં તમે સપડાયા તો પેલા કુંભકર્ણની જેમ રાજપાટ ગુમાવવાનો વારો આવ્યો જ સમજો શત્રુ નંબર બે છે વાંચન એક મિનિટ, આ વાંચીને ચોંકશો નહીં કે ન અવઢવમાં અટવાતા. અહીં 'વાંચન' એટલે સોશિયલ મીડિયા પર આપણે જે વાંચીએ છીએ એ અર્થમાં છે. ફેસબુક- વોટસ એપ-ટિવટર કે પછી જાતભાતનાં બ્લોક્સના ચક્કરમાં આવીને લોકો જેને 'વાંચન' ગણીને કલાકો વેડફે છે એ હકીકતમાં તમને પુસ્તકના ખરા જ્ઞાનવર્ધક વાંચનથી દૂર બીજી ખોટી દિશા ફંટાવી દે છે. આવું વાંચન પણ દુશ્મનથી કમ નથી. એ તમારો એટલો બધો કિંમતી સમય ચોરી જશે કે જેની નાણાંથી પણ પૂરતી નહીં થઈ શકે.

## એકતાનું ઉત્તમ ઉદાહરણ કુક્શો ગામ



જમ્મુ-કાશ્મીરના કારગિલ જિલ્લામાં આવેલું કુક્શો ગામ એકતા અને સૌહાર્દનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે. આ ગામની ખાસ વાત એ છે કે બૌદ્ધ અને ઈસ્લામ ધર્મના લોકો અમન અને શાંતિથી અહીં રહે છે. એકબીજાના ધર્મને પણ તેઓ ખૂબ સન્માન આપે છે. સાથે જ અહીં લગ્ન કરવા માટે ધર્મ આડે નથી આવતો.

અહીં રહેતા ચોંગજી પરિવારના સૌથી વરિષ્ઠ સદસ્યએ જણાવ્યું કે તેમના પિતાએ તેમને બૌદ્ધ ધર્મ સ્વીકારવાનો આગ્રહ કર્યો હતો. વિશેષ વાત એ છે કે તેઓ આ ગામના હાજી હતા, પરંતુ તેઓ ઈસ્લામ ધર્મ પર કાયમ રહ્યા. જોકે તેમણે તેમનાં બાળકોને ધર્મની પસંદગી કરવાની આઝાદી આપી હતી. આવી રીતે આ પરિવારમાં કેટલાક લોકો બૌદ્ધ ધર્મમાં માને છે તો કેટલાકે ઈસ્લામ ધર્મ અપનાવ્યો છે. આખો પરિવાર બન્ને ધર્મના તહેવારોને પણ હર્ષોલ્લાસથી મનાવે છે. સાથે જ આ ગામના યુવાનોને પોતાનો જીવનસાથી પસંદ કરવાની પણ પૂરી સ્વતંત્રતા છે.

આ કહાણી કુક્શો ગામના દરેક ઘરની છે. એના વિશિષ્ટ ઈતિહાસ અને સંસ્કૃતિ ધરાવતું આ સુંદર ગામ છે. લગભગ બે દાયકા પહેલા અહીં બૌદ્ધ અને મુસ્લિમ પરિવાર એક જ છત નીચે રહેતો હતો. બાદમાં કારગિલથી કેટલાક ધર્મગુરુઓએ આવીને ધર્મ આધારિત ઘર નોખા કરી નાખ્યા. જોકે અન્ય ધર્મમાં લગ્ન કરવાનો સિલસિલો હજી પણ ચાલુ છે. આવી રીતે જોવા જઈએ તો આખું ગામ એકબીજાના સગાવહાલા છે.

ચિક્તન વાયા લેહથી આ ગામ પહોંચી શકાય છે. આ ગામના લોકો મહેમાનોની આગતા-સ્વાગતામાં કોઈ કચાશ બાકી નથી રાખતાં. આ એક એવું ગામ છે જ્યાં ખેતી પૂરી રીતે ઓર્ગેનિક રીતે થાય છે. ગામમાં સૌથી જૂની મસ્જિદ અને સ્તૂપ અડીખમ ઊભા છે. આ ગામમાં એક નવા મઠના નિર્માણ માટે બૌદ્ધ અને મુસ્લિમ સમુદાયના લોકોએ સાથે મળીને દાન આપ્યું હતું. અહીંના લોકો એકબીજાના સુખ દુ:ખમાં પડખે ઊભા હોય છે.

દિવસભર આકરી મહેનત કરીને સાંજે લોકો મસ્જિદ અને સ્તૂપની આસપાસ બેસીને ચર્ચા-વિચારણા કરતા હોય છે. ધર્મના નામે જે પ્રકારે હિંસા થાય છે એને જોતા આ ગામ ખરેખર સંપનો સંદેશ આપે છે.

કુક્શો ગામ ૮૦૦ની સાલમાં સ્થાપિત થયું હતું. એ સમયે કોઈ ધર્મની કોઈ ક્ષેત્રે પકડ નહોતી. એ દરમ્યાન એક રાજાનો બહાદુર દીકરો હતો થાતા ખાન, જેને સંદેહ થયો હતો કે તેના ભાઈઓ જ તેનું કાસળ કાઢવાનું ષડયંત્ર રચી રહ્યા છે. તે બધાં વિના કારણ જશ્ન મનાવી રહ્યા હતા, જેથી તેઓ થાતા ખાનની હત્યા કરી શકે. એ વખતે ત્યાં સંગીત પીરસતા સંગીતકારોને આ કાવતરાની જાણ થઈ અને તેમણે થાતા ખાનને પોતાના ગીત દ્વારા સંદેશ આપી દીધો. થાતાને એની જાણ થઈ અને તે ત્યાંથી પોતાના એક ભાઈ અને સંગીતકારને લઈને બારીમાંથી કૂદી ગયો. સાથે જ તેણે પોતાની સાથે 'લેહ' નામનો છોડ લીધો અને કુક્શો ગામ આવી પહોંચ્યો. તેણે જ આ કુક્શો ગામ વસાવ્યું હતું. આ ગામની એકતાની પ્રેરણા તો આજે સૌએ લેવી જોઈએ.

## તંત્રી લેખ...-

**સોમવાર, તા.૨૧ એપ્રિલ ૨૦૨૫**

# મહત્ત્વપૂર્ણ સફળતા

પંજાબ નેશનલ બેંક (પીએનબી)માં તેર હજાર કરોડ રૂપિયાથી વધારેના કૌભાંડમાં વોન્ટેડ ભાગેડુ હીરા કારોબારી મેહુલ ચોક્સીની ભારતીય તપાસ એજન્સીઓના પ્રત્યાર્પણ અનુરોધ બાદ બેલ્જિયમમાં ધરપકડ કરાવી, આર્થિક અપરાધીઓ વિરુદ્ધ દેશની લડાઈમાં એક મહત્ત્વપૂર્ણ પડાવ છે. તપાસ એજન્સીઓની સતર્કતાને તો તેનું શ્રેય જાય જ છે, તેનાથી એ પણ સાબિત થાય છે કે અપરાધી દુનિયાના કોઈપણ ખૂણામાં કેમ ન છૂપાયા હોય, તેઓ કાયદાની ચુંગાલથી બચી નહીં શકે.

મેહુલ ચોક્સી અને તેના સંબંધી નીરવ મોદી, જે પહેલાં જ લંડનની જેલમાં કેદ છે, તેમના પર આરોપ છે કે તેમણે ભારતીય બેંકિંગ વ્યવસ્થાની કમજોરીઓનો ફાયદો ઉઠાવીને દેશને હજારો કરોડ રૂપિયાનો ચૂનો લગાવ્યો. ઉલ્લેખનીય છે કે ૨૦૧૮માં કૌભાંડ સામે આવતાં જ ચોક્સી ભારતમાંથી ભાગી ગયો અને એન્ટીગુઆ એન્ડ બારબુડાની નાગરિકતા લઈને ત્યાં જ વસી ગયો હતો. ૨૦૨૧માં ડોમિનિકામાં તેની સંક્ષિપ્ત ધરપકડ અને બાદમાં છૂટકારાએ એ સમયે મથાળાંમાં સ્થાન મેળવ્યું હતું, પરંતુ ઈન્ટરપોલ દ્વારા ૨૦૨૨માં રેડ કોર્નર નોટિસ હટાવવાથી ભારતીય પ્રયાસોને ઝાટકો લાગ્યો હતો. ગયા વર્ષે જ્યારે બેલ્જિયમના એંટવર્પમાં ચોક્સીને જોવામાં આવ્યો, તો ભારતે ૧૨૫ વર્ષજૂની ભારત-બેલ્જિયમ પ્રત્યર્પણ સંધિનો ઉપયોગ કરીને તેને ભારત લાવવાની પ્રક્રિયા શરૂ કરી. ભારતના પ્રત્યાર્પણ અનુરોધની પુષ્ટિ એક કૂટનીતિક જીત તો છે જ, આ એ ભાગેડુઓ માટે પણ સંદેશ છે, જે વિદેશમાં છૂપાઈને દેશની ન્યાય પ્રણાલી સાથે રમત રમી રહ્યા છે.

જોકે આ લડાઈ હજુ ખતમ નથી થઈ, કારણ કે બેલ્જિયમની અદાલતો હવે ભારત દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાની ગહન તપાસ કરશે એ આ પ્રક્રિયામાં મેહુલના સ્વાસ્થ્ય અને ભારતીય જેલોની સ્થિતિ જેવા મુદ્દા તો ઉઠશે જ. તે ઉપરાંત, જેવું વિજય માલ્યા અને નીરવ મોદી જેવા અન્ય કેસોમાં જોવા મળ્યું છે, પ્રત્યર્પણની પ્રક્રિયા લાંબી અને જટિલ હોઈ શકે છે. એકંદરે, ચોક્સીની ધરપકડ દેશના લોકો માટે પણ એક આશાની કિરણ છે, જેમના વિશ્વાસને પીએનબી કૌભાંડે ભારે આઘાત પહોંચાડ્યો હતો. એવામાં જરૂરી છે કે ભારત આ મામલાને તાર્કિક પરિણામ સુધી પહોંચાડે. સાથે જ આ મામલો આપણી બેંકિંગ પ્રણાલીમાં સુધારની જરૂરિયાત પણ યાદ અપાવે છે. ભવિષ્યમાં આવા કૌભાંડોને રોકવા માટે કડક નિયમ, પારદર્શિતા અને જવાબદારી જરૂરી છે. ચોક્સીની ધરપકડ દેશવાસીઓ માટે એ આશ્વાસન પણ છે કે કોઈપણ કાયદાથી ઉપર નથી, ચાહે તે ગમે તેટલો પ્રભાવશાળી કેમ ન હોય. પરંતુ અસલ જીત તો ત્યારે થશે જ્યારે તેને ભારતમાં ન્યાયના કઠેરામાં લાવવામાં આવશે.

# મેહુલ ચોકસીની ધરપકડ

પંજાબ નેશનલ બેંકના લગભગ ૧૩ હજાર કરોડ રૂપિયાની અધધધ રકમ હજમ કરી જવાના આરોપોનો સામનો કરી રહેલા ભાગેડુ મેહુલ ચોકસીની બેલ્જિયમમાં થયેલી ધરપકડ ભારત સરકાર માટે મોટી રાજદ્વારી સફળતા બની રહી છે. એ અલગ વાત છે કે, ચોકસીને વાસ્તવમાં ભારત લાવવા માટે પ્રત્યાર્પણની લાંબી પ્રક્રિયાનો પડકાર હજી પાર પાડવાનો બાકી રહેશે. સાત વર્ષ અગાઉ દેશ છોડીને ફરાર થઈ ગયેલા ચોકસીએ એન્ટીગુઆમાં રોકાણના આધારે ત્યાંની નાગરિકતા મેળવી લીધી હતી, પણ તેની દરેક હિલચાલ પર સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ (ઈડી)ની ચાંપતી નજર રહી હતી. આખરે સારવાર માટે બેલ્જિયમ આવેલા ચોકસીની ભારતની રેડકોર્નર નોટિસના આધારે ધરપકડ કરી લેવાઈ છે. ગુનેગાર ગમે એટલો ચતુર અને પહોંચેલો હોય, તો પણ તેની એક ભૂલ તેને સપડાવી દેતી હોવાની ઉક્તિ ચોકસીના કેસમાં સાબિત થઈ રહી છે. બેલ્જિયમના સત્તાવાળાઓએ

સીબીઆઈ દ્વારા તાકીદે પૂરા પડાયેલા દસ્તાવેજોની ચકાસણી કરાઈ હતી અને તે પછી આ ધરપકડ થઈ છે. ચોકસીની ધરપકડ બાદ ભારતીય સત્તાવાળાઓ તેનાં પ્રત્યાર્પણ માટે સક્રિય બની ગયા છે. બેલ્જિયમની સાથે ભારતના પ્રત્યાર્પણ કરાર હોવાને લીધે આ પ્રક્રિયામાં સફળતા મળે એવી શક્યતા ઊજળી જણાઈ રહી છે. ભારતમાં આર્થિક ગોટાળા કરીને દેશ છોડીને નાસી ગયેલા ગુનેગારોને સ્વદેશ લાવવામાં થઈ રહેલા વિલંબના મામલે સરકારની સતત ટીકા થઈ રહી છે. વિજય માલ્યા, નિરવ મોદી કે લલિત મોદીના કેસમાં વિલંબથી ખુદ ભારત સરકાર પણ અકળાયેલી છે. જો કે, હવે ચોકસીની ધરપકડે સરકાર માટે રાહતની લાગણી જગાવી છે. જો કે, ચોકસીનું બેલ્જિયમથી પ્રત્યાર્પણ સરળ તો નહીં રહે. તેના વકીલો અત્યારથી આ ધરપકડને ગેરકાયદે ગણાવી રહ્યા છે. તેમની દલીલ એવી છે કે, ચોકસી પાસે એન્ટીગુઆની નાગરિકતા છે. આ દલીલને લીધે ચોકસીને ભારત લાવવાની પ્રક્રિયા મુશ્કેલ અને લંબાણભરી બની રહે તેમ છે. ચોકસીનાં પ્રત્યાર્પણ ઉપરાંત તેણે હજમ કરેલાં મનાતાં પંજાબ નેશનલ બેંકનાં નાણાં દેશમાં પરત કઈ રીતે લાવી શકાય તેનો જવાબ પણ ભારત સરકારે તાકીદે શોધવાનો રહેશે.

**સીબીઆઈ દ્વારા તાકીદે પૂરા પડાયેલા દસ્તાવેજોની ચકાસણી કરાઈ હતી અને તે પછી આ ધરપકડ થઈ છે. ચોકસીની ધરપકડ બાદ ભારતીય સત્તાવાળાઓ તેનાં પ્રત્યાર્પણ માટે સક્રિય બની ગયા છે. બેલ્જિયમની સાથે ભારતના પ્રત્યાર્પણ કરાર હોવાને લીધે આ પ્રક્રિયામાં સફળતા મળે એવી શક્યતા ઊજળી જણાઈ રહી છે.**

### અહી એ નોંધવું બહુ જ મહત્ત્વનું છે કે અમેરિકા બોન્ડ માર્કેટ પર બહુ મોટો આધાર રાખે છે

# ટેરિફ પે ટેરિફ મિયાં ગીરે પર તંગડી તો ઊંચી!

કોઈ પણ દેશના ખરા-મજબૂત વિકાસ માટે એક પાવરફુલ, વિઝનરી અને કંઈક અંશે ડિક્ટેટર જેવો લીડર નિમિત્ત બને છે તેમ કોઈ પણ દેશના વિનાશ માટે પણ એક લીડર નિમિત્ત બને છે, અમુક લીડર માત્ર પોતાના દેશને જ નહીં, વિશ્વને પણ વિનાશ તરફ ધકેલવામાં નિમિત્ત બને છે.

અતિશયોકિત તો ભલે અતિશયોકિત લાગે, પણ અમેરિકાના પ્રેસિડન્ટ ડોનલ્ડ ટ્રમ્પ હાલમાં જે ભૂમિકા ભજવી રહ્યા છે તેને ધ્યાનમાં રાખતા આ શખસ અમેરિકાને કઈ તરફ લઈ જશે એ ભાખવું તો કઠિન છે. આમ છતાં, હાલના એમનું વલણ, વર્તન અને નિર્ણયોને ધ્યાનમાં રાખીએ તો એ અમેરિકાના વૈશ્વિક વર્ચસ્વને તોડવા નિમિત્ત બનશે કે વર્ચસ્વ વધારવામાં એ સવાલ હાલ ચર્ચાનો વિષય બન્યો છે.

અલબત્ત, આ બધું તરત નહીં થાય, મહાસત્તા તરીકે અમેરિકા હજી ય ઘણો મજબૂત દેશ છે. તેની પાસેની ટેલેન્ટ, જાયન્ટ કંપનીઓ, કરન્સી મેનેજમેન્ટ, શસ્ત્રોની શક્તિ ભરપૂર છે, પણ યાદ રહે, લીડરોના ખોટા નિર્ણયો લાંબે ગાળે ઘણી બાબત પર પાણી ફેરવી શકે છે. કોઈ પણ બાબતનો અતિરેક થાય ત્યારે આમ જ બને.

આજે વિશ્વનો સામાન્ય માનવી પણ અમેરિકાના અને ખાસ કરીને ટ્રમ્પના તેવર અને એની અસરોની પીડા જોઈ શકે છે. કઈ રીતે વિવિધ દેશ મશ્કેલીમાં મુકાઈ રહયા છે અથવા મુકાઈ શકે છે તે જોઈ-સમજી શકે છે. આ સંભવિત મુશ્કેલીઓ એટલે મોંઘવારી, બેરોજગારી, હાલાકી, શોષણ, દબાણ, અન્યાય, લાચારી, વિવાદો, ઈત્યાદિ ઈત્યાદિ વિવિધ કટોક્ટીનો કપરો આ સમય છે.

અત્યારે અમેરિકા સામે ઊભા રહેવાનો- લડવાનો છે, ઝૂકી જવાનો નહીં. ડૉલરની દાદાગીરી બહુ ચાલી, હજી પણ ચાલી રહી છે. જોકે આ સામે હવે જે રીતે ટૅરિફના વિષયમાં અતિરેક થયો છે એ વિવિધ દેશોને એક કરવાની કવાયત શરૂ કરી શકે. આ કવાયત પણ ચુપચાપ ચાલશે, કારણ કે હાલને તબકકે અમેરિકા સામે બાથ ભીડવા કોઈ એક જ દેશ કાફી નથી, તેમ છતાં ચીને આ પડકાર ઝીલ્યો છે અને અમેરિકાને ટૅરિફને લઈને લલકાર્યુ પણ ખરું, પણ પરિણામે ચીન સામે અમેરિકાએ જુદી જ પલ્ટી મારી છે.આવા બધા માહોલ વચ્ચે આપણે ટ્રમ્પના છેલ્લા કેટલાક દિવસના નિર્ણયો અને તેના આડેધડ ફેરફારો જોઈએ તો ટ્રમ્પની અસ્થિરતા આંખે ઉડીને વળગે છે.આ ટ્રમ્પ અમેરિકાને પણ અસ્થિરતા તરફ લઈ જાય તો નવાઈ નહીં. આનું ભાન થતા ટ્રમ્પે તેવર બદલવા પડયા. આ માટેના વાસ્તવિક કારણો સમજવા જેવા છે. જે ચીન સામે અમેરિકા જોરશોરથી બાથ ભીડવાની વાત કરે છે, તેની સામે તેણે તરત જ નિર્ણય ફેરવી નાંખ્યો હતો, અલબત્ત, યુએસ ઝૂકી ગયું નહી, પણ કૂણું જરૂર ચોકકસ પડયું છે.

આમ પણ ચીન ઘણી બાબતમાં અમેરિકાને પણ હંફાવે એમ છે. થોડી ઝલક જોઈએ તો. ૨૦૨૪માં યુએસમાં માત્ર પાંચ જહાજ બન્યા હતા, જેની સામે ચીનમાં ૧૮૦૦ જહાજ બન્યાંપ આજે પણ લેપટોપ, સોલાર પેનલ્સ, અને સિલિંગ ફેન મોટર્સ બનાવવામાં પણ ચીન અમેરિકા કરતાં ઘણું આગળ છે. અમેરિકા ઉત્પાદનમાં ઘણું પાછળ યા નહીંવત છે, તે મહદઅંશે વિશ્વનો મોટો આયાતકાર દેશ છે. અત્યારે ટૅરિફનો હુમલો કરવા પાછળનું તેનું કારણ પણ એ ગણાય છે કે તે ચીન બધી ચીજો બનાવવામાં સર્વોપરી બની જશે.

માત્ર પ્રોફિટ પાછળની દોટ ભારે પડી. વાસ્તવમાં અમેરિકાએ નફો કમાવાનું જ લક્ષ્યમાં રાખીને પોતે જ ફેકટરીઝ ચીન, વિયેતનામ, મેકિસકોમાં વાળી છે, જયાં તેને સસ્તા લેબર્સ મળે, ઊંચું માર્જીન મળે અને ઊંચા સ્ટોક પ્રાઈસ મળે, બાકી અત્યારે તો યુએસ મોટેપાયે ડ્રોન્સ પણ બનાવી શકે એમ નથી. હવે અમેરિકાએ એ બધી ફેકટરી પાછી લાવવા માગે છે માટે ચીનના માલો પર ઊંચા ટૅરિફ નાખવાનું નકકી કર્યુ. જોકે થયું એવું કે ટેરિફને લીધે શેરબજાર તૂટયું, જેનું નુકસાન પણ અમેરિકાને થઈ રહયું છે.

જેમાં પણ ટ્રમ્પે મિયાં ગીરે પર તંગડી ઊંચીની જેમ ટ્રમ્પ કહે છે કે મને શેરબજારની ચિંતા નથી.

પણ એ પછી બોન્ડ માર્કેટ તૂટી, બોન્ડ યિલ્ડ (વળતર) ઊંચા જવા લાગ્યા, જે ફાઈનાન્સિયલ માર્કેટની પલ્સ ગણાય. બોન્ડ માર્કેટ તૂટે એ અમેરિકાને પોષાય નહીં. યુએસ બોન્ડ માર્કેટ ૪૦ ટ્રિલિયન ડોલરની (રૂ.૩૩૬ લાખ કરોડ) છે, જે શેરબજારથી પણ ઘણી મોટી ગણાય. બોન્ડ માર્કેટ તૂટવાનું કારણ અમેરિકાની ટ્રેડ ડેફિસિટ અને બજેટ ડેફિસિટ પણ ગણાય, જેને લીધે લોકોને લાગ્યું કે આ દેવાદાર દેશ તો પહેલેથી જ છે. હવે તે બોન્ડસનું રિપેમેન્ટ કરવામાં પણ નબળું પડી શકે એવો ભય વધી ગયો.

અહી એ નોંધવું બહુ જ મહત્ત્વનું છે કે અમેરિકા બોન્ડ માર્કેટ પર બહુ મોટો આધાર રાખે છે. બેંકો રોજબરોજની પ્રવાહિતા માટે તેનો ઉપયોગ કરે છે.

કંપનીઓ તેના સ્ટાફની સેલેરી આપવા, મ્યુચ્યુઅલ ફંડસ અને પેન્શન ફંડસ તેમના ભંડોળના પાર્કિંગ માટે તેનો ઉપયોગ કરે છે. જો બોન્ડ માર્કેટ તૂટે તો અમેરિકાની દશા બેસી જાય. ૨૦૦૮ જેવી કટોકટી ઊભી થઈ જાય અને એટલે જ અમેરિકન પ્રેસિડન્ટ પર દબાણ આવ્યું છે અને એમને ટૅરિફને હાલ ૯૦ દિવસ માટે રોકી દેવાની સલાહ અપાઈ. આમ અમેરિકામાં ભલભલા લીડરે બોન્ડ માર્કેટ સામે શરણાગતિ સ્વીકારવી પડે છે. અહી એ પણ નોંધવું જરૂરી છે કે યુએસનું જાહેર દેવું ૩૪.૫ ટ્રિલિયન ડૉલર જેટલું છે, જે નાગરિકદીઠ એક લાખ ડૉલર થાય. ભારતનું નાગરિક દીઠ દેવું ૨૨૦૦ ડૉલર અંદાજાય છે.

આમ ભારત સહિત કોઈ પણ દેશ માટે સબક એ છે કે ઔદ્યોગિક પાયો મજબૂત હોવો વધુ જરૂરી છે. ફાઈનાન્સિયલ માર્કેટ નેશનલ પોલિસી નકકી કરી શકે નહીં. આર્થિક યુધ્ધ થાય કે મિલિટરી યુધ્ધ, કોઈ પણ યુધ્ધમાં જીત મેન્યુફેકચરિંગની થાય છે. ભારત ઉત્પાદન ક્ષેત્રના આ રાહ પર છે. આમ છતાં, હવે ભારતે પણ પોતાને વધુ મજબૂત બનાવવા ભરપૂર મહેનત કરવાની છે.

### ધનખડ સાહેબે બધી સંસ્થાઓને પોતાની મર્યાદામાં રહીને વર્તવાની સલાહ આપી છે.

# સુપ્રીમ કોર્ટની ટીકાના બદલે રાજ્યપાલો આત્મનિરીક્ષણ કરે

### ધનખડે એક મુદ્દો સુપ્રીમ કોર્ટ રાષ્ટ્રપતિને આદેશ ના આપી શકે તેનો ઉઠાવ્યો છે.

રાજ્યપાલો દ્વારા રાજ્યોની વિધાનસભામાં પસાર કરાતાં બિલોને રોકી રાખવાના મુદ્દે સુપ્રીમ કોર્ટે લીધેલા આકરા વલણના કારણે રાજકીય વિવાદ પેદા થઈ ગયો છે. સુપ્રીમ કોર્ટે ગયા અઠવાડિયે રાજ્યપાલોની સાથે સાથે રાષ્ટ્રપતિ માટે પણ વિધાનસભામાં પસાર કરાયેલાં બિલોને મંજૂરી આપવા માટે મહત્તમ કેટલો સમય લઈ શકાય તેની સમયમર્યાદા નક્કી કરી હતી. પહેલાં કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરે આ વિવાદમાં કૂદીને સુપ્રીમ કોર્ટની ટીકા કરી હતી અને હવે દેશના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ પણ તેમાં કૂદ્યા છે.

જગદીપ ધનખડે સુપ્રીમ કોર્ટના ચુકાદા અંગે નારાજગી વ્યક્ત કરીને કહ્યું છે કે, દેશની કોઈ કોર્ટ રાષ્ટ્રપતિને આદેશ આપી ના શકે અને આપણે એવી પરિસ્થિતિ ના પેદા થવી દેવી જોઈએ કે જ્યાં કોર્ટ રાષ્ટ્રપતિને આદેશ આપે. ૮ એપ્રિલે તમિળનાડુ રાજ્યના રાજ્યપાલ વિદ્ધ સુપ્રીમ કોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કરતાં ધનખડે કટાક્ષ કર્યો કે, હવે આપણે ત્યાં ન્યાયાધીશો જ કાયદો બનાવશે, ન્યાયાધીશો જ સરકાર ચલાવશે અને સુપર પાર્લામેન્ટ તરીકે કામ કરશે. આ બધુ કર્યા પછી તેમની કોઈ એકાઉન્ટિબિલિટી નથી કેમ કે આ દેશનો કાયદો તેમને લાગુ પડતો નથી.

જગદીપ ધનખડના કહેવા પ્રમાણે, બંધારણ હેઠળ સુપ્રીમ કોર્ટને એકમાત્ર અધિકાર બંધારણનું અર્થઘટન કરવાનો મળ્યો છે પણ સુપ્રીમ કોર્ટ સુપર પાર્લામેન્ટ તરીકે વર્તી રહી છે. બંધારણની કલમ ૧૪૨ હેઠળ કોર્ટને આપવામાં આવેલી

વિશેષ સત્તાઓ લોકશાહી સામે ૨૪ બાય ૭ ઉપલબ્ધ પરમાણુ મિસાઈલ બની ગઈ છે. ધનખડે એ જ્ઞાન પણ પીરસ્યું છે કે, લોકશાહીમાં ચૂંટાયેલી સરકાર સૌથી મહત્ત્વપૂર્ણ હોય છે. બધી સંસ્થાઓએ તેમની મર્યાદામાં રહીને કામ કરવું જોઈએ કેમ કે કોઈપણ સંસ્થા બંધારણથી પર નથી અને ઉપર પણ નથી.

જગદીપ ખનખડે એ જ વાત કરી છે કે જે કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરે કરી હતી. ફરક માત્ર શબ્દોનો છે. આર્લેકરે સુપ્રીમ કોર્ટના નિર્ણયને ન્યાયિક અતિરેક ગણાવીને કહેલું કે, સુપ્રીમ કોર્ટ પોતાની મર્યાદા ઓળંગીને સરકાર અને વિધાનસભાના કામમાં દખલ કરી રહી છે. આર્લેકરે સવાલ પણ કર્યો હતો કે, કોર્ટ બંધારણમાં સુધારો કરવા માંડે તો સંસદ અને વિધાનસભાની ભૂમિકા શું હશે? જગદીપ ધનખડે પણ સુપ્રીમ કોર્ટને સુપર પાર્લામેન્ટ ગણાવીને એ જ વાત કરી છે અને એ જ પ્રકારના સવાલો મૂક્યા છે.

ધનખડની વાતો હાસ્યાસ્પદ છે અને આઘાતજનક પણ છે. વધારે આઘાત એ જોઈને લાગે કે, તેમની વાતો વિરોધાભાસી છે. ધનખડ સાહેબે જ્ઞાન પીરસ્યું છે કે, લોકશાહીમાં ચૂંટાયેલી સરકાર સૌથી મહત્ત્વપૂર્ણ હોય છે. સવાલ એ છે કે, આ વાત રાજ્ય સરકારોને લાગુ નથી પડતી ? ચૂંટાયેલી સરકારો દ્વારા વિધાનસભામાં પસાર કરાયેલાં બિલોને રાજ્યપાલો રોકી રાખે ત્યારે ચૂંટાયેલી સરકારની સર્વોપરિતા ક્યાં જાય છે ? રાજ્યપાલ તો નિમાયેલી વ્યક્તિ છે પણ એ ચૂંટાયેલી સરકારના બોસ બનીને વર્તે એ કેટલું યોગ્ય કહેવાય ? ધનખડ સાહેબે એ વિશે પણ બોલવું જોઈતું હતું.

ધનખડ સાહેબે બધી સંસ્થાઓને પોતાની મર્યાદામાં રહીને વર્તવાની સલાહ આપી છે. એ સુપ્રીમ કોર્ટને સલાહ આપવા બેઠા છે તો દેશના ઉપરાષ્ટ્રપતિ તરીકે એ રાજ્યપાલોને આ સલાહ કેમ નથી આપી શકતા ? આ વિવાદ અથવા સમસ્યા જે પણ ગણો તેનું મૂળ રાજ્યપાલો પોતાની મર્યાદા નથી જાળવતા અને બંધારણીય ફરજો નથી નિભાવતા તેમાં છે. દેશના બંધારણે રાજ્યપાલોએ કઈ રીતે કામ કરવું અને કઈ મર્યાદા જાળવવી એ નક્કી કરેલું જ છે. રાજ્યપાલો આ મર્યાદા જાળવીને વર્તે અને ચૂંટાયેલી સરકારોને પોતાની રીતે કામ કરવાનો અધિકાર છે એમ માનીને વર્તે તો કોઈ સમસ્યા કે વિવાદ જ ના થાય.

ધનખડે એક મુદ્દો સુપ્રીમ કોર્ટ રાષ્ટ્રપતિને આદેશ ના આપી શકે તેનો ઉઠાવ્યો છે. પહેલી વાત એ કે, સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિને કોઈ આદેશ આપ્યો નથી પણ તેમની બંધારણીય ફરજોની યાદ અપાવી છે. રાજ્યની વિધાનસભાએ પસાર કરેલા ખરડાને અનિશ્ચિત કાળ સુધી લટકાવી રાખવો એ જે તે રાજ્યનું અપમાન કહેવાય. રાજ્યપાલ કે રાષ્ટ્રપતિ કોઈને પણ એવું અપમાન કરવાનો અધિકાર નથી. સુપ્રીમ કોર્ટ એ વાતની યાદ દેવડાવે તેમાં સુપર પાર્લામેન્ટ નથી થઈ જતી.

બીજું એ કે, ધનખડ પોતે જ કહે છે કે, બંધારણથી કોઈ પર નથી તો રાષ્ટ્રપતિ કઈ રીતે બંધારણથી પર ગણાય ? રાષ્ટ્રપતિએ પણ બંધારણ પ્રમાણે વર્તવું પડે કે નહીં ? ને રાષ્ટ્રપતિ બંધારણ પ્રમાણે ના વર્તે તો શું ? આ દેશના બંધારણમાં તેના જવાબો અપાયેલા જ છે. રાષ્ટ્રપતિનું ગૌરવ જળવાય એ માટે એવી જોગવાઈ કરાયેલી છે કે, બંધારણને લગતા કોઈ પણ

વિવાદ કે સંશયના કેસમાં રાષ્ટ્રપતિ સુપ્રીમ કોર્ટની સલાહ લઈ શકે છે. આ જોગવાઈનો અર્થ જ એ છે કે, બંધારણીય બાબતમાં રાષ્ટ્રપતિ નહીં પણ સુપ્રીમ કોર્ટ સર્વોપરી છે.

આપણા બંધારણમાં બીજી પણ એક મહત્ત્વની જોગવાઈ છે. ભારતીય બંધારણની કલમ ૧૪૨ સુપ્રીમ કોર્ટને તેની સમક્ષ પડતર કોઈપણ બાબતમાં સંપૂર્ણ ન્યાય કરવા માટે જરૂરી કોઈપણ આદેશ જારી કરવાની સત્તા આપે છે. આ દેશનું બંધારણ સામાન્ય માણસથી માંડીને રાષ્ટ્રપતિ સુધીનાં બધાંને લાગુ પડે છે તેથી ન્યાયના હિતમાં સુપ્રીમ કોર્ટ રાષ્ટ્રપતિને પણ આદેશ આપી શકે છે.

આ સત્તામાં દસ્તાવેજો શોધવા, રજૂ કરવા અને કોર્ટના તિરસ્કારની સજા માટે આદેશ આપવાની સત્તાનો પણ સમાવેશ થાય છે. આ કલમનો હેતુ એ જ છે કે, કાયદાકીય જોગવાઈઓ અપૂરતી હોય અને જેમની જવાબદારી કાયદાનું પાલન

કરવાની કે બંધારણ પ્રમાણે વર્તવાની છે એ લોકો પોતાની ફરજ ચૂકે તો પણ સુપ્રીમ કોર્ટ તેની ફરજ અસરકારક રીતે નિભાવી શકે અને ન્યાય કરી શકે. સુપ્રીમ કોર્ટ રાજ્યપાલો દ્વારા રોકી રખાતાં બિલોના કેસમાં એ ફરજ જ બજાવી રહી છે. કમ સે કમ આ દેશમાં એક સંસ્થા તો એવી છે કે જે બંધારણને વફાદાર છે અને બંધારણનું જતન કરવા મથી રહી છે.

ધનખડ કે આર્લેકર સહિતના મહાનુભાવોએ સુપ્રીમ કોર્ટની કે બીજા કોઈની ટીકા કરવાના બદલે આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે કે પોતે ખરેખર આ દેશના બંધારણ તરફ વફાદારી બતાવી રહ્યા છે કે પછી બીજા કોઈની તરફ? ધનખડ પણ પહેલાં પશ્ચિમ બંગાળમાં રાજ્યપાલ હતા તેથી એ વધારે સારી રીતે આત્મનિરીક્ષણ કરી શકશે.

### ન્યાયતંત્રની દખલગીરીનો અતિરેક થઈ રહ્યો છે

# કોણ મર્યાદા ઓળંગે છે સુપ્રીમ કોર્ટ કે રાજકારણીઓ?

## રાષ્ટ્રપતિને સુપ્રીમ કોર્ટ કઈ રીતે આદેશ આપી શકે' એવો સવાલ કરે ત્યારે આશ્ચર્ય સાથે એમની દયા પણ આવે છે.

ફરી એક વાર સર્વોચ્ચ અદાલતના એક ચુકાદાએ રાજકારણમાં વાદ વિવાદનો નવો ભડકો કર્યો છે. રાજ્યપાલે જ નહીં, રાષ્ટ્રપતિએ પણ કેટલા સમયમાં બિલ અંગે નિર્ણય લેવો એ વિશે સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદા સામે ઉપરાષ્ટ્રપતિએ બળાપો કાઢ્યો છે તો એમની ટીકા સામે વિપક્ષો અને કપિલ સિબલ જેવા કાયદા નિષ્ણાતોએ સખત વાંધો લીધો છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે જેમને પણ વાંધા છે એ બધાંએ વિચારવાની જરૂર છે કે, સુપ્રીમ કોર્ટે આ રીતે વર્તવાની કેમ જરૂર પડી? આ સમસ્યાના મૂળમાં શું છે ?

તમિલનાડુના રાજ્યપાલ આર.એન. રવિએ વિધાનસભામાં પસાર કરેલાં બિલોને રોકી રાખ્યાં એ મુદ્દે સુપ્રીમ કોર્ટે રવિને ઝાટકી નાખ્યા પછી રાજકારણ ક્ષેત્રે જબરું દંગલ જામ્યું છે. સુપ્રીમ કોર્ટે વિધાનસભાએ પસાર કરેલાં બિલોને કેટલા સમયમાં મંજૂરી આપવી કે નકારી કાઢવાં અને રાષ્ટ્રપતિએ પણ કેટલા સમયમાં બિલ અંગે નિર્ણય લેવો તેનો ચુકાદો આપ્યો તેના કારણે કેટલાક વિવાદ-વિખવાદ ઊભા થયા છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે કેટલાક રાજ્યપાલોને વાંધો પડ્યો છે ને આપણા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સાહેબને પણ વાંધો પડ્યો છે. 'સુપ્રીમ કોર્ટ સુપર પાર્લામેન્ટ' તરીકે વર્તી રહી છે, ન્યાયતંત્રની દખલગીરીનો અતિરેક થઈ રહ્યો છે એ પ્રકારની ટીકા-ટકોર થઈ રહી છે અને સુપ્રીમ કોર્ટ રાષ્ટ્રપતિને આદેશ આપી જ કઈ રીતે શકે એ સવાલ પણ ઉઠાવવામાં આવ્યો છેઆવી ટીકા ટકોર ને સવાલો આપણા રાજકારણીઓની બંધારણ વિશેની અજ્ઞાનતા તો દર્શાવે જ છે, પણ સાથોસાથ સામંતશાહી માનસિકતા પણ દર્શાવે છે.રાષ્ટ્રપતિ દેશના બંધારણીય વડા છે એ ખરું, પણ રાજા થોડા છે કે એમને કોઈ આદેશ જ ના આપી શકે? આપણે લોકશાહીમાં જીવીએ છીએ, એના નિયત કાયદા-કાનૂનનું યથાયોગ્ય પાલન કરીએ છીએ. આપણે કંઈ રાજાશાહીમાં જીવતા નથી કે જ્યાં રાજાને કોઈ કાયદા લાગુ ના પડે ને એને મનફાવે એ રીતે વર્તવાની છૂટ હોય. લોકશાહીમાં બધાં જ બંધારણને આધીન રહેવા- વર્તવા બંધાયેલાં છે કેમ કે બંધારણ સર્વોપરી છે, રાષ્ટ્રપતિ કે બીજું કોઈ નહીં. રાષ્ટ્રપતિ બંધારણીય વડા છે, પણ સુપ્રીમ કોર્ટ બંધારણના રક્ષક છે. બંધારણની રક્ષા માટે જરૂરી બધું જ કરવાનો તેને અધિકાર છે તેથી સુપ્રીમ કોર્ટ ગમે તેને આદેશ આપી શકે.ભારતીય બંધારણની કલમ ૧૪૨ સુપ્રીમ કોર્ટમાં પડતર કોઈ પણ મુદ્દે ન્યાય કરવા માટે જરૂરી હોય એવા કોઈ પણ આદેશ આપવાની સત્તા આપે છે. આ દેશના રાષ્ટ્રપતિ પણ બંધારણના દાયરામાં આવે જ છે તેથી સુપ્રીમ કોર્ટ રાષ્ટ્રપતિને પણ આદેશ આપી શકે છે.આપણા હાલના ઉપ- રાષ્ટ્રપતિ ધનખડ પોતે એક જમાનામાં વકીલ હતા એ છતાં એ 'રાષ્ટ્રપતિને સુપ્રીમ કોર્ટ કઈ રીતે આદેશ આપી શકે' એવો સવાલ કરે ત્યારે આશ્ચર્ય સાથે એમની દયા પણ આવે છે. સત્તાની લાલસા જેના જ્ઞાન પર હાવી થઈ જાય ને તેના કારણે કોઈ વ્યક્તિ કાયદા બહારની ભાષા બોલતી થઈ જાય એ દયનિય જ કહેવાય.ધનખડજી આ પહેલાં પશ્ચિમ બંગાળમાં રાજ્યપાલ હતા. અહી પણ એ રાજ્યપાલ તરીકે પોતાનું ગૌરવ જાળવવાના બદલે ધનખડ ઉપરથી આદેશ આવે એટલે હડકાયા થઈને કઈ રીતે એ મમતા સરકારને કરડવા દોડતા એ બધા જાણે છે તેથી એમની પાસેથી વધારે અપેક્ષા રખાય એમ નથી.જગદીપ ધનખડ સહિતના લોકો સુપ્રીમ કોર્ટ વિરુદ્ધ નિવેદનબાજી કરીને 'સર્વોચ્ચ અદાલત પોતાની મર્યાદા ઓળંગી રહી છે' એવું ચિત્ર ઊભું કરવા મથી રહ્યા છે. ધનખડે સુપ્રીમ કોર્ટને 'સુપર પાર્લામેન્ટ' ગણાવી દીધી, પણ સુપ્રીમ કોર્ટે સંસદે કરવાનું કોઈ કામ કર્યું નથી. મતલબ કે, નવો કાયદો બનાવ્યો નથી. બંધારણની જે જોગવાઈ છે તેની તરફ રાજ્યપાલો અને રાષ્ટ્રપતિનું ધ્યાન જ દોર્યું છે. એમને અહેસાસ કરાવ્યો છે કે, તમે બંધારણથી પર નથી અને તમારે પણ બંધારણ પ્રમાણે વર્તવું જ પડશે.લોકશાહીમાં ચૂંટાયેલી સરકાર સર્વોપરી હોય છે અને ચૂંટાયેલી સરકારોનો મતલબ ખાલી કેન્દ્ર સરકાર નથી, રાજ્ય સરકારો પણ આ દેશના મતદારોએ ચૂંટેલી છે. રાજ્યપાલો જેમનાં બિલ રોકી રાખે છે એ બધી ચૂંટાયેલી સરકારો જ છે. રાજ્યપાલો આ સરકારોનાં બિલ રોકી રાખે એ પણ લોકશાહીનું ઘોર અપમાન છે. તમિલનાડુમાં સવા છ કરોડ મતદારો છે. આ સવા છ કરોડ મતદારોએ સ્ટાલિનની સરકારને ચૂંટીને સત્તા સોંપી છે. આર.એન. રવિ ત્યાંના રાજ્યપાલ છે, આ સવા છ કરોડ મતદારોના માલિક નથી કે એમના જનપ્રતિનિધીઓએ પસાર કરેલાં બિલોને પોતાના ટેબલ પર ધૂળ ખાવા માટે પડી રહેવા દે. રવિજી તો લોકશાહી ઢબે ચૂંટાયેલી સરકાર કરતાં પણ સુપીરિયર હોય- ઉચ્ચતર હોય એ રીતે વર્તી રહ્યા છે ત્યારે સુપ્રીમ કોર્ટે તો રવિજીને ઠમકોરીને લોકશાહીનું જતન કર્યું છે.આ બધા વાદ વિવાદ વિખવાદ વચ્ચે સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે જેમને પણ વાંધા છે એ બધાંએ વિચારવાની જરૂર છે કે, સુપ્રીમ કોર્ટે આ રીતે વર્તવાની કેમ જરૂર પડી? આ સમસ્યાના મૂળમાં શું છે?આ સમસ્યાના મૂળમાં રાજકારણીઓનો અહંકાર અને સત્તાલાલસા છે. આ દેશના બંધારણે દરેક બંધારણીય હોદ્દા પર બેઠેલી વ્યક્તિના અધિકાર શું છે અને એની મર્યાદા શું છે એ નક્કી કરેલું જ છે. કમનસીબે જે સત્તામાં આવે છે એને પોતાની મર્યાદા યાદ રહેતી નથી અને પોતાના વિરોધીઓના અધિકારો પણ યાદ રહેતા નથી. એ લોકો એવું જ માને છે કે, પોતાની પાસે સત્તા છે એટલે પોતાને ગમે તે રીતે વર્તવાનો પરવાનો મળી ગયો છે. કેન્દ્ર સરકાર વિરોધી સરકારો ધરાવતાં રાજ્યોમાં રાજ્યપાલો એમ જ માનીને વર્તી રહ્યા છે. રાજ્યપાલો આ દેશના બંધારણ તરફ નહીં, પણ જેમણે એમને આ રાજ્યપાલપદનો હોદ્દો 'ભેટ' આપ્યો છે એના તરફ વફાદારી બતાવી રહ્યા છે. એના કારણે ન તો એમનું કે ન તો લોકશાહીનું ગૌરવ જળવાતું નથી.

ભારતમાં અત્યારે જે સ્થિતિ પેદા થઈ છે તેનું કારણ કમનસીબે નેતૃત્વ છે. નેતા બે પ્રકારના હોય છે, એક રાજકારણી અને બીજા રાજપુરુષ, અંગ્રેજીમાં જેમને સ્ટેટ્સમેન કહે છે. રાજપુરુષ એવા શાસકો હોય કે જે સત્તાને સર્વસ્વ ન સમજતા લોકોનાં જીવન સુખમય બનાવવાનું માધ્યમ સમજે છે. સત્તાનો ઉપયોગ કઈ રીતે દેશને સમૃદ્ધ અને સંપન્ન કરવા કરી શકાય એ અંગે જ વિચારે, સત્તાનો ઉપયોગ વિરોધીઓને સાફ કરી નાખવા કે સત્તા ટકાવવા માટે ના કરે. રાજપુરુષ પણ રાજકારણ તો રમે જ પણ તેનું સ્તર ગટરછાપ નથી હોતું. એમના રાજકારણમાં પણ એક ગરિમા હોય છે.



# સાઉથમાં મારા મંદિરો બંધાશે : ઉર્વશી રૌતેલાનો દાવો

## સાઉથના મોટા સ્ટાર્સ સાથે ફિલ્મો બાદ ઉર્વશીની લોકપ્રિયતા વધી

મોડેલ અને એક્ટ્રેસ ઉર્વશી રૌતેલા ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જાણીતી છે, છેલ્લાં કેટલાક સમયથી તે પોતાની સાઉથની ફિલ્મોને લઈને ઘણી ચર્ચામાં રહે છે. ત્યારે તેણે તાજેતરમાં એક રસપ્રદ ખુલાસો કર્યો છે. તેણે કહ્યું કે ટૂંક સમયમાં સાઉથમાં તેનું મંદિર બનવાનું છે.

એક ઈન્ટરવ્યુમાં ઉર્વશીએ કહ્યું કે તેના નામનું એક મંદિર બન્યું છે અને લોકો તેની પૂજા પણ કરે છે. તેને આશા છે કે સાઉથમાં તેનું મંદિર પણ બને. તેના આ નિવેદનથી સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા થઈ છે. ઉર્વશીએ સાઉથમાં ચિરંજીવી તેમજ બાલાક્રિશ્ના જેવા કલાકારો સાથે કામ કર્યું છે અને બંનેના અઢળક પ્રસંશકો છે. ત્યારે તેને આશા છે કે તેના મંદિરની વાત ટૂંક સમયમાં એક વાસ્તવિકતા બની શકે છે. સાઉથમાં આ પહેલાં ઘણા સેલેબ્રિટીના મંદિર બની ચૂક્યા છે. ઉર્વશીના સાઉથમાં વધતા કામ અને સ્ટારડમના પગલે તે પણ આવા સેલેબ્સની યાદીમાં જોડાય તેવી શક્યતા વધુ છે.

ઉર્વશી માટે ૨૦૨૫નું વર્ષ મહત્વનું રહેવાનું છે. તેની 'ડાકુ મહારાજ' ૧૦૦ કરોડ ક્લબમાં પ્રવેશી ચૂકી છે, તેણે સની દેઓલ સાથે 'જાટ'માં પણ કામ કર્યું છે. હવે તે 'વેલકમ ૩', 'બાપ', 'ઈન્સ્પેક્ટર અવિનાશ ૨' તેમજ પરવીણ બાબીની બાયોપિક અને જેસન ડેરુલોના મ્યુઝિક વીડિયોમાં પણ કામ કરવાની છે.



# યશની કેજીએફ૩ની જાહેરાત, પ્રોડક્શન હાઉસે ફિલ્મ કન્ફર્મ કરી

## ૨૦૨૫માં જ ફિલ્મ રિલીઝ થાય એવી શક્યતા

રોકીની સ્ટોરી આજ સુધી અધુરી રહી છે, ત્યારે હવે ફિલ્મના હોમબેલ પ્રોડક્શનના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર ફિલ્મના ત્રીજા ભાગની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે એવી પણ આશા છે કે આ ફિલ્મ બહુ જલ્દી રિલીઝ થઈ જશે. ઘણા વખતથી તેના આગામી ભાગ અંગે ચર્ચાઓ ચાલતી હતી. ત્યારે 'કેજીએફ ચેપ્ટર ૨'નાં ત્રણ વર્ષ પૂરાં થતાં હોમબેલ ફિલ્મ્સ દ્વારા તેના ત્રીજા ભાગની પણ જાહેરાત કરવામાં આવી છે. ફિલ્મનું કામ શરૂ થઈ ચૂક્યું છે અને ૨૦૨૫માં જ થિએટરમાં આવી જાય એવી શક્યતા છેપ્રશાંત નીલની આ ફિલ્મથી યશ સાઉથના સુપરસ્ટારમાંથી એક નેશનલ હિરો બની ગયો હતો. સમગ્ર દેશમાં તેના ફૅન્સ અચાનક વધી ગયા હતા. આ ફિલ્મમાં રાજા ક્રિશ્નપ્પા બૈર્યા એટલે કે રોકીભાઈ નામના ગેંગ્સ્ટરની વાત છે, જે મુંબઈની ગલીઓમાંથી કોલારની રક્ત રંજિત સોનાની ખાણોનો બાદશાહ બની જાય છે. ઈન્ડિયન ફિલ્મની ઘણી લોકપ્રિય અને રસપ્રદ ફિલ્મ બની રહી હતી. ફિલ્મનો બીજો ભાગ ૧૪ એપ્રિલ, ૨૦૨૨ના દિવસે રિલીઝ થઈ હતી. આ રીતે આ એક મોટી ફ્રેન્ચાઈઝી બની ગઈ હતી. તેની ભાવુક વાર્તા અને યશ, રવિના ટંડન અને સંજય દત્ત જેવા કલાકારોના યાદગાર અભિનયથી આ ફિલ્મ ભારતીય ફિલ્મોમાં સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ હતી. હવે ત્રણ વર્ષ પછી તેના ત્રીજા ભાગની જાહેરાત કરવામાં આવી છે. તેમણે સોશિયલ મીડયા પર કરેલી પોસ્ટમાં લખ્યું હતું, "એક રાક્ષસી વાવાઝોડાએ મોટા પડદા પર તોફાન લાવી દીધું હતું, જેણે થિએટરમાં ઉજવણીનો માહોલ બનાવી દીધો હતો અને સોનાનો વારસો જડી દીધો હતો." આ સાથે એક વીડિયો પણ શેર કરવામાં આવ્યો હતો. તેથી યશના ફૅન્સ પણ ખુશ થઈ ગયા હતા.

હોમબેલ ફિલ્મ્સે અગાઉ પણ જાહેરાત કરી હતી. એ મુજબ કેજીએપ ૩નું કામ ૨૦૨૩ના અંતમાં શરૂ થવાનું હતું. ફિલ્મ ૨૦૨૫માં રિલીઝ પણ થવાની હતી. જોકે, આ ફિલ્મની કાસ્ટ અને વાર્તા વિશે કોઈ જાહેરાત થઈ નથી. તેથી હવે આ ફ્રેન્ચાઈઝીની ફૅન્સ યશના રોલની જ રાહ જોશે.



# 'મને હંમેશા લોકોએ કવિ અને ફિલોસોફરના રોલ જ આપ્યા છે'


## કુનાલ કપૂરને 'જ્વેલ થીફ'માં કામ કરીને આઝાદીનો અનુભવ થયો

સૈફ અલી ખાન અને જયદીપ આહલાવત જેવા કલાકારો જેમાં છે, એ ફિલ્મ 'જ્વેલ થીફ – ધ હાઈસ્ટ બિગિન્સ'ના ટ્રેલર લોંચની ઈવેન્ટ મુંબઈ ખાતે યોજાઈ હતી, આ ફિલ્મમાં કુનાલ કપૂરે પણ કામ કર્યું છે, ત્યારે તાજેતરમાં તેણે પોતાના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવીને આઝાદી અનુભવી હોવાની વાત કરી હતી. કુનાલ સામાન્ય રીતે શાંત, વિચારશીલ અને સરળ પાત્રો નીભાવવા માટે જાણીતો કલાકાર છે. ત્યારે કુનાલે કહ્યું કે તેને આ ફિલ્મમાં કશુંક નવું કરવાની તક મળી છે.કુનાલે કહ્યું, "મારે ઘણા સમયથી આવું કોઈ કામ કરવું હતું, મેં પહેલા આવી કોઈ લૂંટની ફિલ્મમાં ક્યારેય કામ કર્યું નથી. આ એવી ફિલ્મ છે, જેમાં તમને દરેક સીનમાં કોઈ સરપ્રાઈઝ મળશે. મહત્વની વાત એ છે કે આ ફિલ્મ એવા લોકોએ બનાવી છે, જે લોકો આ જોનરને સમજે છે. જ્યારે આવી ઉમદા ટીમ સાથે ફિલ્મની ઓફર મળી તો હું એ નકારી શક્યો નહી."

કુનાલે કહ્યું કે આ પહેલાં તેણે જે પણ રોલ કર્યા એ વધુ સહજ, સરળ પાત્રો હતા. કુનાલે કહ્યું કે સ્ક્રીન પર એક મજબૂત પાત્ર ભજવવા તે ઉત્સુક છે. કુનાલે કહ્યું, "આ પહેલાં હું હંમેશા કોઈ મિડીયેટર, શાંતિપ્રિય, કવિ, કે કોઈ ફિલોસોફર જેવા પાત્રો જ કરતો આવ્યો છું. સામાન્ય રીતે મને એવા જ પાત્રો મળે છે, જેમાં મારું પાત્ર એવું જ કહે કે, "ચલો વાત કરીએ અને કોઈ બાંધછોડ કરી લઈએ, ચલો ચાર જણ વચ્ચે હિરા વહેંચી લઈએ અને આગળ વધીએ." પણ આ રોલ મારા પહેલાના રોલથી ઘણો અલગ છે. તેમાં મને કોઈના પર બંદૂક તાકવાની, તેમને પાડી દેવાની કે કેટલાંક લોકો સાથે છળ કરવાની તક મળી. મને જાણે આઝાદી મળી હોય એવો અનુભવ થયો."'જ્વેલ થીફ: ધ હાઈસ્ટ બિગિન્સ' આફ્રિકન રેડ સન નામના હીરાની લૂંટની વાત કરતી એક થ્રિલર ફિલ્મ છે. એક શક્તિશાળી ગુનેગાર દ્વારા આ લૂંટ માટે સૈફ અલી ખાનને રોકવામાં આવે છે, જે વેશ પલટાનો નિષ્ણાત છે. જ્યારે જયદીપ આહલાવત એક એવા પાત્રમાં છે, જે સમગ્ર લૂંટનો કારભાર સંભાળે છે. જ્યારે કુનાલ એક પોલિસ ઓફિસરના રોલમાં છે, જે લૂંટારુઓને ટેન્શન આપવાનું કામ કરે છે. આ ફિલ્મમાં નિકિતા દત્તા પણ મહત્વના રોલમાં છે, આ ફિલ્મ નેટફ્લિક્સ પર ૨૫ એપ્રિલે રિલીઝ થશે

# રણવીર સિંહની ડોન ૩માં કિઆરાનું સ્થાન શર્વરી લેશે

શર્વરી વાઘને દર્શકો 'મુંજ્યા' અને 'વેદા' જેવી ફિલ્મોમાં એક્શન રોલમાં જોઈ ચૂક્યાં છે, તેના પછી હવે તે આલિયા ભટ્ટ સાથે યશરાજ ફિલ્મ્સની સ્પાય થ્રિલર 'આલ્ફા'માં પણ કામ કરી રહી છે. ત્યારે હવે તે વધુ એક મોટી ફિલ્મમાં કામ કરતી હોવાના અહેવાલો છે. શર્વરી વાઘ 'ડોન ૩'માં રણવીર સિંહ સાથે કામ કરવાની છે, પહેલાં આ ફિલ્મમમાં રણવીર સાથે કિઆરા અડવાણી લીડ રોલ કરવાની હતી, પરંતુ પ્રેગનન્સીના કારણે તેણે આ ફિલ્મ છોડી દીધી છે. તાજેતરના અહેવાલો અનુસાર ફરહાન અખ્તરે આ ફિલ્મ માટે શર્વરીને પસંદ કરી છે. જોકે, હજુ આ અંગે કોઈ આખરી નિર્ણય જાહેર કરાયો નથી.સૂત્રના જણાવ્યા અનુસાર, "શર્વરી સાથે અન્ય પણ એક એક્ટ્રેસ અંગે વિચારણા ચાલુ હતી. પરંતુ શર્વરી આ રોલ મેળવવામાં સફળ રહી છે. ફિલ્મની ટીમ પણ શર્વરીને લઈને ખુશ છે. શર્વરી પણ આ રોલ માટે ઘણી ઉત્સાહીત છે કે તે વધુ એક મોટી ફ્રેન્ચાઈઝીમાં કામ કરી રહી છે. કારણ કે આલ્ફા પણ એક મોટા બેનરની એક્શન ફિલ્મ છે."આ ફિલ્મનું શૂટિંગ આ જ વર્ષે શરૂ થઈ જાય તેવી શક્યતા છે. જોકે, એવા અહેવાલો પણ છે કે આ ફિલ્મનું શૂટિંગ હવે પાછું ઠેલાયું છે. અગાઉ નવેમ્બર ૨૦૨૩માં ફરહાન અખ્તરે તેની ટાઈમલાઈન શેર કરી હતી, તેમાં કહ્યું હતું, "ફિલ્મના મેકર્સ અને રણવીર સિંગ બધાં જ ઉત્સાહીત છે અને ડોન ૩ના કામમાં કોઈ જ ફેરફાર થશે નહી. પોસ્ટપોન થવાના અહેવાલો ખોટાં છે."પહેલાં રણવીર સિંગ પણ શાહરુખને આ ફિલ્મ માટે રીપ્લેસ કરી ચૂક્યો છે. તાજેતરમાં એવા પણ અહેવાલો આવ્યા છે કે વિક્રાંત મેસ્સી આ ફિલ્મમાં વિલનના રોલમાં જોવા મળશે. હાલ તો શર્વરી તેની આગામી એક્શન થ્રિલર આલ્ફાના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મ શિવ રવૈલ દ્વારા ડિરેક્ટક કરવામાં આવી છે. તેમાં શર્વરી સાથે આલિયા પણ છે, આ ફિલ્મ ક્રિસમસ ૨૦૨૫ પર રિલીઝ થશે.





# અક્ષય કુમારે દર્શકોને 'કેસરી ૨'જોતી વખતે ફોનનો ઉપયોગ ટાળવા વિનંતિ કરી

'કેસરી ૨' ફિલ્મની રિલીઝના ૩ દિવસ પહેલાં અક્ષય કુમાર અને ફિલ્મની સમગ્ર કાસ્ટ મંગળવારે નવી દલ્હી ખાતે યોજાયેલા ગ્રાન્ડ પ્રીમિયરમાં હાજર રહી હતી. આ ઈવેન્ટ દરમિયાન અક્ષય કુમારે દર્શકોને ખાસ વિનંતિ કરી હતી. અક્ષયે ત્યાં આવેલા દરેકને વિનંતિ કરી હતી કે તેઓ 'કેસરી ૨' જોતી વખતે મોબાઈલનો ઉપયોગ ન કરે અને પૂરા ધ્યાન સાથે ફિલ્મને અનુભવે.

આ ઈવેન્ટમાં અક્ષય કુમારે લકોને વિનંતિ કરતા કહ્યું, "હું બધાને નમ્રતાપૂર્વક વિનંતિ કરું છું કે તમારા ફોન મહેરબાની કરીને તમારા ખિસ્સામાં રાખો અને ફિલ્મનો દરેક ડાયલોગ ધ્યાનથી સાંભળો. અમારા માટે એ બહુ મહત્વનું છે. જો તેમ ચાલુ ફિલ્મે તમારું ઈન્સ્ટાગ્રામ ખોલીને જુઓ છો તો એ ફિલ્મ માટે મોટું અપમાન હશે. તો હું દરેકને વિનંતિ કરું છું કે તમારા ફોન ફિલ્મ દરમિયાન દુર જ રાખશો."દિલ્હી ખાતે યોજાયેલા આ ખાસ સ્ક્રિનીગમાં કેટલાક જાણીતા રાજતીય નેતાઓ પણ હાજર રહ્યા હતા. તેમાં દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા, ભાજપના સંસદ સભ્યો અનુરાગ ઠાકુર, બંસુરી




સ્વરાજ તેમજ કેન્દ્રીય મંત્રી હરદીપ સિંઘ પુરી, મનિનંદર સિંઘ સિરસા, કપિલ મિશ્રા અને આશિષ સૂદ સહીતના લોકો હાજર હતા. આ ફિલ્મમાં અક્ષય કુમાર સાથે આર.માધવન પણ હાજર હતો, જેણે આ મહેમાનોનું વ્યક્તિગત રીતે સ્વાગત પણ કર્યું હતું. ચાણક્યપુરીના એક જાણીતા થિએટરમાં આ પ્રિમીયર યોજાયું હતું. આ બાબતે ફિલ્મના દર્શકો અને અક્ષયના ફૅન્સ પણ ઘણા ઉત્સાહીત હતા. આ ફિલ્મ સાથે કરણ સિંઘ ત્યાગીએ ડિરેક્ટર તરીકે ડેબ્યુ કર્યું છે. આ ફિલ્મ સત્ય ઘટના આધારીત છે, જે જલિયાંવાલા બાગના હત્યાકાંડની ઘટના સામે બ્રિટિશ સામ્રાજ્ય સામે કોર્ટમાં કેસ લડેલાં વકીલ સી.સંકરન નાયરના ૧૯૨૦ના વર્ષના કેસ પર આધારીત ફિલ્મ છેફિલ્મમાં ૧૯૨૪ના માનહાનિના કેસની વાત છે, આ કેસ અંગે 'કેસ ધેટ શૂક ધ એમ્પાયર' પુસ્તક પરથી ફિલ્મનો આધાર લેવાયો છે. આ પુસ્તક રઘુ પલટ, નાયરના પૌત્ર અને તેમની પત્ની પુષ્પા પલટ દ્વારા લખવામાં આવ્યું છે. પંજાબમાં એ વખતના બ્રિટિશ લેફ્ટનન્ટ ગવર્નર માઈકલ ઓ'ડાયરના પુસ્તકમાં ખુલાસો કર્યા બાદ નાયર સામે કેસ થયો હતો. તે જ જલિયાંવાલા બાગની ઘટનાનો માસ્ટર માઈન્ડ હતો. 'કેસરી ૨' કરણ જોહર દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે અને ૧૮ એપ્રિલે રિલીઝ થવાની છે.આ ફિલ્મનું એડવાન્સ બૂકિંગ શરૂ થઈ ગયું છે અને ધીરે ધીરે તેમાં વધારો થઈ રહ્યો છે. કેટલાંક અહેવાલો અનુસાર લગભગ ૪૦૦૦ ટિકીટ વેંચાઈ ગઈ છે અને તેનાથી ૧૨ લાખ રૂપિયાની આવક થઈ છે. જો ચોક્કસ આંકડાઓની વાત થાય તો ૧૯૪૮ શોની કુલ ૪૦૩૪ ટિકીટ વેંચાઈ છે, ૧૬ એપ્રિલે બપોરે ૨ વાગ્યા સુધીમાં ૧૨,૬૫,૨૯૮ રૂપિયાની કમાણી થઈ છે. જો સરેરાશ ટિકિટની કિંમત ૨૫૦ રૂપિયા છે. તેમાં એનસારમાં લગભગ ૩.૫૪ લાખની ટિકિટ વેંચાઈ છે, જ્યારે મુંબઈ અને બેંગ્લોરમાં ૧.૪૮ લાખની ટિકિટ વેંચાઈ છે.દિલ્હીના સ્ક્રિનીંગ દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ ફિલ્મના વખાણ કર્યા હતાં. તેમણે કહ્યું, "આ એક અદ્ભુત ફિલ્મ છે. હું હંમેશા કહું છું કે આપણને કદાચ દેશ માટે મરવાનો મોકો ન મળે પણ આપણે આ દેશ માટે જીવવાનું તો શરૂ કરી જ શકીએ."

# પ્રતીક ગાંધીની 'સ્કેમ'નો કોઈ લેણદાર નહોતો – ડિરેક્ટર હંસલ મહેતાનો ખુલાસો

હર્ષદ મહેતાએ ડિરેક્ટ કરેલી પ્રતિક ગાંધીની સિરીઝ 'સ્કેમ ૧૯૯૨' ૨૦૨૦માં રિલીઝ થઈ હતી. જે અતિશય સફળ રહી હતી અને આ સીરિઝથી પ્રતિક ગાંધી અને હંસલ મહેતા બંને છવાઈ ગયા હતા. તાજેતરમાં જ હંસલ મહેતાએ એક ઈન્ટરવ્યુમાં આ સિરીઝ રિલીઝ થઈ તે પહેલાંનાં તબક્કા વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે શરૂઆતમાં કોઈ પણ ઓટીટી પ્લેટફર્મ આ સિરીઝ લેવા તૈયાર નહોતું. તેથી જ્યારે સોનીલિવ આ શો માટે સહમત થયું તો તે બહુ ખુશ થયા નહોતા. હંસલ મહેતાએ કહ્યું, "૨૦૧૭માં અમે સ્કેમ લખી હતી. અમને એ લખતા ૩-૪ વર્ષ થયાં હતાં. ૨૦૧૯માં અમે તેનું શૂટિંગ શરૂ કર્યું હતું. ઓગસ્ટ ૨૦૧૯માં અમે શો રિલીઝ કરવા તૈયાર હતા."

આગળ હંસલ મહેતાએ જણાવ્યું, "ત્યારે અમે પ્રેશરમાં હતા, લોકડાઉન હતું અને સોની લિવે કહ્યું કે આ જ તક છે, જલદી શો રિલીઝ કરી દો. એ વખતે સોની પણ નવું પ્લેટફર્મ હતું, સ્કેમ સ્કેમનો કમાલ હતો. અમે બહુ વિશ્વાસ સાથે અમારો શો બનાવ્યો હતો. તેથી અમને તો એવું હતું કે





અમે એટલો જોરદાર શો બનાવ્યો છે કે કોઈ પણ ઓટીટી પ્લેટફર્મ આ શો ખરીદી લેશે. પણ કોઈ પ્લેટફર્મ આ શો માટે આગળ આવ્યું નહી. બધાં બસ એવું જ કહેતાં કે કોણ છે આ પ્રતિક ગાંધી?"

આગળ હંસલ મહેતાએ આ શોના પ્રોડ્યુસરના વખાણ કરતા કહ્યું, "અપ્લાઉઝ અને સમીર નાયરે મોટું કામ કર્યું. સમીરનીએ દીર્ઘ દૃષ્ટિ, એ કોઈની પણ પાસે સ્કેમ બનાવડાવી શક્યા હોત અને એ પૈસા આપેત તો કોઈ પણ આ કામ કરી શક્યું હોત. પરંતુ હું મુકેશ છાબરા પાસે ગયો. મેં એને કહ્યુ કે મારે આ પ્રતિક ગાંધી નામનો કલાકાર જોઈએ છે. એણે એક પણ ક્ષણનો વિચાર કર્યા વિના હા કહી દીધી. મેં એને અચિંતે કમ્પોઝ કરેલું મ્યુઝિક સંભળાવ્યું, અમે થોડાં વખત પહેલાં જ એ ટૂકડો તૈયાર કર્યો હતો. સમીરે એ સાંભળ્યું અને એ લઈ જ લીધું."

મહેતાએ કહ્યું, "નવા કલાકાર હોય તો કોઈ પણ પ્રકારના ભારણ વિના આવે છે. તેમની સર્જનાત્મકતા પણ ધારદાર હોય છે. તેઓ રિસ્ક લેતા ડરતા નથી, આત્મવિશ્વાસ સાથે જોખમ લઈ જાણે છે. એ આયોજનપૂર્વક કરવું શક્ય હોતું નથી. તેથી જ સ્કેમ આટલું સફળ થયું."સોનીલિવ સાથેના અનુભવ વિશે હંસલ મહેતાએ કહ્યું, "૩૧ મે, ૨૦૨૦, લોકડાઉન વખતે મને સોનીલિવથી ફોન આવ્યો કે તમારો ફોટો આપો. મેં કહ્યું, તમારે કેમ મારો ફોટો જોઈએ છે? તો એમણે કહ્યું કે તમારો શો આવી રહ્યો છે.

# બેંગ્લોરની સાત વિકેટે જીત, પંજાબ સામે પરાજયનો બદલો લીધો



વિરાટ કોહલી અને દેવદત્ત પડિક્કલની શાનદાર ફિફ્ટીની મદદથી રોયલ ચેલેન્જર્સ બેંગલોરનો પંજાબ કિંગ્સ સામે સાત વિકેટે વિજય થયો હતો. આ સાથે જ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે આ સિઝનમાં હરીફ ટીમના હોમગ્રાઉન્ડ પર વિજય મેળવવાનો સિલસિલો જાળવી રાખ્યો હતો. પંજાબ સામે ઘરઆંગણે મળેલા પરાજયનો બદલો બેંગલોરે ૪૮ કલાકમાં જ વાળ્યો હતો. મેન ઓફ ધ મેચ વિરાટ કોહલીના ૫૪ બોલમાં સાત ચોગ્ગા અને એક છગ્ગાના સહારે અણનમ ૭૩ રનની મદદથી બેંગ્લોરે પંજાબનો ૧૫૮ રનનો ટારગેટ ૧૮.૫ ઓવરમાં ત્રણ વિકેટે વટાવ્યો હતો. બેંગલોર આ સાથે જ પોઈન્ટ ટેબલમાં પાંચ વિજય સાથે ૧૦ અંક મેળવીને ત્રીજા સ્થાને રહ્યું છે. પંજાબ સામે બેંગલોરની ધીમી શરૂઆત રહી હતી. ઓપનર ફિલ સોલ્ટ (૧)ની ઝડપથી વિકેટ પડ્યા બાદ પાવરપ્લેમાં આરસીબીએ એક વિકેટે ૫૪ રન નોંધાવ્યા હતા. દેવદત્ત પડિક્કલે ૩૫ બોલમાં પાંચ ચોગ્ગા અને ચાર સિક્સરની મદદથી ૬૧ રન નોંધાવ્યા હતા. તેણે વિરાટ કોહલી સાથે બીજી વિકેટ માટે ૧૦૩ રનની વિજયી ભાગીદારી કરી હતી. કોહલી ધીરજપૂર્વક બેટિંગ પ્રદર્શન થકી બેંગ્લોરને જીતની નજીક લઈ ગયો હતો અને તે નોટઆઉટ રહ્યો હતો. ૧૩મી ઓવરમાં હરપ્રીત બ્રારના બોલ પર પડિક્કલ વાઢેરાના હાથે કેચ આઉટ થતા બેંગ્લોરની બીજી વિકેટનું પતન થયું હતું. રજત પાટીદારે ૧૩ બોલમાં ૧૨ રન કર્યા હતા અને ચહલના બોલને લોંગ ઓન પર ફટકારવા જતા યેન્સેનના હાથે કેચ આઉટ થયો હતો પરંતુ ત્યાં સુધીમાં બેંગ્લોર વિજયની નજીક પહોંચી ગયું હતું. જીતેશ શર્માએ એક છગ્ગા સાથે આઠ બોલમાં ૧૧ રનની અણનમ ઈનિંગ્સ રમી હતી. પંજાબ તરફથી અર્શદીપ, હરપ્રીત અને ચહલે એક-એક સફળતા મેળવી હતી.

બેંગ્લોરના સુકાની રજત પાટીદારે ટોસ જીતીને પ્રથમ બોલિંગ લીધી હતી. બેંગલોરના બોલર્સ કૃણાલ પંડ્યા અને સુયશ શર્માએ બે-બે વિકેટ ઝડપતા પંજાબને છ વિકેટે ૧૫૭ પર સિમિત રાખ્યું હતું. પંજાબના ઓપનર્સ પ્રિયાંશ આર્ય (૨૨) અને પ્રભસિમરન (૩૩)એ સકારાત્મક શરૂઆત અપાવી હતી અને પાવરપ્લેમાં પ્રિયાંશની એક વિકેટ ગુમાવતા ૬૨ રન કર્યા હતા. ત્યારબાદ ૧૪ રનના ટૂંકા ગાળામાં જ પંજાબે ત્રણ વિકેટ ગુમાવી હતી અને સ્કોર ચાર વિકેટે ૭૬ રન થયો હતો. કેપ્ટન શ્રેયસ (૬) મોટી ઈનિંગ્સ રમી શક્યો નહતો તથા નેહલ વાઢેરા (૫) રન આઉટ થયો હતો. શશાંક સિંઘે અણનમ ૩૧ રન ફટકારતા સ્કોર ૧૫૦ને પાર પહોંચાડ્યો હતો. માર્કો યેન્સેને પણ ૨૦ બોલમાં બે છગ્ગા સાથે ૨૫ રન કર્યા હતા અને નોટ આઉટ રહ્યો હતો. બેંગ્લોર તરફથી કૃણાલ પંડ્યા અને સુયશ શર્માએ બે-બે વિકેટ જ્યારે રોમારિયો શેફર્ડે એક વિકેટ લીધી હતી.

# રોહિત-સુર્યકુમાર ઝળક્યા, મુંબઈનો નવ વિકેટે વિજય



ઈન્ડિયન પ્રીમિયર લીગના ક્લાસિક મુકાબલામાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામે મુંબઈ ઈન્ડિયન્સે નવ વિકેટે વિજય મેળવ્યો હતો. આ સાથે મુંબઈ ઈન્ડિયન્સે પોઈન્ટ ટેબલમાં પણ પોતાની સ્થિતિ મજબૂત કરી હતી. ચેન્નાઈ સુપર કિંગ્સે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૭૬ રનનો સ્કોર રજૂ કર્યો હતો. જવાબમાં ગૃહ ટીમ મુંબઈએ એક વિકેટ ગુમાવીને ૧૫.૪ ઓવરમાં સરળતાથી તેને પાર કરી લીધો હતો. રોહિત શર્માએ આઈપીએલની ૧૮મી સિઝનમાં સૌપ્રથમ અડધી સદી ફટકારીને ફોર્મ મેળવ્યું હતું. રોહિતે ૪૫ બોલમાં ચાર ચોગ્ગા અને છ છગ્ગાના સહારે ૭૬ રનની અણનમ ઈનિંગ્સ રમી હતી. જ્યારે સુર્યકુમાર યાદવે ૩૦ બોલમાં છ ચોગ્ગા અને પાંચ છગ્ગાની મદદથી અણનમ ૬૮ રન ફટકાર્યા હતા. બંને વચ્ચે બીજી વિકેટ માટેની ૧૧૪ રનની અજેય ભાગીદારી નોંધાઈ હતી. રોહિત શર્મા મેન ઓફ ધ મેચ બન્યો હતો.

મુંબઈ માટે જીતનો પાયો ઈમ્પેક્ટ ખેલાટી રોહિત શર્માએ નાંખ્યો હતો. ૩૩ બોલમાં ફિફ્ટી પુરી કર્યા બાદ રોહિતે સીએસકેના બોલર્સની જોરદાર ધોલાઈ કરી હતી અને ૪૫ બોલમાં ચાર ચોગ્ગા તથા છ છગ્ગા સાથે ૭૬ રનની અણનમ ઈનિંગ્સ રમી હતી. રિકલટન ૨૪ રનના વ્યક્તિગત સ્કોર પર આઉટ થયો હતો. સુર્યકુમારે રોહિતનો સાથ આપતા ૬૮ રન ફટકાર્યા હતા જેમાં છ ચોગ્ગા અને પાંચ છગ્ગા સામેલ હતા. જાડેજા (૨૮/૧) સિવાય ચેન્નાઈના અન્ય બોલર્સ અસરકારક રહ્યા નહતા.


ટોસ જીતીને મુંબઈએ પ્રથમ બોલિંગ લીધી હતી. મુંબઈ ઈન્ડિયન્સના બોલર્સે ઘરઆંગણેની સ્થિતિનો ફાયદો ઉઠાવ્યો હતો અને શરૂઆતથી સીએસકેના પર દબાણ લાવતા ઓપનર રચિન (૫)ને આઉટ કર્યો હતો. મહારાષ્ટ્રના જ યુવા બેટ્સમેન આયુષ મ્હાત્રેએ સીએસકેમાંથી રમતા ૧૫ બોલમાં ચાર ચોગ્ગા અને બે છગ્ગા સાથે ૩૨ રન નોંધાવ્યા હતા. દીપક ચાહરના શોર્ટ બોલને લોંગ ઓન પર ફટકારવા જતા સેંટનરે તેનો કેચ ઝડપ્યો હતો. તેની બીજી જ ઓવરમાં શેખ રશીદ (૧૯) પણ સેંટનરના બોલ પર સ્ટમ્પ આઉટ થયો હતો. ચેન્નાઈનો સ્કોર ત્રણ વિકેટે ૬૩ રન હતો. ત્યારબાદ રવીન્દ્ર જાડેજા અને શિવમ દુબેએ મોચરો સંભાળ્યો હતો અને બંનેએ ફિફ્ટી ફટકારી હતી. જાડેજા ૫૩ રન કરી નોટ આઉટ રહ્યો હતો જ્યારે દુબેએ ૫૦ રન નોંધાવ્યા હતા. બંનેએ મુંબઈના બોલર્સ સામે સંયુક્ત છ છગ્ગા ફટકાર્યા હતા અને ચોથી વિકેટ માટે ૭૯ રન જોડ્યા હતા. બુમરાહની ઓવરમાં ધોની ચાર રન કરીને ડીપ સ્ક્વેર લેગ બાઉન્ડ્રી પર તિલકના હાથે કેચ આઉટ થયો હતો.

# પાકિસ્તાન બોર્ડ પાસેથી બાકી ભથ્થું મળે તેની રાહ જોઈ રહ્યો છું : ગિલેસ્પી

ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ પેસ બોલર તેમજ પાકિસ્તાનના પૂર્વ કોચ જેસન ગિલેસ્પીએ દાવો કર્યો છે કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ પાસેથી તેને ભથ્થા પેટે કેટલીક રકમ લેવાની બાકી છે. ગિલેસ્પીએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટ શેર કરી હતી અને જણાવ્યું હતું કે, પીસીબી તરફથી હજુ મારા કેટલાક બાકી પગારની રકમ માટે રાહ જોઈ રહ્યો છું.

પાક. બોર્ડ તરફથી આ બાકી રકમની મંજૂરીની રાહ જોઈ રહ્યો છું. ૨૦૨૪માં ઓસ્ટ્રેલિયાના પૂર્વ બોલર જેસન ગિલેસ્પી અને દક્ષિણ આફ્રિકાના પૂર્વ ખેલાડી ગેરી કર્સ્ટનની પાકિસ્તાન ક્રિકેટ ટીમમાં ટેસ્ટ તેમજ સિમિત ઓવર માટેના હેડ કોચ તરીકે નિમણૂક કરી હતી. બંનેને બે વર્ષ માટે કરારબદ્ધ કરવામાં આવ્યા હતા પરંતુ છ મહિનાની અંદર જ રાજીનામું આપવાની ફરજ પાડી હતી.

બંને વિદેશી કોચને રાષ્ટ્રીય પસંદગી સમિતિમાં સ્થાન સહિત વધુ છૂટછાટને બોર્ડે પરત ખેંચી હતી. ત્યારબાદ સૌપ્રથમ વખત પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ સાથેની



નાણાકીય બાબતો અંગે કોઈએ મૌન તોડ્યું છે. ગિલેસ્પીએ જણાવ્યું કે, હું પીસીબી પાસેથી મારા ભથ્થાની રાહ જોઈ રહ્યો છું. ગેરી અને મને એક ટીમ તૈયાર કરવાનું સપનું વહેંચવામાં આવ્યું હતું. એક મેચમાં પરાજય થતા જ આ સપનાને બારીમાંથી બહાર ફેંકી દેવામાં આવ્યું હતું. પીસીબીએ નેશનલ ટીમના હેડ કોચ અને લાહોર સ્થિત હાઈ પરફોર્મન્સ સેન્ટર ખાતે ડાયરેક્ટરના પદ માટેના આવેદનો મંગાવતી જાહેરાત શનિવારે વેબસાઈટ પર મુકી હતી. પૂર્વ ક્રિકેટર અકિબ જાવેદ હાલમાં પાકિસ્તાન ટીમનો વચગાળાનો હેડ કોચ છે અને તેને હવે કાયમી ધોરણે આ પદ સોંપવામાં આવે તેવી સંભાવના છે. પીસીબીએ આવેદનો સોંપવાની અંતિમ તારીખ ૫મી મે નિર્ધારિત કરી છે.

# મારી આત્મકથામાં મેચ ફિક્સિંગના બધા રહસ્યોનો ઘટસ્ફોટ કરીશ: રાશિદ



પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન રાશિદ લતિફે તેની આત્મકથામાં પાકિસ્તાનની ટીમના મેચ ફિક્સિંગ કાંડ અંગે તમામ રહસ્યોનો ઘટસ્ફોટ કરવાનું જણાવ્યું છે. ૯૦ના દાયકામાં પાકિસ્તાન ટીમ પર મેચ ફિક્સિંડનો આરોપ લાગતા ખળભળાટ મચી ગયો હતો. રાશિદે દાવો કર્યો છે કે, મારા પુસ્તકમાં હું તમામ હકીકત અંગે વિસ્તારપૂર્વક જણાવીશ જેનાથી તમામની આંખ ઉઘડશે. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાન ક્રિકેટ ટીમનો પૂર્વ કેપ્ટન રહી ચુકેલા રાશિદે પાક. ડ્રેસિંગરૂમમાં મેચ ફિક્સિંગ થતું હોવાનો સૌપ્રથમ ધડાકો કર્યો હતો. લતિફના મતે તેણે આત્મકથા લખવાની કામગીરી શરૂ કરી દીધી છે. લતિફે ૨૦૦૪માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તી લીધા બાદ આ સૌપ્રથમ વખત તેની આત્મકથા વિશે વાત કરી હતી. રાશિદ લતિફ પાકિસ્તાન ક્રિકેટના ઈતિહાસમાં સર્વશ્રેષ્ઠ વિકેટકીપર પૈકીનો એક છે. ૧૯૯૪માં દક્ષિણ આફ્રિકાના પ્રવાસ દરમિયાન લતિફ અને પૂર્વ પાક. ક્રિકેટર બાસિત અલીએ નિવૃત્તિ લેવાની જાહેરાત સાથે મેચ ફિક્સિંગ કૌભાંડ અંગે સૌનું ધ્યાન દોર્યું હતું. તેમના જણાવ્યા મુજબ, ડ્રેસિંગરૂમમાં જે પ્રકારનો માહોલ છે તેને જોતા ટીમમાંથી રમવું શક્ય નથી. લતિફે દાવો કર્યો હતો કે મેચમાં કેટલાક ખેલાડીઓ જાણી જોઈને હારવા માટે રમતા હતા અને તેના ઉપર પણ આવું કરવા દબાણ કરાતું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૦૦-૨૦૦૧માં જસ્ટિસ કૈયુમ દ્વારા ન્યાયિક તપાસ હાથ ધરાઈ હતી અને મેચ ફિક્સિંગ બદલ સલિમ મલિક ઉપર આજીવન પ્રતિબંધ મુકાયો હતો. આ ઉપરાંત વસિમ અકરમ, વકાર યુનિસ અને મુશ્તાક અહેમદને તપાસમાં સહકાર ના આપવા બદલ દંડ કરાયો હતો. પેસ બોલર અતા-ઉર-રહેમાન પર ખોટી જુબાની બદલ આજીવન પ્રતિબંધ લદાયો હતો. જસ્ટિસ કૈયુમનો અહેવાલ જાહેર થયો હોવા છતાં વર્ષો સુધી પાકિસ્તાન ટીમમાં મેચ ફિક્સિંગનું દુષણ જોવા મળ્યું હતું. સ્પોટ ફિક્સિંગ કાંડ બદલ દાનિશ કનેરિયા, સલમાન બટ્ટ, મોહમ્મદ આસિફ, મોહમ્મદ આમિર, સર્જિલ ખાન, ખાલિદ લતિફ અને અન્ય ખેલાડીઓ પર પ્રતિબંધ મુકાયો હતો અથવા તેમના દંડ ફટકારવામાં આવ્યો હતો.

# વૈભવ સૂર્યવંશીના કોચે પાકિસ્તાની ક્રિકેટરને આપ્યો જવાબ

પાકિસ્તાની ક્રિકેટરે વૈભવ સૂર્યવંશી પર હુમલો કર્યો હતો. તેમની ક્ષમતા અને ઉંમર પર પ્રશ્નો ઉભા કર્યા હતા. હવે વૈભવના કોચે યોગ્ય જવાબ આપ્યો છે. કોચે પાકિસ્તાની ક્રિકેટરની ટિપ્પણીઓને શુદ્ધ બકવાસ ગણાવી છે. ૧૪ વર્ષીય વૈભવ સૂર્યવંશીએ IPL ૨૦૨૫માં ડેબ્યૂ કરતાની સાથે જ પોતાની છાપ છોડી છે. વાસ્તવમાં, તે માત્ર ૧૩ વર્ષની ઉંમરે પ્રખ્યાત થયો હતો અને IPL ૨૦૨૫ની મેગા ઓક્શનમાં, રાજસ્થાન રોયલ્સે તેના પર ૧.૧૦ કરોડ રૂપિયાની બોલી લગાવી હતી.

આઈપીએલના ઈતિહાસમાં સૌથી યુવા બેટ્સમેને લખનૌ સુપર જાયન્ટ્સ સામે ડેબ્યૂ કર્યું અને પોતાની પહેલી જ મેચમાં ઝડપી ૩૪ રન બનાવ્યા. સૂર્યવંશીની ઈનિંગ બાદ, જેમાં તેમની પ્રતિભા અને કૌશલ્યનો પરિચય થયો હતો, તેના કોચ મનીષ ઓઝા પાકિસ્તાની ક્રિકેટર જુનૈદ ખાન પર ગુસ્સે થતા જોવા મળ્યા. વૈભવ સૂર્યવંશીના કોચ આ દરમિયાન ભડકી ઉઠ્યા હતા. વાસ્તવમાં, IPL ૨૦૨૫ની હરાજી પછી, પાકિસ્તાનના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર જુનૈદ ખાને વૈભવ સૂર્યવંશી પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેની ક્ષમતા અને ઉંમરને લક્ષ્ય બનાવીને પૂછવામાં આવ્યું હતું કે, શું ૧૩ વર્ષનો બાળક લાંબા છગ્ગા મારી શકે છે? પરંતુ, હવે વૈભવે જુનૈદને તેના IPL ડેબ્યૂમાં સિક્સર



મારીને ખાતું ખોલીને યોગ્ય જવાબ આપ્યો છે.

વૈભવ સૂર્યવંશીના કોચ મનીષ ઓઝાના મતે, પાકિસ્તાનના લોકો પાસે વાહિયાત વાતો કરવા માટે ઘણો ખાલી સમય છે. જે કંઈ છે તે બધાને દેખાય છે. ઉંમરની વાત કરીએ તો, BCCI એ પોતે જ તેમનો મેડિકલ ટેસ્ટ કરાવ્યો છે. બોર્ડે બધું ચકાસ્યા પછી જ વૈભવને તક આપી છે. તો જુનૈદ ખાન શું વિચારે છે તેનાથી કોઈ ફરક પડતો નથી.

વાતચીત દરમિયાન મનીષ ઓઝાએ એમ પણ કહ્યું કે પૃથ્વી પર IPL થી મોટી કોઈ લીગ નથી. અમારું બાળક આઈપીએલ રમી રહ્યું છે, આ ખૂબ મોટી વાત છે. બીજી તરફ, પાકિસ્તાનીઓ તેમાં રમવા માટે ઉત્સુક છે. વૈભવના કોચે એમ પણ કહ્યું કે પાકિસ્તાનમાં પ્રતિભાની કોઈ કમી નથી. પરંતુ પાકિસ્તાન ક્રિકેટમાં ચાલી રહેલી આંતરિક સમસ્યાઓ અને રાજકારણને કારણે તે પ્રતિભા સ્પષ્ટ રીતે બહાર આવી શકતી નથી.

# આઈપીએલમાં સંઘર્ષ કરી રહેલા કોલકાતાની આજે ગુજરાત સામે કસોટી



ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન કોલકાતાની ટીમ હાલ સંઘર્ષ કરી રહી છે અને આવતીકાલે શાનદાર ફોર્મ ધરાવતા ગુજરાત ટાઈટન્સ સામે તેનો મુકાબલો થશે. કેકેઆરના બેટ્સમેનોની ગુજરાતના બોલર્સ સામે કસોટી થશે. કોલકાતા તેના હોમગ્રાઉન્ડ પર રમી રહ્યું હોવાથી તેને ફાયદો મળશે પરંતુ ગુજરાતની ટીમ હાલમાં શ્રેષ્ઠ ફોર્મમાં છે. જોઝ બટલરે દિલ્હી સામેની ગત મેચમાં ૯૭ રનની અણનમ ઈનિંગ્સ રમીને પોતાનું ફોર્મ ખરા સમયે પરત મેળવ્યું છે.

આઈપીએલની સિઝન હાલ મધ્યભાગમાં પહોંચી છે ત્યારે હવે પોઈન્ટ ટેબલમાં છ અંક અને ૦.૫૪૭ની નેટ રનરેટ ધરાવનાર કોલકાતા નાઈટ રાઈડર્સ માટે અહીંથી પ્લેઓફનો માર્ગ કપરો બનશે. શુભમન ગિલના નેતૃત્વમાં ગુજરાત ટાઈટન્સનું લક્ષ્ય ટોચનું સ્થાન મજબૂત કરવાનું રહેશે. ગુજરાત ટાઈટન્સ ૧૦ અંક સાથે હાલમાં સૌથી ટોચ પર છે અને તેનો નેટ રનરેટ ૦.૯૮૪ છે. મુલ્લાનપુરમાં ગત મેચમાં પંજાબના ૧૧૨ રન સામે કેકેઆરની સમગ્ર ટીમ ૯૫માં ખખડતાં તેનો કારમો પરાજય થયો હતો. કોલકાતાના કેપ્ટન અજિંક્યા રહાણેએ અગાઉ ઈડન ગાર્ડન્સની પિચને લઈને નારાજગી વ્યક્ત કરી હતી. ગૃહ ટીમને ફાયદો મળે તે મુજબ પિચ નહી મળવાનું રટણ તેણે કર્યું હતું. ટોસ જીતનાર ટીમ પ્રથમ બેટિંગનો નિર્ણય કરી શકે છે.

# દિગ્ગજ મુંબઈ - ચેન્નાઈ વચ્ચે આજે આઈપીએલનો ક્લાસિક મુકાબલો



આઈપીએલની બે દિગ્ગજ ટીમો મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે આવતીકાલે ક્લાકિસ મુકાબલો યોજાશે. અગાઉ ટુર્નામેન્ટમાં ચેન્નાઈએ ચેપોકમાં પ્રથમ મુકાબલામાં મુંબઈને હરાવ્યું હતું. પરંતુ ત્યારબાદ ચેન્નાઈની ટીમ સળંગ પાંચ મુકાબલા હાર્યું હતું અને છેલ્લે લખનૌ સામે જીત મેળવી હતી. સીએસકે વધુ એક વખત મુંબઈ સામે વિજય મેળવીને જીતની આ લયને જાળવી રાખવા પ્રયાસ કરશે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે સાંજે ૭.૩૦થી મેચનો પ્રારંભ થશે. બીજીતરફ મુંબઈ ઈન્ડિયન્સે દિલ્હી અને હૈદરાબાદ સામે સળંગ બે મુકાબલા જીત્યા છે અને તે પોઈન્ટ ટેબલમાં અંતિમ ચારમાં છે. મુંબઈએ અહીંથી ટુર્નામેન્ટમાં આગળ વધવા રણનીતિમાં બદલાવ કરવો પડશે. મુંબઈએ ગત મેચમાં વાનખેડેમાં હૈદરાબાદને અંકુશમાં રાખવામાં સફળતા મેળવી હતી. વાનખેડે ખાતે સ્પિનર્સને મદદરૂપ પિચ ઉપર મુંબઈ હૈદરાબાદ જેવી રણનીતિ સાથે ઉતરવાની ભૂલ નહી કરે. ચેન્નાઈ પાસે વિશ્વકક્ષાના સ્પિનર્સ છે જેમાં અશ્વિન અને નૂર અહેમદનો સમાવેશ થાય છે. નૂરે ચેન્નાઈ તરફથી રમતા સાત મેચમાં ૧૨ વિકેટ ઝડપી છે જેમાં મુંબઈ સામે ત્રણ વિકેટ લીધી હતી. આ ઉપરાંત રવીન્દ્ર જાડેજા જેવો ઓલરાઉન્ડર પર સીએસકે પાસે છે જે તેની સૌથી મોટી તાકાત છે. મુંબઈના પ્રવર્તમાન ફોર્મને જોતા તે ટુર્નામેન્ટમાં અગાઉ ચેન્નાઈ સામે મળેલા પરાજયનો બદલો લેવા પ્રયાસ કરશે. મુંબઈ માટે રોહિતનું ફોર્મ સૌથી મોટું ચિંતાનું કારણ છે. રોહિતે ગત મેચમાં ૨૬ રન કર્યા હતા જે તેની અત્યાર સુધીની સર્વોચ્ચ ઈનિંગ્સ હતી. મુંબઈના અન્ય બેટ્સમેન રિકલટન, સુર્યકુમાર, તિલક અને વિલ જેક્સ ટીમ માટે ઉપયોગી યોગદાન આપી ચુક્યા છે. હાર્દિક પંડ્યાએ પોતાની બેટિંગ અને બોલિંગ બન્નેને લઈને આત્મમંથન કરીને સાતત્યપૂર્ણ દેખાવ પર ભાર આપવો પડશે. મુંબઈના પેસ બોલર બુમરાહ અને બોલ્ટ પોતાની લયમાં હોવાથી ચેન્નાઈના બેટ્સમેનોની કસોટી થશે. વાનખેડેમાં ધોનીની ઉપસ્થિતિ પર તમામની નજર રહેશે. છેલ્લે ૨૦૨૪ની સિઝનમાં ધોની મુંબઈ સામેની મેચમાં વાનખેડે બેટિંગમાં ઉતર્યો હતો અને ચાર બોલમાં ત્રણ છગ્ગા સાથે ૨૦ રન કર્યા હતા. ધોનીને આ સિઝનમાં અધવચ્ચેથી ફરી સુકાની બનાવાયો છે અને તેના પર ટીમને શરૂઆતી ધબડકા બાદ ઉપર લઈ જવાનું દબાણ છે. સીએસકે માટે પાવરપ્લેમાં ધીમી શરૂઆત અને ડેથ ઓવર્સમાં પણ સાધારણ બેટિંગ સૌથી મોટો પ્રશ્ન રહ્યો છે. ચેન્નાઈએ અગાઉ મુંબઈની ટીમનો હિસ્સો રહેલા ડેવાલ્ડ બ્રુવિસ અને મુંબઈના ખેલાડી આયુશ મ્હાત્રેને સ્ક્વોડમાં સામેલ કર્યા છે હવે તેઓ અંતિમ ઈલેવનમાં સ્થાન મેળવશે કે કેમ તે જોવું રહેશે. આ મેચમાં રોમાંચ ઉચ્ચ સ્તરે પહોંચશે તે નિશ્ચિત છે.

# રૂદ્રાંક્ષ-આર્યાની જોડી તથા બબૂતાએ શૂટિંગ વર્લ્ડ કપમાં સિલ્વર જીત્યો

ભારતના શૂટર્સે પેરુના લિમા ખાતે આઈએસએસએફ વર્લ્ડ કપમાં શાનદાર દેખાવ કર્યો છે. રૂદ્રાંક્ષ પાટિલ અને આર્યા બોર્સેની મિક્સ્ડ ડબલ્સ જોડીએ ૧૦ મીટર એર રાઈફલ સ્પર્ધામાં સિલ્વર જીત્યો હતો. આ ઉપરાંત અર્જૂન બબૂતાએ પણ પુરૂષોની ૧૦ મીટર એર રાઈફલમાં બીજું સ્થાન પ્રાપ્ત કરતા સિલ્વર મેડલ મેળવ્યો હતો. મિક્સ્ડ ડબલ્સ ઈવેન્ટમાં રૂદ્રાંક્ષ અને આર્યાનો જોન હરમેન હેગ તથા જેનેટે હેગ ડ્યુસ્ટેડની નોર્વેની પ્રતિસ્પર્ધી જોડી સામે ફાઈનલમાં ૧૧-૧૭થીપરાજય થયો હતો. ભારતના ટ્રેપ શૂટર્સ પ્રભાવી દેખાવ કરી શક્યા નહતા. અર્જૂન બબૂતાએ મેન્સ ૧૦ મીટર એર રાઈફલની રોમાંચક ફાઈનલમાં ચીનના શેંગ લિહાઓને ટક્કર આપી હતી અને અંતે માત્ર ૦.૧ પોઈન્ટ્સથી તેને સિલ્વરથી સંતોષ વ્યક્ત કરવો પડ્યો હતો. બબૂતાનો સ્કોર ૨૫૨.૩ રહ્યો હતો જ્યારે ચીનના ગોલ્ડ મેડલ વિજેતા શૂટરનો સ્કોર ૨૫૨.૪ રહ્યો હતો.



# સુરત જિલ્લા કલેક્ટરે પ્રિ-મોન્સૂન કામગીરીની તૈયારીની સમીક્ષા કરી

સુરત, તા.૨૧

જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરીના સભાખંડમાં આયોજિત બેઠકમાં ચોમાસા-૨૦૨૫ દરમિયાન કરવાની થતી પૂર્વ તૈયારીઓના આયોજનની સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં કલેકટરશ્રીએ ચોમાસા દરમિયાન તમામ લાઈન ડિપાર્ટમેન્ટને રાઉન્ડ ધી ક્લોક કંટ્રોલરૂમ ચાલુ રાખવા, શહેર અને જીલ્લામાં જે વિસ્તારોમાં પાણી ભરાવાના, પુર, ખાડીપુરના પ્રશ્નો ઉદ્દભવે છે તે સમસ્યાનો ઉકેલ લાવવા ત્યાં જરૂરી કામગીરી કરવા, ચોમાસા દરમિયાન જીલ્લામાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે જરૂરી પગલા લેવા, પીવાના પાણીની વ્યવસ્થા તથા ક્લોરિનેશન, ડ્રેનેજ/કાંસ, ગટર, કેનાલ, બોગદા સાફ કરાવવા અને વરસાદના પાણીના નિકાલની વ્યવસ્થા અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. કલેકટરશ્રીએ જણાવ્યું કે, ચોમાસામાં દુર્ઘટનાઓ ન બને તે શુભ સંકેત છે, પરંતુ કુદરતી કે માનવસર્જિત દુર્ઘટનાઓ બને ત્યારે તેનો મક્કમપણે સહિયારા પ્રયાસોથી જ ઉકેલ શક્ય બને છે જેથી પૂર્વ તૈયારીઓ જરૂરી હોવાનો મત વ્યક્ત કરી સૌને વિભાગવાર આગોતરૂ આયોજન કરવા અનુરોધ કર્યો હતો. તેમજ સુરત જીલ્લામાં છેલ્લા ૧૦ વર્ષમાં નદી, ડેમ, જળાશયો, કેનાલ, દરીયા, વરસાદી પાણીનો ભરાવો થયેલ સ્થળોએ પાણીમાં અકસ્માતે ડુબી જવાથી થયેલ માનવ મૃત્યુ તેમજ ભારે પવન અને વરસાદમાં ઝાડ, થાંભલા, હોડ'ગ્ઝ અને ટાંકી પડવાથી થયેલ માનવ મૃત્યુ તેમજ ગટરના ઢાંકણા ખુલ્લા રહેવાના કારણે તેમજ ખુલ્લા બોરવેલ/ટ્યુબવેલના કારણે થતા માનવ મૃત્યુનું વિશ્લેષણ કરી લાઈન ડિપાર્ટમેન્ટ દ્વારા યોગ્ય પ્રિ મોનસુન કામગીરી કરી તેમજ સાવચેતી/તકેદારીના યોગ્ય પગલાઓ લઈ આવી દુર્ઘટનાઓ ટાળી શકાય તેમ હોય માટે જરૂરી યોગ્ય પ્રિ મોનસુન કામગીરી કરવા તેમજ સાવચેતી/તકેદારીના યોગ્ય પગલાઓ લઈ આવી દુર્ઘટનાઓ ટાળવા આયોજન કરવા જણાવેલ છે. આ ઉપરાંત ચોમાસા દરમિયાન શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં જર્જરિત મકાનોના સર્વે કરી બોર્ડ લગાવવા, જોખમી ઝાડ, વીજ પોલ, હોડ'ગ્ઝ, મકાનો દુર કરવા, ફાયર અને શોધ બચાવના સંસાધનો ચકાસવા, જિલ્લામાં આવેલા ડેમનું પ્રી- મોનસુન ઈન્સ્પેક્શન, વૃક્ષ પડવાના કિસ્સાઓમાં વૃક્ષો હટાવવા અને રસ્તાઓ ક્લિયર કરવા, સુવાલી બીચ, ડુમસ, ડભારી બીચ સહિત હરવા ફરવાના સ્થળો પર દુર્ઘટના ન બને તે માટે સાવચેતીના તમામ પગલા લેવા તેમજ જે રસ્તા/કોઝવે પરથી પાણી પસાર થતા હોય તે રસ્તા બ્લોક કરી રાઉન્ડ ધી કલોક પોલીસ બંદોબસ્ત રાખવા બાબત, આશ્રયસ્થાન તરીકે ઉપયોગ કરવા માટે શાળાઓની યાદી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દવાનો પુરવઠો જળવાય, વીજળી, ગેસ, અનાજ, આરોગ્યલક્ષી સેવાઓ સહિતની આવશ્યક સેવાઓ જળવાય રહે, વધુ વરસાદના કારણે કેટલાક ગામડાઓ વિખૂટા પડી જાય છે ત્યાં અગાઉથી જ સ્થળાંતરકરાવવા બાબત, નીચાણવાળા વિસ્તારોમાં જ્યાં પાણી ભરાય છે તેની અગાઉથી ઓળખ કરી આ સમસ્યાના ઉકેલ માટે સંપર્ક કરવાના અધિકારીશ્રીની માહિતી સબંધિત વિભાગોને આપવા સહિતની બાબતો અંગે કલેક્ટરશ્રીએ સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યું હતું.

અતિવૃષ્ટિ કે વાવાઝોડાની સ્થિતિમાં અસરગ્રસ્ત ખેડૂતોની પાક નુકસાનીનો સર્વે કરવા અન્ય સહાય ચૂકવણાં અંગે અગાઉથીજ સર્વે ટીમ બનાવી સહાય સમયસર ચૂકવાય તે માટે સૂચના આપી. હજીરા નોટિફાઈડ એરિયા માટે નવું ઈઆરસી સેન્ટર બનાવવા દરખાસ્ત કરવા જણાવેલ. કલેકટરશ્રીએ ખાસ કરીને નેશનલ હાઈવે, સ્ટેટ, પંચાયત હસ્તકના રસ્તાઓ, મેટ્રો, DFCIL સહિતના રસ્તાઓ પરના ખોદકામ, પેચવર્ક જુન પહેલા પૂર્ણ કરી ટ્રાફીક જામ તેમજ અકસ્માતો ન થાય તે બાબતે કાર્યવાહી કરવા જણાવેલ છે.

## ચોમાસા-૨૦૨૫ દરમિયાન કરવાની થતી પૂર્વ તૈયારીઓના આયોજન અંગે માર્ગદર્શન

# લેબગ્રોન ડાયમંડ એસો. દ્વારા ભવ્ય ક્રિકેટ ટૂર્નામેન્ટનું સફળ આયોજન

## ચેમ્પીયન ટીમને સુરતની નંબર વન ટીમની માન્યતા મળશે

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૧

લેબગ્રોન ડાયમંડ એસોસિયેશન દ્વારા સુરતના ડીવીલા ક્રિકેટ ગ્રાઉન્ડ પર ભવ્ય ક્રિકેટ ટૂર્નામેન્ટનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે. આ એસોસિયેશનમાં કુલ ૧૫૦૦ સભ્યો છે અને ટૂર્નામેન્ટ દરમિયાન ૫૦૦થી વધુ પ્રતિષ્ઠિત વેપારીઓ અને કંપની માલિકોએ ઉપસ્થિતિ નોંધાવી હતી. દરરોજ ૫૦૦૦થી વધુ સભ્યો તેમના પરિવારજનો સાથે મેચનો આનંદ માણવા માટે હાજર રહે છે, જે દર્શાવે છે કે ટૂર્નામેન્ટ સુરતમાં ખુબજ લોકપ્રિય બની ગઈ છે. ટૂર્નામેન્ટની ખાસિયત એ છે કે વિજેતા ટીમને આપવામાં આવતી ટ્રોફીમાં લેબગ્રોન ડાયમંડનો ખાસ સોલિટર હીરો જડેલો હોય છે, જે પ્રતિષ્ઠાનું પ્રતિક છે. ટૂર્નામેન્ટની ઓપનિંગ સેરેમનીમાં શહેરના જાણીતા વેપારીઓ, દલાલભાઈઓ તેમજ રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ ટૂર્નામેન્ટને સુરતની નંબર-વન ક્રિકેટ ટૂર્નામેન્ટ તરીકે માન્યતા મળે છે. વિશેષ તો એ છે કે ટૂર્નામેન્ટના મેચો યુટ્યુબ પર ૧૦૦ કરતાં વધુ દેશોમાં લાઈવ દર્શાવવામાં આવે છે, જેથી આંતરરાષ્ટ્રીય સ્તરે પણ તેની પ્રતિષ્ઠા વધી છે. લેબગ્રોન ડાયમંડ વિશ્વમાં ઓળખાતા એવા સુરતના હીરા ઉદ્યોગમાં એક આગવો ફાળો આપે છે. વિશ્વના દર ૧૦ હીરામાંથી ૯ હીરો સુરતમાં કટ અને પોલીશ થાય છે, અને તેમાં લેબગ્રોન ડાયમંડનું મોખરું સ્થાન છે. મેક ઈન ઈન્ડિયા અભિયાનને સાકાર કરવા માટે લેબગ્રોન ડાયમંડ એસોસિયેશન અગ્રણી ભૂમિકા ભજવે છે. રફ હીરાને લાવે ત્યાંથી તેની ફિનિશિંગ સુધીની પ્રક્રિયામાં ભારતને વિશ્વમંચ પર સ્થાપિત કરવામાં તેમણે સિંહ ફાળો આપ્યો છે.

# ડ્રગ્સના ગુનામાં ફરાર આસીફને ઝબ્બે કરતી સુરત ક્રાઈમ બ્રાંચ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૧

એનડીપીએસના ગુનામાં સુરત ક્રાઈમ બ્રાન્ચ વધુ એક સફળતા મળી છે. મુંબઈની એન્ટી નાર્કોટીક્સ સેલમાં દાખલ થયેલા ૭૫ ગ્રામ એમ.ડી.ડ્રગ્સના ગુનામાં નાસતા ફરતા મુંબઈ બંદરના આસિફ રાજકોટવાલાને લાલગેટ પોલીસ સ્ટેશનની હકુમતમાંથી ડીસીબીએ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નોંધનીય છે કે રાજ્ય બહારના એનડીપીએસના ગુનામાં સંડવાયેલા આરોપીઓ સુરતમાં પનાહ લઈ રહ્યા હોવાનું પણ બહાર આવ્યું છે.

"નો ડ્રગ્સ ઈન સુરત સીટી અભિયાન" અંતર્ગત સુરત ક્રાઈમ બ્રાન્ચની સારી કામગીરી ચાલી રહી છે. ગઈકાલ તા-૧૯/૦૪/૨૦૨૫ નાં રોજ સુરત ક્રાઈમ બ્રાન્ચને માહિતી મળેલ કે, મુંબઈ એન્ટી નાર્કોટીક્સ સેલમાં દાખલ થયેલ ૭૫ ગ્રામ એમ.ડી.ડ્રગ્સના ગુનાનો વોન્ટેડ આરોપી આસિફ કાસમ રાજકોટવાલા હાલમાં સુરત શહેરમાં ચોકબજાર તથા લાલગેટ વિસ્તારમાં ફરે છે જેથી સુરત ક્રાઈમ બ્રાન્ચ તથા મુંબઈ એન્ટી નાર્કોટીક્સ સેલ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરી લાલગેટ પંડોળની પોલ જસ્ટીન પેલેસ પાસેથી આરોપી આસિફ કાસમ રાજકોટવાલા (ઉંમર.૩૩ રહેવાસી-૭૦-૭૨, સાદિક અલી હવેલી, ૦૮મો માળ. ફ્લેટ નં-૩૫, એશાજી સ્ટ્રીટ, વડગડી, મસ્જિદબંદર મુંબઈ મહારાષ્ટ્ર) વાળાને ઝડપી પાડી મુંબઈ પોલીસને કબ્જો સોપેલ છે.

# અંકલેશ્વરમાં આયોજીત ત્રિદિવસીય ઈન્ડસ્ટ્રીયલ એક્સ્પોનું સમાપન થયું

અંકલેશ્વર, તા.૨૧

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા આયોજિત ૧૫માં ઈન્ડસ્ટ્રીયલ એક્સ્પોની પુર્ણાહુતી થઇ હતી.ત્રી દિવસીય આ એક્સ્પો દરમ્યાન અંદાજે ૩૦ હજાર ઉદ્યોગ પ્રતિનિધીએ મુલાકાત લીધી હતી. અંકલેશ્વર ઉદ્યોગ મંડળ દ્વારા દર વર્ષે ઈન્ડસ્ટ્રીયલ એક્સ્પોનું આયોજન કરવામાં આવે છે જેના ભાગરૂપે ચાલુ વર્ષે યોગી એસ્ટેટ ખાતે ત્રિદિવસીય ઈન્ડસ્ટ્રીયલ એક્સ્પોનો પ્રારંભ થયો હતો.આજરોજ આ ઈન્ડસ્ટ્રીયલ એક્સ્પોની પુર્ણાહુતી થઇ હતી.ત્રિદિવસીય ઈન્ડસ્ટ્રીયલ એક્સ્પોમાં કુલ ૨૬૧ થી વધુ સ્ટોલ્સ ઉભા કરાયા હતા. પુર્ણાહુતી સમારોહ દરમ્યાન શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા વિવિધ કેટેગરીના સ્ટોલ્સ ધારકોને ટ્રોફીથી નવાજવામાં આવ્યા હતા.ત્રિદિવસીય એકપોમાં ૩૦ હજાર જેટલા ઉદ્યોગ પ્રતિનિધિઓએ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે અંકલેશ્વર ઉદ્યોગ મંડળના પ્રમુખ હિંમત સેલડીયા, એક્સપોના ચેરમેન ડો. વલ્લભ ચાંગાણી, સેક્રેટરી હરેશ પટેલ સહિતના હોદ્દેદારો અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા. આ એક્સપોનો રાજ્યના નાણા પ્રધાન કનુ દેસાઈના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો.




# અંકલેશ્વર જી.આઈ.ડી.સી ખાતે નવમી સાઈક્લોવોકાથોન યોજાઈ

## બાળકો સહિત મોટી સંખ્યામાં સાઈકલવીરો અને દોડવીરોએ લીધો ભાગ



અંકલેશ્વર, તા.૨૧

અંકલેશ્વર જીઆઈડીસીમાં નવમી સાઈકલોવોકાથોન યોજાઈ,બાળકો સહિત મોટી સંખ્યામાં સાઈકલવીરો અને દોડવીરોએ લીધો ભાગ અંકલેશ્વરમાં રેવા સોશિયલ એન્ડ સ્પોર્ટ્સ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નવમી સાઈકલોવોકાથોનનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ૧૦૦૦થી વધુ સાઈકલવીરો તેમજ દોડવીરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પર્યાવરણની જાળવણીના હેતુસર રેવા સોશિયલ એન્ડ સ્પોર્ટ્સ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રતિવર્ષ સાઈકલો વોકાથોનનું આયોજન કરવામાં આવે છે.ત્યારે તારીખ ૨૦ એપ્રિલને રવિવારના રોજ ૯મી સાઈકલોવોકાથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રી,નોટિફાઈડ એરિયા ઓથોરીટી બોર્ડના ચેરમેન અમુલકભાઈ,સાઈક્લોવોકાથોનના આયોજક નરેશ પુજારા,ઉદ્યોગ અગ્રણીઓ સહિત સામાજિક સંસ્થાના હોદ્દેદારો સભ્યો ઉપસ્થિત રહીને સાઈકલ અને દોડવીરોનો ઉત્સાહ વધારો હતો. આ પ્રસંગે ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ રેવા સોશિયલ એન્ડ સ્પોર્ટ્સ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત સાઈક્લોવોકાથોનના આયોજનને બિરદાવ્યું હતું. આ સાઈક્લો વોકાથોનનો જીઆઈડીસીમાં આવેલ અટલજી જોગર્સ પાર્કથી પ્રારંભ કરવામાં આવ્યો હતો.વોકાથોન પાંચ કિલોમીટર જ્યારે સાયક્લોથોન ૧૫ કિલોમીટરની યોજવામાં આવી હતી.આ સાઈકલોવોકાથોનમાં ૧,૦૦૦થી વધુ ઉત્સાહી લોકોએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે નરેશ પૂજારાએ જણાવ્યું હતું કે પર્યાવરણની જાળવણીના હેતુસર ૯ વર્ષથી સાઈક્લોવોકાથોનનું આયોજન કરવામાં આવે છે,જેમાં મોટી સંખ્યામાં સાઈકલવીરો તેમજ દોડવીરો ઉત્સાહભેર ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવે છે.અને કાર્યક્રમમાં ભાગ લેનાર સૌનો તેઓએ આભાર વ્યક્ત કર્યો હતો.

# ભારત વિકાસ પરિષદની સુરત શાખાની વાર્ષિક સભા મળી

## વાર્ષિક સભામાં વર્ષ ૨૦૨૫-૨૬ના હોદ્દેદારોની વરણી

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૧

ભારત વિકાસ પરિષદ સૂર્યનગરી શાખા ની વાર્ષિક સાધારણ સભા લેમન ગ્રાસ હોટલ ના બેંકટ હોલ ખાતે સુરત મહાનગર ના સંઘ સહ સંચાલક શ્રી ડો. રિતેશ શાહ ના અધ્યક્ષ સ્થાને તથા પ્રાંત પેટ્રન અને માજી કુલપતિ શ્રી પ્રેમ શારદા જી ના ઉપસ્થિત માં યોજાયો.સને ૨૦૨૫-૨૬ ના હોદ્દેદારો ની નિમણૂંક કરવામાં આવી.તથા શપથ ગ્રહણ કરાવ્યા. નવ નિયુક્ત સભ્ય ને આવકાર્યા અને શપથ લેવડાવ્યા. શાખા ની યુવા ટીમ ને આવકારી, શપથ લેવડાવ્યા. સંસ્મરણ બુક નું વિમોચન કરાયું . અતિથિ વિશેષ તરીકે પ્રાંત ખજાનચી શ્રી પ્રધુમન જરીવાલા ઉપસ્થિત રહ્યા , પ્રાંત મહિલા સંયોજિકા આયુષી સભરવાલ એ ચૂંટણી કમિશનર તરીકે જવાબદારી નિભાવી. પીએસટીએમ અને એક્ઝુટિવ કમિટી ની જાહેરાત કરી. પરિવાર ના સભ્ય અને યુસીસી મેમ્બર શ્રી ગીતા બેન શ્રોફ ની વિશેષ ઉપસ્થિતિ રહી. તેમનું સન્માન કરવામાં આવ્યું.મોટી સંખ્યા માં શાખા ના સભ્યો પરિવાર સાથે ઉપસ્થિત રહી નવા વર્ષ માં નવા ઉમંગ સાથે સેવા કાર્ય કરવાની ચર્ચા કરી હતી.

### નેશનલ હેરાલ્ડ

પહેલા પાનાનું ચાલુ

સંગઠનોના વડાઓની બેઠકમાં, દેશભરમાં પ્રેસ કોન્ફરન્સ યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ દરમિયાન ખડગેએ કહ્યું કે ષડયંત્ર અને બદલાના ભાગ રૂપે નેશનલ હેરાલ્ડ કેસની ચાર્જશીટમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના નામ ઉમેરવામાં આવ્યા છે. તેઓ ગમે તે નામનો ઉપયોગ કરે, અમે ડરવાના નથી.

ખડગેએ આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસના અમદાવાદ અધિવેશન દરમિયાન એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ જાણી જોઈને દિલ્હી, લખનઉ અને મુંબઈમાં નેશનલ હેરાલ્ડની મિલકતો જપ્ત કરી હતી. આ પહેલા પણ મોદી સરકારે ઈઢ અને ઝ્રૈંદ્વારા કોંગ્રેસના નેતાઓ પર દરોડા પાડીને રાયપુર સત્રને વિક્ષેપિત કરવાનો પ્રયાસ કર્યો હતો.

પહેલી ચાર્જશીટ દાખલ, દેશભરમાં વિરોધ પ્રદર્શન ૧૫ એપ્રિલના રોજ, ED એ નેશનલ હેરાલ્ડ અખબાર અને એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (AJL) ને સંડોવતા મની લોન્ડરિંગ કેસમાં પ્રથમ ચાર્જશીટ દાખલ કરી. આમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, સેમ પિત્રોડા અને સુમન દુબેના નામનો સમાવેશ થાય છે. આ કેસની સુનાવણી ૨૫ એપ્રિલે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં થશે. કોર્ટે ED પાસેથી આ મામલાની કેસ ડાયરી પણ માગી છે. આના વિરોધમાં, પાર્ટી આજે (બુધવારે) દેશભરમાં ઈઢ ઓફિસોની બહાર વિરોધ પ્રદર્શન કરી રહી છે. દિલ્હીમાં પાર્ટી મુખ્યાલય સામે વિરોધ પ્રદર્શન કરી રહેલા કાર્યકરોની દિલ્હી પોલીસે અટકાયત કરી છે. કેરળમાં વિરોધ કરી રહેલા કોંગ્રેસ કાર્યકરોને પાણીના તોપનો ઉપયોગ કરીને ભગાડવામાં આવ્યા હતા.

EDનો આરોપ - ૨,૦૦૦ કરોડની મિલકતો પર ?૫૦ લાખનો કબજો EDનો આરોપ છે કે કોંગ્રેસના નેતાઓએ એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (AJL) ને માત્ર ૫૦ લાખમાં ખાનગી માલિકીની કંપની 'યંગ ઈન્ડિયન' દ્વારા ?૨,૦૦૦ કરોડની મિલકતો હસ્તગત કરવાનું કાવતરું ઘડ્યું હતું. મેં કરી બતાવ્યું. સોનિયા અને રાહુલ આ કંપનીના ૭૬% શેર ધરાવે છે. આ કેસમાં 'ગુનામાંથી મળેલી આવક' ૯૮૮ કરોડ રૂપિયા છે. માનવામાં આવતું હતું. ઉપરાંત, સંકળાયેલ સંપત્તિનું બજાર મૂલ્ય રૂ. ૫,૦૦૦ કરોડ છે. તે જણાવવામાં આવ્યું છે.

### વરરાજા

પહેલા પાનાનું ચાલુ

કરવામાં આવી રહી છે, પરંતુ સવારના સમયે અકસ્માત થયો હોવાથી એવું લાગી રહ્યું છે કે ડ્રાઈવર ઊંઘી ગયો હોવો જોઈએ અને તેણે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હોવો જોઈએ. એવું કહેવાય છે કે જબલપુરથી ભોપાલ તરફ જઈ રહેલું વાહન રાયસેન થઈને આગળ વધી રહ્યું હતું. વરરાજા અને વરરાજાના પરિવારના સભ્યો પટના ગયા હતા અને ત્યાંથી ઈન્દોર પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન રાયસેન જિલ્લામાં આ વાહનનો અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ઘાયલ થયેલા ત્રણ લોકોને પહેલા સુલતાનપુરના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હતા, ત્યારબાદ તેમને રાયસેનની જિલ્લા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા.

આ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોનું પોસ્ટમોર્ટમ કરવામાં આવી રહ્યું છે. આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા અથવા ઘાયલ થયેલા લોકો રાજસ્થાનના ઈન્દોર, ઉજ્જૈન અને ઉદયપુરના રહેવાસી હોવાનું કહેવાય છે. આ અકસ્માતમાં ઘાયલ થયેલા વર-કન્યાના લગ્ન થવાના છે.

### કુખ્યાત પ્રયાગ

પહેલા પાનાનું ચાલુ

છે.કઠનિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે ચાર નક્સલવાદીઓ માર્યા ગયા છે. હવે આ સંખ્યા આઠ થઈ ગઈ છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "કેન્દ્રીય રિઝર્વ પોલીસ ફોર્સે, રાજ્ય પોલીસ સાથે સંયુક્ત ઓપરેશનમાં, ઝારખંડના બોકારો જિલ્લાના લાલપાનિયા વિસ્તારની લુગુ પહાડીઓમાં આજે સવારે એક એન્કાઉન્ટરમાં ચાર નક્સલવાદીઓને ઠાર કર્યા છે. સૈનિકોએ એક SLR અને એક INSAS રાઈફલ કબજે કરી છે. હજુ સુધી કોઈ જવાન ઘાયલ થયાના સમાચાર નથી."એવું કહેવામાં આવ્યું હતું કે CRPF અને પોલીસ દળની સંયુક્ત ટીમ લાલપાણી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના લુગુ પર્વત અને તેની તળેટીના જંગલ વિસ્તારમાં સર્ચ ઓપરેશન પર ગઈ હતી. આ દરમિયાન જંગલમાં છુપાયેલા નક્સલીઓએ પોલીસ અને સુરક્ષા દળો પર ગોળીબાર શરૂ કરી દીધો હતો. જવાનોએ પણ ચાર્જ સંભાળ્યો અને જવાબી ગોળીબાર કર્યો. સર્ચ ઓપરેશનમાં '૨૦૯ કમાન્ડો બટાલિયન ફોર રિઝોલ્યુટ એક્શન' (COBRA) અને ઝારખંડ પોલીસના કર્મચારીઓ સામેલ છે.

આ વર્ષે અત્યાર સુધીમાં ઝારખંડમાં પોલીસ અને સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૧૩ નક્સલવાદીઓ માર્યા ગયા છે. પોલીસ અને સુરક્ષા દળોએ આ વર્ષ સુધીમાં ઝારખંડને સંપૂર્ણ રીતે નક્સલ મુક્ત બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે. ઝારખંડ પોલીસ દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા અનુસાર, વર્ષ ૨૦૨૪માં પોલીસે ૨૪૪ નક્સલવાદીઓની ધરપકડ કરી હતી, જ્યારે પોલીસ અને સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૯ નક્સલવાદીઓ માર્યા ગયા હતા. ૨૪ નક્સલવાદીઓએ આત્મસમર્પણ કરવાનો અને મુખ્ય પ્રવાહમાં પાછા ફરવાનું નક્કી કર્યું. આત્મસમર્પણ કરાયેલા નક્સલવાદીઓમાં ચાર ઝોનલ કમાન્ડર, એક સબ જનરલ કમાન્ડર અને ત્રણ એરિયા કમાન્ડરનો સમાવેશ થાય છે.

### રાજસ્થઆન

પહેલા પાનાનું ચાલુ

મધ્યપ્રદેશના પૂર્વ ભાગના શહેરોમાં ભોપાલ, ઈન્દોર, ઉજ્જૈન અને ગ્વાલિયર-ચંબલ સહિત ગરમીમાં પણ વધારો થયો છે. રવિવારે, સીધીમાં પારો ૪૪ ડિગ્રીને પાર કરી ગયો, જ્યારે ૪૦ શહેરો એવા રહ્યા, જ્યાં તાપમાન ૪૦ ડિગ્રી કે તેથી વધુ હતું. અહીં દિવસોની સાથે રાતો પણ ગરમ થઈ ગઈ છે.

### અમેરિકાના પ્રવાસે

પહેલા પાનાનું ચાલુ

માર્ગ પર જતા વિદેશી જેવા લાગતા કોઈને પણ રોકીને તેના ડોકયુમેન્ટ ચેક કરવાથી અમેરિકા બહાર તગડી મુકવાની સતા અપાઈ છે.તેના કારણે હવે ભારતીયો પણ અમેરિકા જવાનું ટાળી રહ્યા છે અને ચાલુ વર્ષે જાન્યુઆરીથી માર્ચ સુધીમાં ભારતીયોના અમેરિકાના પ્રવાસમાં ૯%નો ઘટાડો નોંધાયો છે.ભારતીયો હવે અમેરિકામાં તેઓને માન્ય વિસા છતા પણ પ્રવેશ મળે નહી તો લાખો રૂપિયાની ટિકિટ પણ માથે પડે તેવો ભય છે અને તેથી એરલાઈન્સ પણ સ્વીકારે છે કે અમેરિકા જતી ફ્લાઈટમાં મુસાફરો ઘટયા છે અને તેથી આ ઉનાળામાં અમેરિકા માટેના વિમાની ભાડા રૂા.૩૭૦૦૦ જેટલા જ નોંધાયા છે.વનવે ટ્રીપમાં આ ભાડું અને રિટર્ન ટિકિટમાં તો આ જબરુ ડિસ્કાઉન્ટ ચાલે છે. દિલ્હીથી લંડન ચાર કલાકનો સ્ટોપ અને રૂા.૮૫૦૦૦ની રિટર્ન ટિકિટ મીડ-મે ની ઓફર થાય છે જે સામાન્ય રીતે સૌથી વધુ મોંઘી હોય છે. એટલે જ એકંદરે યુરોપથી અમેરિકા જતા ભાહા પણ ૫થી૮% ઘટયા છે. અમેરિકાના દૂર દૂરના સ્થળો પરના ભાડા પણ ઘટયા છે.મુંબઈ, ન્યુયોર્ક મે-૧૨નું ભાડુ રૂા.૩૭૦૦૦ છે. વાસ્તવમાં અમેરિકાથી પરત આવનારની સંખ્યા વધી ગઈ છે. ૪૦૦૦ જેટલી વિસા રિવોક નોટીસ પાઠવવામાં આવી છે.જો કે અમેરિકામાં હાલ જે અલગ અલગ વિસા પર રહે છે. તેઓને હાલ અમેરિકા નહી છોડવાની સલાહ આપવામાં આવી રહી છે. કારણ કે તેઓને પરત અમેરિકા આવવામાં કોઈ સમસ્યાનો સામનો કરવો પડી શકે છે.

### ભારતીય ચુંટણી

પહેલા પાનાનું ચાલુ

છે કે ચુંટણીપંચે પણ સમાધાન-સમજુતી કરી લીધી છે. પ્રક્રિયામાં ઘણી ખામી છે પણ તેને સુધારવામાં આવી નથી.મહારાષ્ટ્રમાં ગત વર્ષે યોજાયેલી ચુંટણી સમયે આ વિવાદ ચગ્યો હતો પણ ચુંટણીપંચે તમામ આક્ષેપ નકાર્યા હતા. શ્રી ગાંધીએ ચુંટણીપંચના ઈરાદા સામે જ પ્રશ્ન ઉઠાવ્યા હતા. તેઓએ કહ્યું કે મહારાષ્ટ્રમાં યુવાનોની કુલ સંખ્યા કરતા તેમનુ વધુ મતદાન થયું. આમ તેઓએ જે રીતે અમેરિકામાં પ્રશ્ન ઉઠાવ્યા છે તેનાથી હવે ઘરઆંગણે વિવાદ વધશે.

### મહારાષ્ટ્રમાં

પહેલા પાનાનું ચાલુ

છે કે રાજ્ય સરકારે નવી શિક્ષણ નીતિ (NEP) હેઠળ ત્રિભાષી સૂત્રના અમલને મંજૂરી આપ્યા પછી મહારાષ્ટ્રમાં હિન્દી લાદવામાં આવી રહી છે.

સીએમ ફડણવીસને લખેલા પત્રમાં, ભાષા મુક્તિ સમિતિના વડા લક્ષ્મીકાંત દેશમુખે દાવો કર્યો હતો કે SCERT (સ્ટેટ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ) એ હિન્દીને આગળ લાવતાં પહેલા તેમના મંતવ્યો અને સૂચનો ધ્યાનમાં લીધા ન હતા.

રાજ્યના શિક્ષણ મંત્રી દીપક કેસરકરે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને ભાષાની મૂળભૂત સમજ મળે તે માટે ફક્ત ધોરણ ૧ થી ૫ સુધી હિન્દી શીખવવામાં આવશે. આ વિવાદ ગેરસમજને કારણે થયો છે, કારણ કે અગાઉના માળખા હેઠળ ધોરણ ૫ થી ૭ સુધી હિન્દી ફરજિયાત વિષય હતો.

તેમણે કહ્યું- ધોરણ ૫, ૬ અને ૭ માટે હિન્દી પહેલાથી જ ફરજિયાત હતી. હવે ધોરણ ૬ માંથી તે ફરજિયાતતા દૂર કરવામાં આવી રહી છે. હિન્દી ફક્ત પ્રાથમિક સ્તરે - ધોરણ ૧ થી ૫ સુધી - શીખવવામાં આવશે જેથી વિદ્યાર્થીઓ દેશભરમાં વ્યાપકપણે બોલાતી ભાષાની મૂળભૂત સમજ મેળવી શકે.

કેસરકરે કહ્યું કે મરાઠી અને હિન્દી બંને દેવનાગરી લિપિનો ઉપયોગ કરે છે, તેથી તેમની પાસે પહેલાથી જ કેટલીક સમાનતાઓ છે. એક ગેરસમજ હતી - હિન્દી માટેની મજબૂરી પહેલેથી જ હતી. હવે તેમાં છૂટછાટ આપવામાં આવી રહી છે.

### તા.૨૪મીએ કોસાડ

પેજ-૨ પાનાનું ચાલુ

કે, ESR E-1,E-3, E-4, E-5, E-6 નેટવર્ક હેઠળના નીચે જણાવેલ વિસ્તારોમાં પાણી પુરવઠો મળે તેમ નથી અને તા.૨૫/૦૪/૨૦૨૫ ના રોજ અંશતઃ મળે/ઓછા પ્રેશરથી મળે તેમ હોય જે જાણમાં લેવા જોગ છે. ઉપરોક્ત બાબતની જાહેર જનતાએ નોંધ લઈ, સહકાર આપવા તથા જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચતપૂર્વક ઉપયોગ કરવા વિનંતી. વધુમાં સદર કામગીરીથી થનાર અગવડતા બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

### ડો.આંબેડકર જયંતી

પેજ-૨ પાનાનું ચાલુ

તીર્થનો વિકાસ કરી તેમને ખરા અર્થમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીજી દ્વારા બંધારણને ૬૦ વર્ષ પૂર્ણ થતા ૨૬/૧૧/૨૦૧૫ ના દિનને "સંવિધાન દિવસ" તરીકે જાહેર કરવામાં આવ્યો તે અંગે પણ જણાવ્યું હતું.

આ પ્રસંગે શહેરના મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી ડેપ્યુટી મેયર શ્રી ડોક્ટર નરેન્દ્ર પાટીલ મહામંત્રી શ્રી કાળુભાઈ ભીમનાથ શાસક પક્ષ નેતા શ્રીમતી શશીબેન ત્રિપાઠી દક્ષિણ ઝોન મીડિયા કન્વીનર શ્રી રાજેશભાઈ દેસાઈ દક્ષિણ ઝોન પ્રવક્તા શ્રી ડોક્ટર જગદીશભાઈ પટેલ તેમજ વિશાળ સંખ્યામાં પ્રબુદ્ધ નાગરિકો, પાર્ટીના પદાધિકારીશ્રીઓ તથા કાર્યકર્તા શ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સહકારી મંડળીઓમાં

પેજ-૨ પાનાનું ચાલુ

મળી ફરિયાદ કરવામાં આવશે . ત્યાર બાદ સુરત અને તાપી જીલ્લાની સહકારી મંડળીઓમાં જે ગેરરીતો કરવામાં આવેલ છે તે બાબતે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો અને પ્રદેશના આગેવાનો ને સાથે રાખી ગુજરાત રાજ્યના રજિસ્ટ્રાર શ્રી સહકારીઓને અને ગુજરાત રાજ્યના ખાંડ નિયામક ને પણ રજૂઆત કરી ફરિયાદ કરવામાં આવશે.

તાપી જિલ્લાના વ્યારા સર્કિટ હાઉસ ખાતે યોજાયેલ મિટિંગમાં ખેડૂત અને સહકારી આગેવાન જયેશભાઈ પટેલ(પાલ),સહકારી અને ખેડૂત આગેવાન દર્શનભાઈ નાયક,માજી ધારાસભ્ય પુનાજી ગામીત,આનંદભાઈ ચૌધરી અને સુનિલભાઈ ગામીત ,સહકારી આગેવાન સિદ્ધાર્થભાઈ ચૌધરી,સુરત અને તાપી જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનહરભાઈ પટેલ અને ભીલાભાઈ ગામિત,,સુનિલભાઈ પટેલ(બારડોલી),ડો. ધનશ્યામ મહિડા, અંદાજભાઈ શેખ, અરવિંદભાઈ ચૌધરી, સમીરભાઈ વસાવા(ઉચ્છલ),હેમંતભાઈ પટેલ (પલસાણા), તરુણભાઈ વાઘેલા,વિપુલભાઈ પટેલ ,પ્રકાશભાઈ પટેલ (મહુવા),તુલસી પડવી (નિઝર),મીરામજીભાઈ ગામિત,નિલેશભાઈ પટેલ (વાલોડ),ભરતભાઈ વર્મા,સુરેશભાઈ વસાવા, અનિલભાઈ ચૌધરી,અરવિંદભાઈ ચૌધરી(વ્યારા) તેમજ સુરત અને તાપી જીલ્લાના તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખો અને અનેક સહકારી આગેવાનો હાજર રહ્યા હતા.

### પીકઅપ

છેલ્લા પાનાનું ચાલુ

અકસ્માગ્રસ્ત વાહનને હાઈવેથી સાઈડ કરી રહી હતી. તે દરમિયાન પુરઝડપે બેકાબૂ આવેલા ટ્રકે પોલીસ બોલેરો, NHAI વિભાગની ક્રેન તેમજ અકસ્માગ્રસ્ત પિકઅપ બોલેરોને લાઇનસર ઉડાડ્યા હતા અને બાદમાં સામેના ટ્રકમાં ઘૂસી એક ટ્રેલર સાથે ટ્રક અથડાઈ હતી. આમ કુલ ચાર વાહનોને અડફેટે લીધા હતા. અક્સ્માત સર્જી સ્થળ પર ટ્રક મુકી ચાલક ફરાર થયો હતો.

દુર્ઘટનામાં અકસ્માતગ્રસ્ત પિકઅપ બોલેરોના ચાલક રાધે ક્રિષ્ના પાંડેને ગંભીર ઈજાઓ થતાં તેનું મોત નીપજ્યું હતું. ઈજાગ્રસ્ત બે પોલીસકર્મી કિરણ સિંહ ઠાકોર અને શૈલેષભાઈ વસાવાને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

બેકાબૂ બનેલા ટ્રક નંબર (RJ-14-GN-5069)એ પૂરપાટ ઝડપે ચલાવીને અકસ્માત સર્જયો હતો. બેકાબૂ ટ્રકે અકસ્માતમાં ૪ વાહનોને અડફેટે લીધા હતા. જેમાં NHAIની પીકઅપ બોલેરો નંબર (GJ-19-X-2659), પોલીસની બોલરો નંબર (GJ-18-GB-6949) અને અકસ્માતગ્રસ્ત ક્રેન નંબર (GJ-19-AM-01973) અકસ્માતનો ભોગ બન્યા હતા.

ટ્રક ચાલક મુંબઈથી ટ્રકમાં મીઠું ભરી દિલ્હી જઈ રહ્યો હતો, ત્યારે આ અકસ્માત સર્જયો હતો. અકસ્માત સર્જ્યા બાદ ટ્રક ચાલક ફરાર થઇ ગયો છે. જોકે, પોલીસે ક્લીનરને ઝડપી લીધો હતો. પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદની તજવીજ હાથ ધરી છે.

### પૂર્વ કોર્પોરેટર

મથકમાં પૂર્વ કોર્પોરેટર પ્રકાશ દેસાઈ વિરુદ્ધ ખંડણીની ફરિયાદ દાખલ કરવામાં આવતા હવે ઉધના પોલીસ તેનો લાજપોર જેલમાંથી કબજો મેળવવા માટે ટ્રાન્સફર વોરંટ કોર્ટમાં રજૂ કરી તેનો કબજો લઈને કોર્ટમાં રજૂ કરી પાંચ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. એવું ઉધના પોલીસ ઈન્સ્પેક્ટર ગોહિલે જણાવ્યું હતું.

### સુરત સહિત

છે. ભેજનું પ્રમાણ વધવા સાથે પવનની ગતિમાં થતી વધ-ઘટને કારણે એક બે દિવસના અંતરે સાંજ પડતા ગરમીથી આંશિક રાહત થઇ રહી છે.

### સોસાયટીના

માંગુકિયાએ હાજર રહી દલીલો કરી હતી. આ દાવો ચાલી જતા બદનક્ષી થાય તેવા કોઈ પુરાવા વાદીએ કોર્ટમાં રજૂ કર્યા ન હતા. આમ હર્ષદભાઈએ સોસાયટીના હોદ્દેદારો,સભ્યો વિરૂધ્ધ કરેલો દાવો પુરવાર કરવામાં સરેઆમ નિષ્ફળ નિવડ્તા કોર્ટે દાવો રદ કરી દીધો હતો.

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ કપિશ જયપ્રકાશ ઠાકોર હતું જે બદલીને નવુ નામ કપિશ જયપ્રકાશ રાજપુત રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

સહી/- કપિશ જયપ્રકાશ રાજપુત

સરનામું : 303-304, ભગવતી પ્રસાદ, આશીર્વાદ કુંજની સામે, રાજ રેસીડેન્સીની પાસે, અલથાણ-સુરત-૩૯૫૦૧૭

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

સોમવાર, તા.૨૧ એપ્રિલ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## કામરેજના નવાગામ પાસે વિચિત્ર અકસ્માત

# પીકઅપ પલ્ટી જતા ટ્રાફીક જામ ખાળવા પહોંચેલી પોલીસ પર બેકાબૂ ટ્રક ત્રાટકી

### ટ્રકે એક પછી એક ચાર વાહનોને અડફેટે લેતા એકનું મોત : બે પોલીસકર્મીઓ ગંભીર રીતે ઘાયલ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૨૧**

સુરતના કામરેજ વિસ્તારમાં એક ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. નવાગામ બ્રિજ પર એક પિકઅપ પલટી મારી ગઇ હતી. જેને લઈને ટ્રાફિકજામ થઇ જતાં સુરત જિલ્લા ટ્રાફિક પોલીસ અને NHAI વિભાગની ટીમ ટ્રાફિક હળવો કરાવતી હતી. આ દરમિયાન એક માંતેલા સાંઢની



માફક આવતા ટ્રકે ટ્રાફિક પોલીસની વાન, NHAIની બોલેરો, અકસ્માતગ્રસ્ત પિકઅપ અને ટ્રેલરને અડફેટે લીધાં હતાં. આ દુર્ઘટનામાં એકનું મોત થયું છે, જ્યારે બે પોલીસકર્મીઓને ગંભીર રીતે ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

સુરત જિલ્લા NHAI અને ટ્રાફિક પોલીસ ટીમ જ્યારે

અનુસંધાન પાના ૭ પર

# શ્રમજીવી પરિવારની અબુધ ૧૩ વર્ષિય કિશોરી પર કારમાં બળાત્કાર

### બાળકીને ચાર મહિનાનો ગર્ભ રહી જતા મામલો પ્રકાશમાં આવ્યો : બળાત્કારી યુવકનું પગેરું પોલીસે શોધી કાઢ્યું

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૨૧**

સારોલી વિસ્તારમાં રહેતી શ્રમજીવી પરિવારની ૧૩ વર્ષિય કિશોરીને પ્રેમ જાળમાં ફસાવી તેના બાલીશ અવસ્થાનો ગેરલાભ લઇ ૨૧ વર્ષિય હવસખોર યુવાને વિતેલા ૬ મહિનાં પહેલા કારમાં લઇ જઇ એકાંત જગ્યાએ દુષ્કર્મ ગુજાર્યું હતું. કિશોરીને ૪ મહિનાનો ગર્ભ રહી ગયો હોય આ સમગ્ર બનાવની જાણ પરિવારને થતા આરોપી વિરૂધ્ધ ગત રોજ સારોલી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. પોલીસની અલગ-અલગ ટીમો બનાવીને તપાસ કરવામાં આવી રહી છે. આરોપીનું પગેરૂ મળી ગયું હોય પોલીસ તેને ઝડપથી પકડી લાવી જેલ ભેગો કરી દેશે.

બનાવ અંગે સારોલી પોલીસ સ્ટેશનના પીઆઇ સંદીપ આર. વેકરીયાએ જમાવ્યું હતું કે, ગઇ તા.૨૯ નવેમ્બર ૨૦૨૪ના રોજ ધનતેરસ હોય સારોલી વિસ્તારમાં રહેતી ૧૩ વર્ષિય શ્રમજીવી પરિવારની કિશોરીને ૨૧ વર્ષિય સણીયા હેમાદ ગામની એક ઈન્ડસ્ટ્રીઝમાં રહેતો ૨૧ વર્ષિય પરિણીત આરોપી પ્રેમ સંબંધમાં પટાવી ફોસલાવીને કારમાં બેસાડી ગયો હતો. કિશોરીને સારા નરસાનો ખ્યાલ ન હોય તેને એકાંત જગ્યાએ લઇ જવાઇ હતી અને તેણી સાથે દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું.

કિશોરીને ચાર મહિનાનો ગર્ભ રહી જતા પરિવારજનોને આ અંગે જાણ થઇ હતી. પરિવારજનોએ ગઇકાલે પોલીસ મથકે જઇ સમગ્ર હકીકતો જણાવતા આ મામલે બળાત્કારનો ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપીને પકડવા માટે સારોલી પીઆઇ વેકરીયા દ્વારા પોલીસ ટીમો પણ રવાના કરી દેવામાં આવી છે.

# એસડીસીએના ચૂંટણી પરિણામો સંદર્ભે કાનુની લડતના સંકેત

### આગળ શું કરવું તે અંગે કાનૂની અભિપ્રાય લેવાઈ રહ્યો છે:યેશા શાહ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૨૧**

સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન ની ભલે ચૂંટણી અને તેના પરિણામો આવી ગયા અને ત્યારબાદ રીકાઉન્ટિંગ ની કરવામાં આવેલી માંગણી કમિશનર અને એડવોકેટ રમેશચંદ્ર .જી .શાહ એ "માન્ય નહીં" રાખીને તમામ અરજીઓ દફતરે કરી દીધી હતી. ત્યારબાદ હેમંત કોન્ટ્રાક્ટર ની પેનલના વિજય પામેલ યેશા કોન્ટ્રાક્ટર દ્વારા ચૂંટણી કમિશનર આર.જી. શાહને એક અરજી આપવામાં આવી હતી જેમાં જણાવ્યું હતું કે ચૂંટણી ની કાર્યવાહી સંપૂર્ણ પૂરી ન થાય ત્યાં સુધી સીસીટીવી ફૂટેજ સાચવી રાખવા અને મતપેટીઓ સીલ મારી સુરક્ષિત રાખવી.

યેશા કોન્ટ્રાક્ટર વધુમાં જણાવ્યું હતું કે, રીકાઉન્ટિંગ ની માંગણી માન્ય રાખવામાં આવી નથી અને તમામ અરજીઓ કરી દેવામાં આવી છે ત્યારે આગળ પર કાયદેસરની કાનૂની કાર્યવાહી શું કરી શકાય તે માટે નિષ્ણાત એડવોકેટ ના ઓપિનિયન અને એડવાઈઝ લેવામાં આવી રહી છે.

# પૂર્વ કોર્પોરેટર પ્રકાશ દેસાઈના રિમાન્ડની માગણી કોર્ટે ફગાવી

### આરોપીને જ્યુડીસીએલ કસ્ટડીમાં મોકલવા અદાલતનો આદેશ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૨૧**

ઉધના વિસ્તારના પૂર્વ કોર્પોરેટર અને હાલમાં લાજપોર જેલમાં રહેલા પ્રકાશ દેસાઈ સામે એક પછી એક ખંડણીની પોલીસ ફરિયાદો નોંધાતી જાય છે ત્યારે ઉધના પોલીસ મથકમાં નોંધાયેલી ત્રીજી ફરિયાદમાં ઉધના પોલીસે કોર્ટમાં ટ્રાન્સફર વોરંટ દ્વારા પ્રકાશ દેસાઈ નો કબજો મેળવ્યા બાદ તેને કોર્ટમાં રજૂ કરી પાંચ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. રિમાન્ડ અરજીની સુનાવણી બાદ અદાલતે રિમાન્ડ અરજી ના મંજૂર કરી આરોપી પ્રકાશ દેસાઈને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો એવું ઉધના પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર ગોહિલે જણાવ્યું હતું.

આ કેસની ટૂંક વિગતો એવી છે કે, ઉધના લિયો ક્લાસના સંચાલકના પુત્ર પાંસે ખંડણી માંગી ? ૩ લાખ લેતા રંગે હાથ ઝડપાયેલા માજી કોર્પોરેટર પ્રકાશ દેસાઈ વિરુદ્ધ ખંડણીની ત્રીજી ફરિયાદ ઉધના પોલીસ મથકમાં ૧૨ વર્ષ બાદ નોંધાઈ છે. અડાજન ગ્રીન ટેરેસ માં રહેતા અને લિયો ક્લાસના સંચાલક ૫૮ વર્ષીય જયસુખભાઈ પરસોત્તમભાઈ કથીરિયા વર્ષ ૨૦૧૩માં ઉધના રોડ નંબર બે ખાતે તેમની સનગ્રેસ સ્કુલના બિલ્ડીગમાં ત્રીજા અને ચોથા માળનું બાંધકામ કરાવતા હતા ત્યારે પૂર્વ કોર્પોરેટર પ્રકાશ દેસાઈ અને તેમના બે સાગરીયો અવધેશ દાઢી અને લાલુએ મહાનગરપાલિકામાં અરજી કરી બાંધકામ અટકાવી દીધું હતું .આ અંગે જયસુખભાઈ પ્રકાશભાઈ ને પૂછવા ગયા ત્યારે તેમને ગાળા ગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી પાછળથી રૂપિયા એક લાખ ખંડણી પેટે પડાવી લીધા હતા. ઉધના પોલીસ

અનુસંધાન પાના ૭ પર

# ચેક રિટર્ન કેસમાં જીજ્ઞેશ ગૌદાણીને એક વર્ષની સજા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૨૧**

આ કેસની વિગત અનુસાર સરથાણા જકાતનાકા સમ્રાટ રો-હાઉસમાં રહેતા મહેશ મનુભાઇ કીકાણીએ તેમના મિત્ર હસ્તક સંપર્કમાં આવેલા જીજ્ઞેશ જયસુખ ગૌદાણી રહે. પુણાગામ યોગીનગરને સને ૨૦૨૨માં પ્રોમીસરી નોટ લઈ રૂ.૫ લાખની આર્થિક મદદ કરી હતી. હાથ ઉછીની આ રકમ પરત કરવા ચેક લખી આપ્યા હતા. જે ચેક રિટર્ન થયા હતા. ચેક રિટર્ન થવા બાબતે મહેશ કીકાણીએ એડવોકેટ યોગેશ કે.જોગાણી મારફતે જીજ્ઞેશ ગૌદાણી સામે કોર્ટમાં કેસ કર્યો હતો. આ કેસ કોર્ટમાં ચાલી જતા ફરીયાદ પક્ષે હાજર રહેલા એડવોકેટ યોગેશ જોગાણીએ નિ:શંકપણે પુરવાર કર્યું હતું કે, ફરીયાદી મહેશ કિકાણીની આરોપી જિજ્ઞેશ સાથે પ્રફુલ તોગડીયા મારફતે ઓળખાણ થઇ હતી અને ફરીયાદીએ જિજ્ઞેશને રૂ.૫ લાખ આપ્યા હતા. જેની ચુકવણી પેટે આપેલા ચેક રિટર્ન થયા હતા. કોર્ટે બંને પક્ષની દલીલો બાદ આરોપી જિજ્ઞેશ ગૌદાણીને ચેક રીટર્નના કેસમાં ૧ વર્ષની સજા અને રિટર્ન થયેલા ચેકની રકમ ફરીયાદીને વળતર તરીકે ચુકવી દેવા હુકમ કર્યો હતો.

# ચેક રિટર્ન કેસમાં સુદીપ ડેને એક વર્ષની સાદી કેદની સજા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૨૧**

સુરતના ડી.પી.સિલ્ક મિલ્સમાંથી કાપડ ખરીદી ચુકવણી પેટે આપેલા રૂ.૭ લાખના ચેક રિટર્ન કેસમાં કલકત્તાના વેપારી સુદિપ ડે ને કોર્ટે ૧ વર્ષની સાદી કેદની સજા અને ચેકની બમણી રકમ ચુકવવા આદેશ કર્યો હતો.આ કેસની વિગત એવી છે કે, ભટાર રોડ સાકૃતિ એપાર્ટ.માં રહેતા ધરમપાલ ફતેહચંદ નંદવાણી મિલેનીયમ માર્કેટમાં ડી.પી.સિલ્કના નામે ધંધો કરે છે. ધમરપાલ પાસેથી કલકત્તા સંતોષપુરના શાંતિનગર ખાતે રહેતા અને બારતલ્લા એસી માર્કેટમાં મા ?દ?ક્ષિણેશ્વરીના નામે ધંધો કરતા સંદિપ ડે અને પાંડેસરા ખાતે રહેતા મીલ્ટન ઉર્ફે પપ્પુ સુરેશ ડે અને તેની પત્ની રૂપા ઉર્ફે એકતા મીલ્ટન ડેએ કાપડનો માલ ખરીધ્યો હતો. તે માલના પેમેન્ટની ચુકવણી પેટે ધરમપાલ નંદવાણીને રૂ.૭ લાખના ચેક સંદિપ ડેએ લખી આપ્યા હતા. જે ચેક રિટર્ન થતા સંદિપ ડે સામે ચેક રિટર્નની ફરિયાદ થઈ હતી. કોર્ટે સંદિપ ડેને કસુરવાર ઠેરવી ૧ વર્ષની સાદી કેદની સજા કરી હતી. ફરિયાદી તરફે વકીલ રાકેશ મૈસુરિયા, નૈતિક ચૌહાણ અને નિસર્ગ દેસાઈ હાજર રહ્યા હતા.

# લોક રક્ષક જવાનને હેલ્મેટ વગરના બાઈક સવારે રસ્તા પર ઢસડ્યો

### ફુલસ્પીડમાં બાઈક દોડાવાતા અકસ્માતમાં લોકરક્ષક ઘાયલ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૨૧**

અશ્વિનીકુમાર રોડ ગૌશાળા પાસે ટ્રાફીકનું નિયમ કરાવવા સાથે ફરજ ઉપર હાજર લોક રક્ષકે એક વાહન ચાલકે હેલ્મેટ ન પહેર્યું હોય તેના ફોટા પાડવા જતા વાહન ચાલકે વાહન સ્પીડમાં હંકારી કાઢ્યું હતું જેથી લોક રક્ષક રસ્તા ઉપર ઢસડાતા તેને ઈજા પહોંચી હતી. આ મામલે વરાછા પોલીસ દ્વારા રાજ્યસેવકની ફરજમાં રૂકાવટનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર વેલંજા ઘલુડી પોલીસ હેડ ક્વાર્ટર પાસે પીનલ સોસાયટીમાં રહેતા હાર્દિક મનુભાઈ ભટ્ટ ઉ.વ.૨૮ લોક રક્ષક તરીકે ફરજ બજાવે છે. ગઈકાલે બપોરના સમયે હાર્દિક ભટ્ટ અશ્વિનીકુમાર રોડ ગૌશાળા પાસે ફરજમાં હતા તે સમયે બાઈક ચાલક શિવમ માધવજી નાવડીયા ઉ.વ.૨૨ જે સેલ્સમેનનું કામ કરતો હોય ગૌશાળા પાસેથી પસાર થતો હતો. શિવમે હેલ્મેટ પહેર્યું ન હોય તેને હાર્દિક ભટ્ટે અટકાવવાનો પ્રયાસ કરીને તેની બાઈકનું કેરીયર પકડ્યું હતું. જોકે શિવમે બાઈક હંકારી મુકી હતી જેથી હાર્દિક અડધે સુધી ઢસડાતા તેને પગમાં ઈજાઓ પહોંચી હતી.

# સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં આજથી ગરમીમાં વધારો થશે

### સાત દિવસમાં તાપમાન ક્રમશ: ૩૮ ડિગ્રીએ પહોંચી જશે

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૨૧**

શહેરમાં મહત્તમ તાપમાન મધ્યમ રહેવા સાથે હવામાન વિભાગની વધુ એક આગાહી આવી ગઈ છે. આજથી એક અઠવાડીયા સુધી સુરત સહિત સમગ્ર ગુજરાતમાં મહત્તમ તાપામનનો પારો ૨ થી ૩ ડિગ્રી સુધી પહોંચી શકે છે. મહત્તમ તાપમાન ૩૭ - ૩૮ ડિગ્રી ઉપર પહોંચવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે.

શહેરમાં તાપમાન ઓછુ હોવા છતાં કાળઝાળ ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. આજે સવારે ૧૦ થી ૧૧ વાગ્યા દરમિયાન જ મહત્તમ તાપમાનનો પારો ૩૨ ડિગ્રી સેલ્સિયસ ઉપર પહોંચી ગયો હતો. જોકે સાંજના સમયે પવનની ગતિ વધતા બે દિવસથી ઉકળાટ અને બફારાથી શહેરીજનોને થોડી ઘણી રાહત અનુભવાઈ રહી છે. બીજી તરફ હવામાન વિભાગની વધુ એક આગાહી મુજબ આજથી એક અઠવાડીયા સુધી તાપમાનનો પારો ૨ થી ૩ ડિગ્રી સુધી વધી શકે છે. ગરમીની વધુ એક લહેર ગુજરાત રાજ્યમાં જોવા મળશે. દર સિઝનમાં એપ્રિલ મહિનાના અંત ભાગમાં અને મે મહિનામાં કાળઝાળ ગરમી પડતી હોય છે ત્યારે પાછલા દિવસોમાં ૪૨ ડિગ્રી સુધી શહેરનું તાપમાન પહોંચવા સાથે થોડા દિવસથી મહત્તમ તાપમાનમાં ફરી ઘટાડો થયો

અનુસંધાન પાના ૭ પર



**સુરત નવી સિવિલમાં અમરનાથ યાત્રા માટે ફીટનેશ સર્ટીફીકેટ આપવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ દરમિયાન આજથી હજયાત્રા માટે હાજીઓને વેક્સિન આપવાની કામગીરી શરૂ કરી દેવાતા હિન્દુઓ અને મુસ્લિમ લોકો સવારથી જ સિવિલ હોસ્પિટલમાં મોટી સંખ્યામાં ઉમટી પડે છે.** (તસવીર : હનીફ મલેક)

# સુરત આવતી બસ ઊંઝા નજીક ટ્રેલર સાથે અથડાતા બેનાં મોત

### રાજસ્થાનથી સુરત આવતી લકઝરી બસના ૧૭ મુસાફરો ઘાયલ

**મહેસાણા, તા. ૨૧**

મહેસાણાના ઊંઝા નજીક ટ્રાવેલસ બસ અને ટ્રેલર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો જેમાં ૨ લોકોના મોત થયા છે,અને ૧૭ મુસાફરો ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે,આ અકસ્માતમાં બસના ચાલક અને એક મુસાફરનું મોત થયું છે,પોલીસે સમગ્ર ઘટનામાં અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથધરી છે.

મહેસાણાના ઊંઝા હાઈવે પર અકસ્માતમાં બે લોકોના મોત થયા છે,મળતી માહિતી પ્રમાણે ટ્રાવેલસ બસ ટ્રેલરની પાછળ ઘુસી જતા આ અકસ્માત થયો હોવાની વાત સામે આવી છે,તો આ ઘટનામાં ૧૭ મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર હેઠળ હોસ્પિટલ ખસેડયા છે,સિદ્ધપુર હાઈવે પર મક્તુપુર નજીક આ અકસ્માત સર્જાયો હોવાની વાત સામે આવી છે,રાજસ્થાનના બોલતરાથી બસ સુરત જઈ રહી હતી તે દરમિયાન આ ઘટના બની હોવાની વાત સામે આવી છે.

આ સમગ્ર ઘટનાની વાત કરવામાં આવે તો મોડી રાત્રે આ અકસ્માત સર્જાયો હતો અને હાઈવે પર આ ઘટના બનતા હાઈવેની પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી સાથે સાથે ઈજાગ્રસ્તોને એમ્બ્યુલન્સમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા,અકસ્માતમાં ઈજાગ્રસ્તોને ઊંઝા સારવાર બાદ વધુ સારવાર અર્થે મહેસાણા તેમજ ધારપુર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે,તો મૃતકોના મૃતદેહને પીએમ થયા બાદ પરિવારજનોને સોંપવામાં આવશે,પોલીસે મૃતકોના પરિવારજનોનો પણ સંપર્ક કર્યો છે.

## સોસાયટીના હોદ્દેદારો વિરૂદ્ધનો બદનક્ષીનો દાવો કોર્ટે રદ કર્યો

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૨૧**

મોટા વરાછાના વ્હાઈટ હાઉસ સોસાયટીના હોદ્દેદારો સામે થયેલો બદનક્ષીનો દાવો સુરત કોર્ટે રદ કરી દીધો હતો.

મોટા વરાછાના વ્હાઈટહાઉસ સોસાયટીના ફ્લેટ હોલ્ડર હર્ષદ ભીમજી ગોંડલીયાએ પોતાની સોસાયટી પ્રમુખ અલ્પેશ કિકાણીયા, ઉપ પ્રમુખ દિનેશ સેલડીયા સહિત ૭ ફ્લેટ હોલ્ડરો સામે માનહાનીનો દાવો કર્યો હતો. પ્રમુખ અને ઉપ પ્રમુખ સહિત ૭ હોલ્ડરોએ હર્ષધ ગોંડલીયાની બદનક્ષી થાય તેવા ભાષણો કર્યા હતા. જેથી હર્ષદ ગોંડલીયાએ માનહાનિનો દાવો કરી પ્રતિવાદીઓ પાસેથી વળતર મેળવવા પણ દાદ માગી હતી. આ કેસમાં પ્રતિવાદીઓ તરફે વકીલ નરેશ નાવડિયા, ભાવેશ નાવડિયા, સંદિપ

અનુસંધાન પાના ૭ પર

# આનંદ મહેલ રોડ પર ગેલ ટાયરના ફ્લેટમાં આગ લાગી

### ગેસ ગીજરમાં શોર્ટસર્કિટ થતા આગ ફાટી નિકળી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૨૧**

અડાજન આનંદ મહેલ રોડ પર આવેલ ગેલ ટાવર ના એક માળ ના ફ્લેટમાં રાખવામાં આવેલ ગીઝર માં શોર્ટ સર્કિટ થતા આગ લાગી હોવાનો બનાવો ફાયર બ્રિગેડ ના ચોપડે નોંધાયો હતો.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, અડાજન આનંદ મહેલ રોડ પર ગેલ ટાવર આવેલું છે. આ ગેલ ટાવરના નવમા માણેક પર રહેતા એક ફ્લેટ ધારક ના ફ્લેટમાં રાખવામાં આવેલ ગીઝરમાં આજે સવારે ૮:૩૦ વાગ્યાના અરસામાં શોર્ટ સર્કિટ થતા આગ લાગી હતી. આગના બનાવની જાણ ફાયર બ્રિગેડ કંટ્રોલ રૂમને કરવામાં આવતા અડાજન, પાલનપુર અને મોરાભાગલ ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર અને ફાયર જવાનોને ફાઈટર અને ટેન્કર સાથે ઘટના સ્થળે મોકલી આપવામાં આવ્યા હતા જ્યાં તેઓએ પાણીનો મારો ચલાવીને આગને બુજાવી નાખીએ. આગને કારણે ગીઝર મશીન અને વાયરીંગ બળીને રાખ થઈ ગયું હતું.

## કીમ માંડવી રોડ પર વાહનની અડફેટે બુલેટ ચાલકનું મોત

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૨૧**

અરેઠ ગામના કીમ માંડવી રોડ પર કોઈ અજાણ્યા વાહન ચાલકે બુલેટને ટક્કર મારતા બુલેટ ચાલકનું મૃત્યુ થયું હતું આ બનાવ સંદર્ભે અરેઠ ગામમાં રહેતા વિનેશભાઈ ઝહીરભાઈ ચૌધરીએ માંડવી પોલીસ સ્ટેશનને ફરિયાદ નોંધાવી હતી ફરિયાદીના માસી નો દીકરો હસલકુમાર અમૃતભાઈ ચૌધરી પોતાની બુલેટ ઉપર કીમ માંડવી રોડ ઉપરથી પસાર થતા હતા ત્યારે કોઈ અજાણ્યા વાહન ચાલકે બુલેટ ને ટક્કર મારતા હસલકુમારને માથાના ભાગે અને છાતીના ભાગે ગંભીર ઈજા થતાં મૃત્યુ નીપજ્યું હતું બનાવ અંગે માંડવી પોલીસે ગુનો દાખલ કર્યો હતો

# કોસાડી ગામ નદીમાંથી રેતીની ચોરી અંગે ચાર વિરૂદ્ધ ફરિયાદ

### સુરતના ભુસ્તર અને ખનીજ વિભાગ દ્વારા ખનીજ ચોરી અંગે કાર્યવાહી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા. ૨૧**

માંડવીના કોસાડી ગામમાં નદીમાંથી રેતી ખનન કરનારા ચાર ખનીજ ચોરો સામે માંડવી પોલીસ સ્ટેશનને ફરિયાદ નોંધાય હતી. આ ચારેય આરોપીઓ ગામની નદીમાંથી રેતી ખનન કરી ચોરી કરતા હોવાનું તપાસમાં બહાર આવતા આખરે આ ચારેય્આરોપી વિરુદ્ધ માઈલ્સ એન્ડ મિનરલ્સ એકટ મુજબ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

માંડવી પોલીસના જણાવ્યા મુજબ માનવી તાલુકાના કોસાડી ગામે રહેતા હસમુખભાઈ ડાયાભાઈ પટેલ, રાજુભાઈ ગાડા ચૌધરી, કેવિન અર્જુનભાઈ પટેલ રેતી ચોરી કરતા હોવાનું જણાઈ આવેલ જેથી સદર કેસમાં અધિકારીઓની સૂચનાથી ખનીજ ભૂસ્તર વિજ્ઞાન સુરત શાખાના ડીએન પ્રજાપતિએ આ તમામ આરોપી વિરુદ્ધ માંડવી પોલીસ સ્ટેશનને ફરિયાદ નોંધાવી હતી આ ફરિયાદમાં જણાવ્યું હતું કે ઉપરોક્ત આરોપીઓ સરકારશ્રીને તિજોરી ને નુકસાન કરતા હોય ખનીજ ચોરી અંગે સત્તાવાર ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.